રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



Photo courtesy : Mala Mukherjee

## આમી તોમાર બોન્ધુ - સૌમિત્રો ચેટર્જીને વંદન !

વર્ષ: ૭૪ અંક : ૦૫ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૦

# વ્હાલા દર્શકદાદાના જન્મદિવસે થોડુંક પ્રાસંગિક...
























# કોડિયું

વર્ષ : ૭૪ ડિસેમ્બર : ૨૦૨૦ અંક : ૦૫

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **અલવિદા, સૌમિત્રો ચેટર્જી!**<br>મેહુલ દેવકલા | ...૧૮૨ |
| ૦૨ | **દેશનો પોતાની સામેનો જ દેશ-દ્રોહ!**<br>વિશાલ ભાદાણી | ...૧૮૪ |
| ૦૩ | **કુદરતની શ્રેષ્ઠતમ રચના કઈ?**<br>નિધિ પનારા | ...૧૮૭ |
| ૦૪ | **બી... નચિકેતા**<br>આનંદ ઠાકર | ...૧૮૯ |
| ૦૫ | **આપણી, ખેડૂતોની ''દોડ'' ખોટી નહીં – ''દિશા'' ખોટી છે !**<br>હીરજી ભીંગરાડિયા | ...૧૯૧ |
| ૦૬ | **હું યુદ્ધ !**<br>પ્રકાશ નાકરાણી | ...૧૯૪ |
| ૦૭ | **કલાકાર હિંમત શાહ મારી નજરે**<br>સત્ય મુનિ | ...૧૯૭ |
| ૦૮ | **જ્ઞાનેશ્વર યેવાત્કરઃ પેડલિંગ ફોર પીસનો યુવા ગાંધી-સૈનિક**<br>કોડિયું ટીમ | ...૨૦૦ |
| ૦૯ | **નરવી ટેક્નૉલૉજીના માણસ : શ્રી છેલભાઈ શુક્લ**<br>હસમુખ દેવમુરારિ | ...૨૦૨ |
| ૧૦ | **ટનકપુર-પૂર્ણાગિરિ**<br>ભાણદેવજી | ...૨૦૮ |
| ૧૧ | **અમે પામ્યા બુદ્ધત્વને!**<br>અરુણ દવે | ...૨૧૦ |
| ૧૨ | **મોહનિયાનું પ્રાયશ્ચિત**<br>વિષ્ણુ એમ. પ્રજાપતિ | ...૨૧૪ |
| ૧૩ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૨૧૭ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Acc No. 56016001739, IFSC Code : SBIN0060016
Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

**◆ લવાજમ ◆**
વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## તંત્રી સ્થાનેથી...

### અહિંસક લોકશાહી તરફ...

જેમ કોઈ ઝખમી માણસ લંગડાતો-લંગડાતો માંડ-માંડ ઘેર પહોંચે અને ઘરના ઉંબરે આવીને વળી પડી જાય એવું કંઈક વર્ષ ૨૦૨૦નું થતું હોય એવું લાગે છે. આમ જુઓને, માર્ચ મહિનાથી કોરોનાની અનેક થાપટો ખાતા-ખાતા આ વર્ષ છેવાડે પહોંચ્યું ત્યાં હજુ વધુ એક સંક્રમણ થવા લાગ્યું, તો બીજી બાજુ કૃષિ કાનૂનનો વિરોધ કરતું ખેડૂત આંદોલન. લોકશાહીમાં દરેકને પોતાની વાત કરવાનું અને જરૂર લાગે ત્યાં વિરોધ કરવાનું સ્વાતંત્ર્ય છે અને હોવું જ જોઈએ. સરકાર, પછી ગમે તે પક્ષની હોય, જે નક્કી કરે એ સામાન્ય માણસના હિતના ભોગે થતું હોય તો તેનો વિરોધ કરીને લોકશાહીની મશાલને ઊંચી રાખવી ઘટે. છેલ્લા બે દાયકાના દસ મોટા આંદોલનોની યાદી બનાવીએ અને અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે એમાં વિરોધ કરનારાઓ અને તેમને રોકનાર સરકારી તંત્ર દ્વારા જે હિંસા આચરવામાં આવે છે એ ના તો લોકશાહી માટે યોગ્ય છે કે ન તો સર્વોદય સમાજ માટે. કોઈપણ વિરોધ પક્ષે દરેક પ્રશ્ને સમજ્યા વગર વિરોધ જ કરવો એ પણ યોગ્ય નથી. અંતે સરકાર કોઈ વ્યક્તિ કે પક્ષ આધારે નહીં પણ વિચાર, સંવિધાન, યોગ્યતા અને લોકહિતના આધારે ચાલવી જોઈએ.

આંદોલનકારીઓ દ્વારા જાહેર સંપત્તિને થતું નુકસાન કે સામાન્ય માણસને સહન કરવી પડતી હાલાકી કે પછી એમનું દમન કરવા માટે આંસુ-ગોળાઓ કે લાઠીચાર્જ એ બંને આપણી કથળી રહેલી લોકશાહીની ચાડી ખાય છે. જે સમાજ પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે સંવાદને બદલે હિંસાનો સહારો લેવા માંડે છે, એ ધીમે ધીમે એનાથી ટેવાય જાય છે. ટેવ આગળ જતા સ્વભાવ બને છે. શું આપણે એવો સમાજ ઇચ્છીએ છીએ કે જેનો સ્વભાવ હિંસા હોય? એ પણ એ દેશમાં જેણે દુનિયાને અહિંસાના પાઠ ભણાવ્યા છે. આપણે ક્યાં નિષ્ફળ ગયા? ખૂબ નિરાંતે અને ગંભીરતાથી વિચારતા એવું સ્પષ્ટ દેખાય છે કે આપણે આપણી શાળાઓ અને કૉલેજોમાં 'અહિંસા' અને 'લોકશાહી'નું વ્યાકરણ યોગ્ય સમયે અને યોગ્ય રીતે ભણાવવાનું ચૂકી ગયા. આ વાત એટલા માટે પણ મહત્ત્વની છે કે અત્યારે જે બાળકો પ્રાથમિક કે માધ્યમિક કક્ષાએ ભણી રહ્યા છે એ બાળકો એમના જ વડીલોને હિંસાનો ઉપયોગ કરીને પોતાનો માર્ગ કાઢતા જુએ છે. વળી, સરકાર પણ હિંસાનો ઉપયોગ કરીને પોતાની વાત સમજાવે છે. શું આપણે એમની સામે ઉત્તમ નમૂનો પૂરો પાડીએ છીએ? લોકશાહી એ આપણને અનેક લોકોના બલિદાન પછી વારસામાં મળેલી અમૂલ્ય મૂડી છે. આપણે એનું જતન તો કરવાનું છે પણ સાથોસાથ એને વધુ બળવત્તર બનાવવાની છે.

આ કામ કોણ કરી શકે? આપણા શિક્ષકો. લોકશાહીની રસી વર્ગખંડોમાં નિયમિત પવાવી જોઈએ! શિક્ષકોએ પરોક્ષ રીતે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનાં મૂલ્યોને બાળકો સામે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા રજૂ કરવાનાં છે, જેમાં 'ડીબેટ' (સ્વસ્થ, પ્રબુદ્ધ, રચનાત્મક અને ઊર્ધ્વગામી ચર્ચા) ખૂબ મોટો ભાગ ભજવે છે. ચાલો, બાળકોને સમીક્ષાત્મક રીતે કેમ વિચારાય એ શીખવાડીએ, વિરોધ કરવાની અહિંસક અને રચનાત્મક પદ્ધતિઓ શીખવાડીએ અને જો આપણા હાથમાં સત્તા હોય તો આપણાથી ક્યારેય હિંસા ન થાય એવાં જીવન-મૂલ્યો આપણાં પોતાનાં ઉદાહરણો દ્વારા શીખવીએ. આપણા વિશ્વવિદ્યાલયો મુક્ત રીતે, તટસ્થ રીતે અને વૈજ્ઞાનિક અભિગમો દ્વારા સમાજ જીવનના પ્રશ્નોની ચર્ચા કરે; એમ અહિંસક લોકશાહી બનાવવાની દિશામાં આપણે સૌ જોડાઈએ. જો પાંદડે પાણી પાવાનું બંધ કરીને મૂળિયે પાણી પાશું તો જ સમાજ વૃક્ષ લીલુંછમ રહેશે.

— [signature]

## અલવિદા, સૌમિત્રો ચેટર્જી!
## મેહુલ દેવકલા

---

સૌમિત્રો ચેટર્જીની જગવિખ્યાત ઓળખ એ અભિનેતા તરીકેની કે જેમણે મહાન ફિલ્મકાર સત્યજીત રેની ૧૪ ફિલ્મોમાં અભિનય આપ્યો હતો. સૌમિત્ર દાની આ એક ખૂબ જ મહત્ત્વની ઓળખ ખરી પણ એકમાત્ર નહિ! તેઓ એક સફળ નાટ્યકાર, રંગકર્મી, ચિત્રકાર અને કવિ પણ હતા.

બિનબંગાળી પ્રજાને કદાચ એ જાણીને અચરજ થાય કે આવા સક્ષમ અને સફળ અભિનેતાએ એક-બે નહિ પણ બાર કાવ્યસંગ્રહો આપ્યા હતા. એમનાં કાવ્યપઠનના ટિકિટ-શો હાઉસફૂલ રહેતા હતા. એમણે આજીવન બંગાળને જ પોતાની કર્મભૂમિ બનાવી અને બંગાળે પણ પોતાના આ પનોતા પુત્રને અઢળક પ્રેમ આપ્યો. નવસર્જનની ભૂમિ બંગાળ અને બંગાળની પ્રજાને સમજવાં હોય તો સૌમિત્રો ચેટર્જીને જાણવા પડે. તેઓ જાણે કે પોતાનામાં જ એક હરતું-ફરતું બંગાળ હતા. એમણે ક્યારેય પૈસા અને પ્રસિદ્ધિ માટે મુંબઈ ફિલ્મનગરી તરફ જવાનું વિચાર્યું નહિ. એમણે એક સાક્ષાત્કારમાં જણાવ્યું હતું કે સત્યજીત રેની ફિલ્મોએ એમને જે વૈશ્વિક પ્રસિદ્ધિ અપાવી હતી એ ઘણી હતી.

૧૯મી જાન્યુઆરી ૧૯૩૫ના રોજ જન્મેલા સૌમિત્ર દાને પિતા તરફથી અભિનયની અને માતા તરફથી સાહિત્યની રુચિ કેળવાઈ હતી. બંગાળી સાહિત્યમાં અનુસ્નાતક થયા બાદ એમણે થોડા સમય માટે ઑલ ઇન્ડિયા રેડિયોમાં ઉદ્ઘોષક તરીકે પણ સેવાઓ આપી હતી. એમના પ્રિય નાટ્યકાર શિશિર ભાદુરીનું એક નાટક જોઈને યુવાન સૌમિત્રોને અભિનેતા બનવાની પ્રેરણા જાગી. એમણે નાટકોમાં અભિનય કરવા માંડ્યો. એ સમયે સત્યજીત રે પોતાની અપ્પુ ટ્રિલજીની બીજી ફિલ્મ 'અપરાજિતો' માટે મુખ્ય પાત્રની શોધમા હતા. સૌમિત્રોએ એ પાત્ર માટે પ્રયત્ન કર્યો પરંતુ રેને તેઓ એ પાત્ર માટે વધારે પડતા ઊંચા અને પરિપક્વ લાગ્યા. ખેર, 'અપરાજિતો' સૌમિત્રોને ના મળી, પરંતુ અપ્પુ ટ્રિલજીની છેલ્લી ફિલ્મ 'અપુર સંસાર'માં પરિપક્વ 'અપ્પુ'ના પાત્ર માટે માણિક દાએ (સત્યજીત રેનું હુલામણું નામ) સૌમિત્રો પર પસંદગી ઉતારી. 'અપુર સંસાર'થી શરૂ થયેલી અભિનેતા-ફિલ્મકાર જોડીની આ સફર વિશ્વ સિનેમાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાવાની હતી.

૧૯૫૯માં રજૂ થયેલી ફિલ્મ 'અપુર સંસાર' આજે છ દાયકા પછી પણ એક ક્લાસિક ફિલ્મ ગણાય છે. અપુર સંસારથી સત્યજીત રેને પોતાનો નાયક મળી ગયો. સૌમિત્ર ચેટર્જીની જેમ શર્મિલા ટેગોરની પણ આ પ્રથમ ફિલ્મ હતી. એ સમયે સૌમિત્રો ત્રેવીસના જ્યારે શર્મિલા માત્ર તેર વર્ષનાં હતાં. એમણે ભજવેલાં 'અપ્પુ' અને 'અપર્ણા'નાં પાત્રોએ બંગાળને ઘેલું કર્યું હતું. આ ફિલ્મની કથામાં બાળકને જન્મ આપતાં અપર્ણા મૃત્યુ પામે છે અને ભગ્ન-હૃદય સાથે નાયક 'અપ્પુ' નવજાત બાળક 'કાજલ'ને એનાં દાદા-દાદી સાથે ગામડે છોડી શહેર તરફ પ્રયાણ કરે છે. પાંચેક વર્ષ પછી અનિવાર્ય કારણસર 'અપ્પુ' ગામડે આવે છે. પરત ફરતાં સમયે ગામના પાદરે 'કાજલ' જ્યારે પૂછે છે કે, ''તમે કોણ છો? મારા પિતા કોલકાતા શહેરમાં રહે છે, મારે શહેર જઈને મારા પિતાને મળવું છે.'' અપ્પુની વિષાદથી ભરેલી આંખોમાં ચમક આવી જાય છે. પળવાર થોભીને એ જવાબ આપે છે કે, ''આમી તોમાર બોન્ધુ!'' (હું તારો મિત્ર છું.) બાળક દોડીને અપ્પુનાં ખભે બેસી જાય છે અને કોલકાતાની વાટ પકડે છે. નવા જીવનની દિશામાં નવા બોન્ધુ (મિત્ર) સાથે 'અપુર સંસાર'નું આ અંતિમ દૃશ્ય સિનેમાના ઇતિહાસમાં બેનમૂન ગણાય છે. આ દૃશ્ય સૌમિત્રો ચેટર્જીના ભાવવાહી અને સંવેદનશીલ અભિનયથી જીવંત બની જાય છે. 'અપુર સંસાર' વિશ્વ સિનેમા ઇતિહાસની એક સિમાચિહ્નરૂપ ફિલ્મ છે.

રવીન્દ્રનાથ ટેગોરની વાર્તા પરથી બનેલી ફિલ્મ

'ચારુલતા'માં 'અમલ'ના પાત્રમાં એક તરવરતા યુવાન કવિ અને 'ચારુલતા'ના પ્રેમાળ મિત્ર તરીકેનો સૌમિત્ર દાનો અભિનય હજુ આજે પણ તરોતાજા લાગે છે. માણિક દાની બીજી બે સસ્પેન્સ ફિલ્મો 'સોનાર કેલા' અને 'જોય બાબા ફેલુનાથ'ના ડિટેક્ટિવ ફેલુદાનાં પાત્રએ સૌમિત્રોને બાળકો તેમ જ યુવાનોના હૃદયમાં કાયમી સ્થાપિત કરી દીધા. માણિક દા સિવાયના બીજા બંગાળી ફિલ્મકારો માટે પણ સૌમિત્ર દા ગમતીલા અભિનેતા હતા. મૃણાલ સેનની 'આકાશ કુસુમ' અને તપન સિન્હાની 'ક્ષુધિતા પાષાણ' યાદગાર ફિલ્મો રહી. સૌમિત્ર દાએ પોતાના સમયના બહુ દિગ્ગજ અભિનેતા ઉત્તમકુમાર સામે પ્રતિનાયકની ભૂમિકા પડકારરૂપે લઈ બખૂબી નિભાવી હતી. તપન સિન્હાની 'જીન્દેર બંદી' નામની એ ફિલ્મમાં 'મયૂર વહન' નામનું નકારાત્મક પાત્ર સૌમિત્ર દાના અભિનયની અજાણી બાજુ પણ દર્શકોને બતાવી આપે છે. ૬૦ વર્ષની અભિનય કારકીર્દિમાં એમણે કંઈ કેટલાય યાદગાર પાત્રો ભજવ્યાં. એના વિશે લખવા જતાં પુસ્તકો ભરાઈ જાય. ફિલ્મો બહાર તખ્તા પર પણ એમનાં 'કિંગ લિયર' અને બીજાં એવા ઘણાં પાત્રોએ બંગાળી પ્રજાનાં માનસ પર અમીટ છાપ છોડી. માત્ર નાટકોમાં અભિનય જ નહિ એમણે ઉત્તમ નાટકો લખ્યાં અને દિગ્દર્શન પણ કર્યું. ૨૦૦૪માં પદ્મભૂષણ અને ૨૦૧૧માં ભારતીય સિનેમાનાં સર્વોચ્ચ સન્માન 'દાદા સાહેબ ફાળકે' પુરસ્કારથી એમને નવાજવામાં આવ્યા. ૨૦૧૮માં ફ્રાન્સ દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'લિજન ઑવ ઑનર' પણ એમને મળ્યું. ઉંમરના આ તબક્કે, પંચાસી વર્ષે, પણ તેઓ માત્ર કાર્યરત નહિ 'ડિમાન્ડ'માં પણ હતા. યુવા દિગ્દર્શકો એમના માટે રોલ્સ લખતા હતા. બેએક વર્ષ પહેલાં આપણા સમયની જાણીતી અભિનેત્રી રાધિકા આપ્ટે સાથે પણ એક શોર્ટ ફિલ્મમાં તેઓ જોવા મળ્યા હતા. એક કલાકાર તરીકેની એમની રેન્જ ખૂબ વિશાળ હતી. ૨૦૧૯માં એમની લગભગ દસેક ફિલ્મો રજૂ થઈ હતી. આટઆટલી દોમદોમ લોકપ્રિયતા છતાં પણ સૌમિત્ર દા ઝાકમઝોળથી દૂર સામાન્ય જીવન જીવતા અને લોકોને સહજતાથી હળીમળી શકતા. એમનો આ જ ગુણ એમને એક મહાન કલાકારની સાથે એક મહાન વ્યક્તિ પણ બનાવે છે.

મારી એ ખુશનસીબી રહી કે એમના ૮૫મા જન્મદિવસના બે દિવસ અગાઉ જ ૧૭મી જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે કોલકાતા ખાતે એમની જોડે મુલાકાત અને ગોષ્ઠી કરવાનું બન્યું. એમણે મારી શોર્ટ ફિલ્મ 'કૌન સે બાપુ?' જોઈ અને એના વિશે પ્રશંસાના બે શબ્દો પણ કહ્યા. મારી ફિલ્મમાં સાબરમતી આશ્રમની ભીતરનાં દશ્યો જોઈને સૌમિત્ર દા બોલ્યા કે તેઓ જીવનમાં બે વાર અમદાવાદ આવ્યા હતા પરંતુ બંને વખતે આશ્રમને બહારથી જ જોઈ શક્યા હતા અને મારી ફિલ્મ દ્વારા તેમને આશ્રમને અંદરથી જોવાનો મોકો મળ્યો. એમણે મારી જોડે ગાંધી, ગુજરાત અને ટેગોર વિશે સહજભાવે ચર્ચા કરી. એમની સાથેની વાતચીતમાં એક સહજ બાળક જેવું વિસ્મય જણાતું હતું. એ બાળસહજ વિસ્મય મને આશ્ચર્યચકિત કરી ગયું. ગોરો વાન, છ ફૂટ ઊંચો બાંધો, ભરાવદાર કદ-કાઠી, છતાં પણ સામેવાળાને આંજી નાંખે કે પ્રભાવિત કરી દે એવું વ્યક્તિત્વ નહિ; પરંતુ હળવું સ્મિત, સૌમ્ય આંખો અને ઘેરો છતાં વિનમ્ર અવાજ તમને 'બોન્ધુ' ભાવે પોતાના કરી દે!

હજુ પણ માનવામાં નથી આવતું કે અમારી એ અંતિમ મુલાકાત હતી. કોરોના લોકડાઉન ઊઠ્યા પછી તમામ પ્રોટોકોલ સાથે સૌમિત્ર દા ઓગસ્ટ સુધી તો એમની બાયોપિક અને સપ્ટેમ્બરમાં એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ માટે શૂટિંગ કરતા હતા. એમનાં દીકરી જણાવે છે કે કોરોના સંક્રમણના કારણે તેઓ હૉસ્પિટલમાં દાખલ થયા એ પહેલાં એમણે રોજનીશીમાં છઠ્ઠી ઑક્ટોબરે છેલ્લી નોંધ કરી હતી. સતત ચાલીસ દિવસ સુધી આ બીમારી સાથે બાથ ભીડી પંદર નવેમ્બરના રોજ આ મહાન અભિનેતાએ અનંત તરફ પ્રયાણ કર્યું.

સૌમિત્રો ચેટર્જીના ચાલ્યા જવાથી બંગાળમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. માત્ર બંગાળે જ નહિ સમગ્ર ભારતે એક મહાન કલાકાર ગુમાવ્યો છે. એમની અંતિમ યાત્રામાં બાળકો, યુવાનો, વયોવૃદ્ધ પ્રશંસકો, કલાકારોથી લઈને રાજ્યના મુખ્યમંત્રી અને સમાજનાં દરેક સ્તરનાં લોકો પગપાળા, બંગાળ અને ભારતના આ મહાન સપૂતને આખરી અંજલિ આપવા ઊમટી પડ્યાં હતાં. સૌમિત્ર દાનું જીવન આવનારી ઘણી પેઢીઓને પ્રેરિત કરતું રહેશે. અમારી યાદોમાં તમે જીવંત રહેશો સૌમિત્ર દા! અલવિદા!

## દેશનો પોતાની સામેનો જ દેશ-દ્રોહ!

વિશાલ ભાદાણી
vishalvbhadani@gmail.com

Boston Consultancy Groupના અહેવાલ પ્રમાણે ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૫ કરોડ અને ૬૦ લાખ યુવાનો સરપ્લસ થશે તો તેની સામે દુનિયામાં વિવિધ કાર્યક્ષેત્રોમાં ૪ કરોડ ૭૦ લાખ યુવાનોની ઘટ પડવાની છે. આનો સીધો અર્થ એ થાય કે જો એ સમયે ભારતીય યુવાનો પાસે યોગ્ય કૌશલ્યો હશે તો તેમના માટે ઘણી ઊજળી તકો ઊભી થશે. વળી, Strategic and implementation framework for skill development in Indiaએ આ વાતને ટેકો આપતાં કહ્યું કે, 'આવનારા સમયમાં ૭૫% નોકરીઓ કૌશલ્ય-આધારિત જ હશે.' આ ઉપરાંત અન્ય બધા જ અહેવાલો મોટા અવાજે કહે છે કે ભારત એ વિશ્વનો સૌથી યુવા દેશ છે જેની ૬૨% વસતી ૩૫ વર્ષથી નીચેની છે અને ૨૦૪૦ સુધીમાં આપણને 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'નો લાભ મળશે. એટલે જ ટાટા સ્ટીલના મેનજર, સમાર્ક સ્વીને PAN-IIT કોન્ફરન્સમાં આ વાતને સુંદર રીતે મૂકી આપી છે. એણે સમજાવ્યું કે, 'પસંદગી મળે તો ૧૯મી સદીમાં માણસે અંગ્રેજ તરીકે જન્મ લેવાય, ૨૦મી સદીમાં માણસે અમેરિકન તરીકે અને હવે ૨૧મી સદીમાં માણસે ભારતીય તરીકે જન્મ લેવાય!' આનું કારણ પણ એ જ છે કે જ્યારે દુનિયાને સૌથી વધુ યુવાનોની જરૂર પડવાની છે ત્યારે એ યુવાધન ભારતમાંથી મળે એ સંયોગ કેટલાં હજાર વર્ષ પછી રચાતો હશે!

પણ એની સામે UNICEF કહે છે કે, '૨૦૩૦ સુધીમાં ભારતનાં ૫૦% યુવાનો પાસે ૨૧મી સદી માટે જરૂરી કૌશલ્યો નહીં હોય!' આ વિરોધાભાસ આપણને દેખાય છે? અથવા શું આપણે આ કડવી વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર છીએ કે ભારતના યુવાનો જ્ઞાન, કૌશલ્ય અને સામાન્ય-સમજણની દૃષ્ટિએ ખૂબ જ પાછળ છે. Annual Status of Education Report– (ASER) નામનો વાર્ષિક અહેવાલ તો એમ કહે છે કે ગ્રામીણ ભારતના ૫૦%થી વધુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું બુદ્ધિનું સ્તર પોતે જે ધોરણમાં અભ્યાસ કરે છે તેનાં કરતાં બે વર્ષ પાછળ છે. જુદા શબ્દોમાં કહીએ તો પાંચમા ધોરણના વિદ્યાર્થીની બૌદ્ધિક કક્ષા ત્રીજા ધોરણના વિદ્યાર્થી જેટલી જ છે! શહેરોની સ્થિતિ પણ આવી જ છે. આ બાળકો જયારે ઉચ્ચ શિક્ષણમાં પહોંચે છે ત્યારે સ્વાભાવિક રીતે જ એમનાથી કોઈ ક્રાંતિકારી સંશોધન થઈ શકતું નથી. સંશોધન તો પછીનો પ્રશ્ન છે પણ એ લોકો પોતાનો જીવન નિર્વાહ ચલાવી શકે એવી નોકરી મેળવવા માટે પણ અસમર્થ છે. Aspiring Minds અહેવાલ આપણી સામે અરીસો ધરતા આંકડાઓ આપે છે. '૭૫૦ કોલેજના ૧,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ પર થયેલ અભ્યાસ જણાવે છે કે ૯૨.૨% એન્જીનિયરિંગ પાસ થયેલા વિદ્યાથીઓ પાસે પાયાનું જ્ઞાન હોતું નથી. ૬૦% મેનેજમેન્ટ સ્નાતકોને એટલા માટે નોકરી નથી મળતી, કારણ કે તેમને સામાન્ય અંગ્રેજી આવડતું નથી.' આવું જ આપણા સાયન્સ, કોમર્સ, આર્ટ્સ કે અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનું પણ છે.

જે યુવાનો નોકરી પર લાગે છે, એમને કેવી તાલીમ (ઇન-સર્વિસ ટ્રેનિંગ) મળે છે તેના આધારે એ કંપની અને એ વ્યક્તિનો વિકાસ થાય છે. આપણે World Bank Enterprise Survey જોઈએ: ચીનમાં ૯૨.૪%, બ્રાઝિલમાં ૫૯.૧%, રશિયામાં ૫૭.૯ %, કોરિયામાં ૪૨.૩% કર્મચારીઓને ઇન-સર્વિસ ટ્રેનિંગ મળે છે. આની સરખામણીમાં ભારતમાં માત્ર ૧૫.૬% કર્મચારીઓને આવી તાલીમ મળે છે! તાલીમ વગરના લોકોના કામની ગુણવત્તા કેવી હોય છે એ સમજવું અઘરું નથી. આનો અર્થ એ થયો કે જેને સારું પ્રાથમિક શિક્ષણ નથી મળ્યું, સારું ઉચ્ચ શિક્ષણ મળ્યું નથી એને આગળ જતાં પણ વિકસવાની તક ખૂબ

નહીંવત્ છે. આ સમગ્ર બીમારીનું નામ છે સ્કીલ-ગેપ! એટલે કે જે વ્યાવસાયિક કૌશલ્યોની સમાજને જરૂર છે એવા તાલીમ પામેલા યુવાનોની સંખ્યા ખૂબ ઓછી છે. એની સામે આ બધાની જેને કશી જ ગતાગમ પડતી નથી એવા કરોડો યુવાનો બેકારી, ગરીબી, શોષણ, ભ્રષ્ટ્રાચાર, ગુનાહિત કૃત્યો કરવા ન પ્રેરાય તો જ નવાઈ!

ગુજરાતની પાંચેક સરકારી અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં અધ્યાપન કાર્ય દરમિયાન સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, શિક્ષણ, કાયદાશાસ્ત્ર, એન્જીનિયરિંગ, આર્કિટેક્ચર, મેનેજમેન્ટ, કમ્પ્યુટર સાયન્સ, સોશ્યલ વર્ક જેવી વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ સાથે કામ કરીને જે અનુભવ થયો છે તે આ પ્રમાણે છે:

(૧) વિદ્યાર્થીઓ સામે રોજ પાંચ-સાત નવાં પુસ્તકોની વાત કરી શકે એવા અધ્યાપકો લુપ્ત થવાની અણી પર છે.

(૨) કૉલેજ અને યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક પ્રક્રિયાઓના વિજ્ઞાનને (Andragogy) ધ્યાન લઈને અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો, લેબોરેટરી, લાઈબ્રેરી, પ્રોજેક્ટ, ઇન્ટર્નશીપ કે પરીક્ષાનું નિર્માણ થતું હોય એવું લાગતું નથી. શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા પ્રયોગો (અખતરાઓ)ની વૈજ્ઞાનિકતા ચકાસવામાં આવતી નથી; જેમ કે શું સેમેસ્ટર સિસ્ટમ દરેક વિદ્યાશાખાને એક સરખી રીતે લાગુ પડે? ચોઇસ બેઈઝ્ડ ક્રેડિટ સિસ્ટમમાં વિદ્યાર્થીઓને કેટલી ચોઇસ આપવામાં આવે છે?

(૩) ઉત્તમ અધ્યાપક પાસેથી ક્લેરિકલ અથવા તો ડેટાએન્ટ્રીનું કામ લેવામાં આવે છે.

(૪) યુજીસી કે યુનિવર્સિટીની ગાઇડલાઇન્સ સિવાય પોતાનું જ ૧૦ વર્ષનું આયોજન કર્યું હોય અને એ પ્રમાણે આગળ વધતી હોય એવી કૉલેજ મને મળી નથી.

(૫) સંશોધનને API/પ્રમોશન કે અન્ય ફરજિયાત ફ્રેમની બહાર વિચારવામાં આવતું નથી (દા.ત. દરેક વિદ્યાશાખામાં ઉત્તમ સંશોધન કરનારને આપણે કોન્વોકેશનમાં અલગ રીતે નવાજીએ છીએ?)

(૬) દેશની નામાંકિત ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ જેવી કે IIT, NIT, IIM, IISc, Central Universities વગેરેમાં ફેકલ્ટી શોર્ટેજ ઊંઘ ઊડાડી દેનારી છે, જેમાં ઘણીવાર તો ગુણવત્તાવાળા અધ્યાપકો મળતા નથી; એવાં કારણો પણ છે

(૭) ક્યા વ્યવસાયમાં આવનારા ૧૦-૨૦ વર્ષમાં કેટલા લોકોની જરૂર પડશે એના આધારે એવા અભ્યાસક્રમોમાં બેઠકો વધારવા—ઘટાડવાનું કોઈ કેન્દ્રીય આયોજન નથી.

(૮) વિદ્યાર્થીઓ સાથે વર્ગખંડમાં બૌદ્ધિક ચર્ચા થઈ શકતી નથી કેમ કે એ લોકો તો બે વર્ષ પાછળ ચાલે છે.

(૯) જેટલી મહેનત વિદ્યાર્થીઓને માત્ર પાસ કરવાની કરવામાં આવે છે એટલી ઉત્તમ વિદ્યાથીઓને વર્લ્ડ-ક્લાસ રીસર્ચ કરી શકે તેવું વાતાવરણ કે સુવિધા આપવામાં આવતી નથી – કેટલા સ્નાતક અભ્યાક્રમોમાં થીસિસ ફરજિયાત છે?

(૧૦) શિક્ષકોની કેટલી બધી ભરતીઓ રદ કરવી પડે એ હદનું આપણું બ્યુરોક્રેટીક માળખું બની ગયું છે?

(૧૧) સરકારી નોકરી માટેની ઘેલછામાં શ્રેષ્ઠ યુવાનોનું ટેલેન્ટ વેડફાય જાય છે અને એ કોઈ સામાન્ય સરકારી નોકરી મેળવીને સંતોષ મેળવે છે. ખરેખર તો ઉત્તમ ટેલેન્ટને દેશ ઓળખીને તેનો શ્રેષ્ઠ ઉપયોગ દેશના વિકાસ માટે ન કરી શકે તો એ ઘટના દેશનો પોતાની જ સામેનો દેશ-દ્રોહ છે!!!!

આવા વાતાવરણમાં આ દેશના યુવાનોએ આ દેશને એક વિકસિત દેશ બનાવવાનો છે. હું નિરાશાવાદી (Pessimist) નથી પણ એની સામે ખોટો આશાવાદી (Optimist) પણ નથી; હું શક્યતાવાદી (Possibilist) છું. ઉપરોક્ત ચિત્રમાંથી દેશના યુવાનોને બહાર લાવવાના અનેક રસ્તાઓ છે. શું શું થઈ શકે?

- આપણને બોર્ડની પરીક્ષાનું વળગણ છે, એ સત્યનો

લાભ લઈને ધોરણ ૧૦ અને ૧૨ના અભ્યાસક્રમમાં કૌશલ્ય-વર્ધન માટેનો એક અભ્યાસક્રમ ફરજિયાત કરીએ જે નવી શિક્ષણ નીતિમાં સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે. પ્રત્યેક હાઈસ્કૂલ અને કૉલેજે એક ગૃહ ઉદ્યોગ શરૂ કરવો જોઈએ અને એને સફળતાપૂર્વક ચલાવીને વિદ્યાર્થીને એક વ્યાવસાયિક નમૂનો પૂરો પાડવો જોઈએ.

● ભારત સરકારે 'સ્કીલ ઇન્ડિયા' અભિયાન શરૂ કર્યું છે જેનું ખૂબ સ્વાગત છે. આ અભિયાન પ્રમાણે વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારતના કુલ ૫ કરોડ યુવાનોને કૌશલ્યવાન બનાવવાના છે. અત્યારે ભારતમાં સ્નાતક કક્ષાના કુલ વિદ્યાથીઓમાંથી સૌથી વધુ આર્ટસ (૩૫.૯%) માં પ્રવેશ મેળવે છે, ત્યાર બાદ સાયન્સમાં (૧૬.૫%), કોમર્સમાં(૧૪.૧%) અને એન્જીનિયરિંગમાં (૧૩.૫%) દાખલ થાય છે. આને સંતુલિત કેમ કરવું તેના પર ચર્ચાઓ, સેમિનાર અને કોન્ફરન્સીસ થવી જોઈએ.

● આવડા મોટા દેશમાં માત્ર ૦.૫% વિદ્યાથીઓ Ph.D. કરે છે! દરેક સ્નાતકે ફરજિયાત સંશોધન-થીસિસ લખવો જોઈએ અને આ સંશોધન તેની આસપાસની કોઈ સમસ્યા પર હોવું જોઈએ.

● જે તે વિસ્તારની કોલેજ/યુનિવર્સિટીઓએ સ્થાનિક ઔદ્યોગિક એકમોને અભ્યાસક્રમ-નિર્માણ અને શૈક્ષણિક પ્રક્રિયામાં સઘન રીતે જોડવા જોઈએ. વિદ્યાથીઓ માત્ર ઔદ્યોગિક એકમોની મુલાકાત લે કે ત્યાં ઇન્ટર્નશીપ કરે એ પૂરતું નથી.

● દરેક વિદ્યાશાખાના દુનિયાભરનાં લેટેસ્ટ પુસ્તકો/વ્યાખ્યાનો યુવાનો સુધી માતૃભાષામાં અને રસપ્રદ માધ્યમ (અનિમેશન/મ્યુઝિક/ફિલ્મ) દ્વારા ઝડપથી પહોંચે એના માટે સરકારે દરેક યુનિવર્સિટીમાં એક નવો વિભાગ શરૂ કરવો જોઈએ.

● અવૈધિક શિક્ષણના વધુમાં વધુ એકમો શરૂ કરવા જોઈએ અને વિદ્યાર્થીઓ જે પણ રીતે શીખે તેને મુખ્ય પ્રવાહમાં કઈ રીતે માન્ય કરી શકાય તેવી વ્યસ્થાઓ ગોઠવવી જોઈએ. કોઈ ઔદ્યોગિક એકમ અથવા ગૃહ ઉદ્યોગ પણ ધારે તો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચલાવી શકે એવું લવચીક આપણું ઉચ્ચ શિક્ષણ હોવું જોઈએ.

● બેકાર યુવાનોનો ડીઝિટલ ડેટાબેઝ હોય જે ઓપન હોય અને જેમાંથી કોઈપણ એમ્પ્લોયર એમને પસંદ કરીને સીધા જ કામ પર રાખી શકે એવી સુવિધા હોવી જોઈએ.

● દરેક તાલુકાની ITI કૉલેજોમાં/સ્થાનિક કૉલેજોમાં કે પછી હાઈસ્કૂલોમાં પણ સામાન્ય માણસો માટે Upskillingના need-based કોર્સ હોવા જોઈએ. જેમ કે આપણે ત્યાં યુવાનો શું ભણશે તે શાળા/કોલેજમાં ઉપલબ્ધ કોર્સને આધારે નક્કી થાય છે. ગામડાંની કોઈ સ્કૂલમાં સાયન્સ કે કોમર્સ ન હોય અને માત્ર આર્ટ્સ હોય તો વિદ્યાર્થીઓને ફરજિયાત આર્ટ્સ ભણવું પડે. એવું કેમ ? આથી આગળ યુનિવર્સિટીમાં જે સ્પેશ્યલાઇઝેશન ઉપલબ્ધ હોય એ જ વિદ્યાર્થીએ ભણવું પડે છે એ બહારનું એ માગી ન શકે. (આ થોડું રોડ પરની સસ્તી હોટેલ છે, જ્યાં લખ્યું હોય 'હાજર હશે એ જ મળશે'!) ઉદાહરણ તરીકે, ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટીમાં પાંચ વિદ્યાર્થીઓ નક્કી કરે કે અમારે આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સ અને સિતારવાદન સાથે ભણવું છે તો એ યુનિવર્સિટીએ આવા નવા કોર્સની વ્યવસ્થા કરવાની. સિમ્પલ!

● વાચન, ઉત્તમ સંશોધન અને શ્રેષ્ઠ અભિવ્યક્તિ હોય એ જ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશે બાકી ફૂલ-ટાઈમ શેર-બઝારને લાભ આપે!

છેલ્લે, TIME મૅગેઝિને ૨૧મી સદીમાં વિદ્યાર્થીઓને કેવી રીતે તૈયાર કરવા એ વિષય પર જે કહ્યું છે અને જેમાં દેશના યુવાનોને કેવું શિક્ષણ આપવું જોઈએ એનું સૂચન પણ છે એ ટાંકીને અલ્પવિરામ મૂકીએ,

'This is a story about... whether an entire generation of kids will fail to make the grade in the global economy because they can't think their way through abstract problems, work in teams, distinguish good information from bad, or speak a language other than (their own).'

- How to Build a Student for the 21st Century, TIME

## ૦૩. વિજ્ઞાન અને ટેકનોલૉજી

### કુદરતની શ્રેષ્ઠતમ રચના કઈ?

**નિધિ પનારા**
nidhikpanara@gmail.com

રતન :- અમોલી! કુદરત તરફથી આપણને કેટલા અદભૂત વિશ્વમાં રહેવાની તક મળી છે, નહિ! આ વનસ્પતિજન્ય ખોરાક, વૈવિધ્યસભર જમીન, ઊર્જાસભર પાણી, અમૂલ્ય ખનીજો, પ્રાકૃતિક સૌંદર્ય ઉપરાંત કુદરતમાં ઘટતી આશ્ચર્યજનક ઘટનાઓ તો ખરી જ. આ વિશે તને શું લાગે છે? તારા મત અનુસાર કુદરતની શ્રેષ્ઠતમ રચના કઈ ગણાય?

અમોલી :-હા રતન, તેં જે પણ વસ્તુઓ ગણાવી તે બધી ખૂબ જ અણમોલ છે. માણસ તેનું સર્જન કરી શકતો નથી, માત્ર તેને ભોગવી શકે છે. કુદરત તરફથી મફત મળતી આ હવા, પાણી, ખનીજો, પ્રકાશ જેવી વસ્તુઓની કિંમત માણસ જ્યારે બીમાર પડે છે ને ત્યારે તેને સમજાય છે. તેમ છતાં જો તું મને પૂછતો હોય, તો હું કહી શકું કે કુદરતની શ્રેષ્ઠતમ રચના એ માણસ છે. માણસની શારીરિક, માનસિક, વ્યાવહારિક અને બૌદ્ધિક ક્ષમતાઓ અસીમિત છે જેની સંપૂર્ણ જાણ તો હજુ તેને પોતાને પણ નથી.

રતન :- માણસની રહેવાની ઢબ, તેનો ખોરાક, સંસ્કાર, વાણી, વર્તન, વ્યવહાર, કામકાજ અને જીવનની જરૂરિયાતો સમય સાથે બદલાતી આવી છે. તેમ છતાં તેની મૂળભૂત બનાવટ, વૈચારિક કૌશલ્ય અને કાર્યશૈલી પહેલેથી જેમની તેમ જ છે. મારા મનમાં ઘણા સમયથી એક પ્રશ્ન છે કે મારા પરિવારમાં પુરુષોને સમય સાથે વાળ ખરી જવાની સમસ્યા ચાલતી આવી છે. મારા પરદાદા પછી દાદા બાદમાં મારા પિતાને માથામાં ટાલછે તો શું મને પણ...?

અમોલી :-જો તારા પરિવારમાં બધા પુરુષોને આ સમસ્યા છે તો તને પણ ભવિષ્યમાં ટાલ પડવાની શક્યતાઓ ખૂબ વધારે રહેલી છે.

રતન :- બિલકુલ, મેં પણ કઈંક એવું જ સાંભળ્યું છે. તો ચોક્કસ રીતે તેનું કારણ શું હોય શકે?

અમોલી :- આ સમસ્યા આનુવંશિકતાના લીધે થતી હોય છે, જેમાં શારીરિક તમામ માહિતી એક પેઢીમાંથી બીજી પેઢીમાં જાય છે. જો કોઈ વ્યક્તિને કોઈ શારીરિક ખામી હોય તો તેની આગળની પેઢીના સંતાનોમાં પણ આ પ્રકારની ખામીઓ આવવાની મહત્તમ શક્યતાઓ રહેલી.

રતન :- આવું ક્યા આધારે થતું હોય છે? તું મને થોડું વિગતવાર સમજાવ.

અમોલી :- તો સાંભળ! પિતાનું વીર્ય અને માતાનાં અંડકોષ મળીને તેમાંથી બાળકનું ભ્રૂણ બને છે જે બાદમાં વિકાસ પામી બાળકનાં સ્વરૂપમાં જન્મ લે છે. કોઈપણ સજીવનો રચનાત્મક અને ક્રિયાત્મક એકમ કોષ છે, જેનાં વડે જ શરીરની તમામ ક્રિયાઓ થાય છે. કોષમાં ઘણા પ્રકારનાં ઘટકો રહેલા હોય છે જેમાંનો એક છે રંગસૂત્ર (ક્રોમોઝૉમ), જેનો આકાર x જેવો હોય છે. માણસનાં દરેક કોષમાં ૨૩ જોડી રંગસૂત્રો હોય છે. અર્થાત તેમની કુલસંખ્યા ૪૬ નંગ હોય છે. આમાંથી ૨૩મી જોડીવાળું રંગસૂત્ર બાળકની જાતિ એટલે કે તે છોકરો થશે કે છોકરી તે નક્કી કરે છે. આ જાતિજન્ય રંગસૂત્ર પિતામાંથી મળેલા વીર્ય દ્વારા નક્કી થાય છે.

રતન :- બરાબર, પરંતુ તેનો આનુવંશિકતા સાથે શું સંબંધ છે?

અમોલી :-મેં તને હમણાં રંગસૂત્ર વિશે જે વાત કરી તે રંગસૂત્ર મુખ્યત્વે પ્રોટીનથી બનેલાં હોય છે. વિશેષ પ્રકારના પ્રોટીનની સર્પાકાર શૃંખલાથી DNA અને RNA નામનાં ઘટકોની રચના થાય છે જે જનીન (જીન્સ)નું નિર્માણ કરે છે. તો આ સર્પાકાર શૃંખલાનાં બંધારણમાં જ્યારે કોઈ સમસ્યા આવે ત્યારે આનુવંશિક ખામીઓનું સર્જન થતું હોય છે. કોઈપણ બાળકની આંખનો કે ત્વચાનો રંગ, નાકનો આકાર, વાળનો પ્રકાર, તેનું મગજ, વિશિષ્ટ ટેવો આ બધું જ માતા-પિતા દ્વારા વારસામાં પ્રાપ્ત થાય છે. આ તમામ લક્ષણો અને માહિતીનો સંગ્રહ રંગસૂત્રમાં થાય છે.

રતન :- વાહ, આ તો ખૂબ રસપ્રદ છે. તો શું આનુવંશિક ખામીઓને સુધારવા માટે કોઈ રસ્તો નહિ હોય?

અમોલી :- કેમ નહિ! DNAમાં કાપકૂપ કરી સુધારા-વધારા કરવા માટે અમુક પદ્ધતિઓ જરૂર છે.

પરંતુ હું તને ખૂબ જ આધુનિક પદ્ધતિ વિશે સમજવું જેને ચાલુ વર્ષ ૨૦૨૦માં રસાયણશાસ્ત્ર (કેમિસ્ટ્રી)નું નોબલપ્રાઇઝ આપી સન્માનિત કારાયેલી છે. મૂળ વાત એવી છે કે બે યુવા મહિલાઓ ફ્રાન્સની ઇમ્યુઅલ અને અમેરિકાની જેનિફર વર્ષ ૨૦૧૨થી એક નવીનતમ ટેક્નૉલૉજી પર કામ કરી રહ્યાં હતાં અને તેમને પ્રયોગોમાં બહોળી સફળતા પણ મળી છે. આ તકનિકનું નામ છે CRISPR-CAS9 જેને સરળ ભાષામાં જનીન કાતર પદ્ધતિ (જીનોમસીઝર મેથડ) કહેવાય. તેમાં DNAનાં જે પણ ભાગમાં ખામી હોય તે ભાગમાં ફેરફાર કરી શકાય છે અને તેને કાતર વડે આપણે કાપીએ તેમ દૂર પણ કરી શકાય છે. પ્રાણીઓ જેવા કે ઉંદર પર અને ટામેટાં જેવી વનસ્પતિ પર પણ તેના સફળ પરીક્ષણ થઈ ચૂક્યાં છે. ટામેટાં જલ્દી સડીને ખરાબ થઈ જવાની સમસ્યાનો ઉપાય તેમાંથી મળે છે અને આ પદ્ધતિના ઉપયોગથી ટમેટાંની નવીનતમ પ્રજાતિ બનેલી છે જે લાંબા સમય સુધી ખાવા યોગ્ય સારા રહી શકે. આ પદ્ધતિને છોડમાં કરવામાં આવતી કલમ પ્રક્રિયા સાથે સરખાવી શકાય. જો કે આ બંને પદ્ધતિઓ એક બીજાથી ખૂબ અલગ પડે છે. માણસમાં પણ કેન્સર જેવી ગંભીર બીમારીઓ અને આનુવંશિક ખામીઓ આ પદ્ધતિથી દૂર કરી શકાશે, ઉપરાંત ઇચ્છા મુજબની વિશેષતાઓ દાખલ પણ કરી શકશે.

રતન :- આ વાતમાંથી મને ફરી એક પ્રશ્ન થયો. મેં એક વસ્તુ નોંધી છે કે કોઈપણ દવાનાં કે અન્ય પ્રકારની ચીજોનાં પરીક્ષણો ઉંદર અને વાનર જેવાં પ્રાણીઓ પર જ થતાં હોય છે. રોકેટના પરીક્ષણોમાં પણ આવા પ્રાણીઓને પહેલાં અવકાશમાં મોકલવામાં આવેલાં. તો આનું મુખ્ય કારણ શું છે?

અમોલી :- દવા આધારિત પ્રયોગોમાં સૌથી વધારે માદા ઉંદરનો અને ત્યાર બાદ નર ઉંદરનો ઉપયોગ થાય છે જેનું મુખ્ય કારણ તેમનું જનીન બંધારણ છે, જે માણસ સાથે ખૂબ જ મળતું આવે છે. ઉપરાંત દવાઓ સામેની તેમની શારીરિક પ્રતિક્રિયા પણ માણસના શરીરની પ્રતિક્રિયા સાથે મળતી આવે છે. ડાર્વિનનાં ઉત્ક્રાંતિનાં સિદ્ધાંત પ્રમાણે માણસનો વિકાસ વાનરમાંથી થયેલો છે, આથી ઘણાં પ્રકારની વાનરની પ્રતિક્રિયાઓ માણસ સાથે મળતી આવતી હોવાથી તેના પર પણ પરીક્ષણો થતાં રહેતા હોય છે.

રતન :- આજકાલ જે પણ જનીન, રંગસૂત્રો, DNA વગેરે પર પરીક્ષણો થઈ રહ્યાં છે, શું તેનો અર્થ એ થયો કે ભવિષ્યમાં માણસ પોતાની જાતમાં ધાર્યા મુજબના ફેરફારો કરી શકશે અને માનવમાંથી મહામાનવ બની જાશે ?

અમોલી :- તું જે ભવિષ્યની વાત કરી રહ્યો છે ને રતન, તેની શરૂઆત તો અત્યારે થઈ ચૂકી છે. માણસ વિજ્ઞાનનાં ઉપયોગથી અમરત્વ પામવા મથી રહ્યો છે. માણસને મરવું નથી અને લાંબા સમય માટે જવાન બન્યું રહેવું છે. રંગસૂત્રની x આકાર જેવી રચનામાં તેનાં અંતે આવેલો ભાગ અમુક ઉંમર પછી ઘસાવા લાગે છે અને ફરી પહેલાં જેવો સ્વસ્થ થઈ શકતો નથી. જ્યારે આવું થાય ત્યારે ગઢપણની શરૂઆત થાય છે. બાદમાં શરીરમાં નવા કોષો બનવાની પ્રક્રિયા અત્યંત મંદ પડી જાય છે. શરીર પર લાગેલા ઘાવ પર જલ્દીથી રુજ આવી શકતી નથી અને રોગપ્રતિકારક શક્તિ પણ ઘટી જાય છે. ઇઝરાયલમાં થયેલા એક પ્રયોગમાં અમુક વૃદ્ધોને ૩ મહિનાઓ સુધી સમયાંતરે નિયંત્રિત ઓક્સિજન ચેમ્બરમાં રાખવામાં આવ્યા જેનું પરિણામ એ આવ્યું કે તેમનાં શરીરમાં કોષો તેમની જવાનીનાં સમયમાં જેમ કાર્યરત હતાં તેમ ફરીથી કામ કરવા લાગ્યા. આપણા આયુર્વેદમાં, ઈજિપ્ત અને ચીનની સંસ્કૃતિઓમાં વિવિધ ઔષધિઓનો ઉલ્લેખ છે જેના ઉપયોગથી ઉંમર વધવાની ગતિને ઘટાડી શકાય છે. હાલની આપણી બજારોમાં પણ ઘણી એન્ટિએજિંગ અથવા રિવર્સએજિંગના પ્રકારની ઉંમર ઘટાડવાનો દાવો કરતી દવાઓ ઉપલબ્ધ છે.

રતન :- આ બધું સાંભળીને તો એવું લાગે છે કે માણસ અમરત્વને પામવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે તેમ છે. ભારતીય સંસ્કૃતિમાં જે ચાર આશ્રમોની માન્યતા છે તે અનુસાર તો આ આશ્રમોમાં ઉત્તરોત્તર માણસની આયુ ઘટતી જાય છે અને સાથે તેનું કદ પણ ઘટતું જાય છે. તો અમોલી, તને શું લાગે છે માણસ તેની અમરત્વને પામવાની આ દોડમાં સફળ થશે?

અમોલી :- હવે આ દોડનું શું ભવિષ્ય છે, શું પરિણામ આવશે, તેના માટે માણસને કઈ કિંમત ચુકવવી પડશે એ તો જોવું રહ્યું તેનો નિર્ણય આપણે સમય પર જ છોડી દઈએ.

## ૦૪. કેળવણીના નવા આયામો

**બી... નચિકેતા**

**આનંદ ઠાકર**

benachiketa@gmail.com

---

**પ્રકલ્પ – એક પરિચય**

પ્રકલ્પ પ્રબંધક – ઉના-ગીરગઢડા તાલુકાની ૧૭ જેટલી શાળાના ૨૭ જેટલા શિક્ષકો.

હેતુ – વિદ્યાર્થીઓમાં રહેલી કલાના કૌશલ્યનો વિકાસ

પ્રવૃત્તિ – ચિત્ર, સંગીત, ક્રાફ્ટ અને સર્જનાત્મક લેખન, વિજ્ઞાનદૃષ્ટિ

સમય – ૨ ઓગસ્ટ ૨૦૧૪થી પ્રારંભ કર્યું. અત્યાર સુધીમાં પાંચ વર્ષથી આ કાર્યક્રમ શરૂ છે.

પ્રવૃત્તિના નિષ્ણાંત –

- ચિત્રકામ - સૌ પહેલાં કલાગુરુ પ્રવીણચંદ્ર કવા સાહેબ (છેલ્લા ૪૦ ઉપરાંત વર્ષથી ચિત્રકલા સાથે સંકાળાયેલા)

- સહાયક તજજ્ઞશ્રી – નરેશભાઈ સોંડાગર (ચિત્રકલામાં ૧૦ વર્ષથી કાર્યરત અને પ્રોટ્રેટ માસ્ટર આ વિભાગ સંભાળી રહ્યા છે)

- સંગીત (ગાયન-વાદન) - વિપુલભાઈ વોરા (આંતરરાષ્ટ્રીય લેવલે વાંસળીવાદનના પ્રોગ્રામ્સ કરી ચૂકેલા અને સંગીત વિશારદ)

- સહાયક તજજ્ઞશ્રી – પાયલબેન કાનાણી (સંગીત વિશારદ) પરેશભાઈ કોટેચા (હાર્મોનિયમ સંગત), ધનેશભાઈ પાઠક (તબલાવાદન)

- સર્જનાત્મક લેખન - હસમુખ ટાંક અને આનંદ ઠાકર (ગુજરાતી સાહિત્યમાં સક્રિય લેખનકાર્ય. બન્નેનાં પુસ્તકો પ્રકાશિત થયાં છે)

- વેસ્ટમાંથી બેસ્ટ/ક્રાફ્ટ વર્ક - મીરાબેન ગેવરિયા અને ઇન્દુબા ભાલિયા (બાળકોને ૭ વર્ષથી ક્રાફ્ટિંગ દ્વારા શિક્ષણનો અનુભવ)

- વિજ્ઞાનદૃષ્ટિ – જયદીપભાઈ બાબરિયા, રાજેન્દ્રભાઈ જોશી, દીપકભાઈ જોશી (ત્રણેય પ્રાથમિક શાળાના વિજ્ઞાન પાઠ્યપુસ્તક નિર્માણ સાથે સંકળાયેલા)

- ફોટોગ્રાફી – કેતનભાઈ મોદી (ગુજરાતના પ્રસિદ્ધ ફોટોગ્રાફર)

**પ્રકલ્પની કાર્યપદ્ધતિ –**

- સિલેક્શન રાઉન્ડ દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી.
- દર માસના કોઈ એક (ત્રીજા કે ચોથા) શનિવારના બે કલાક કાર્યશાળા, જેમાં નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન.
- દર વર્ષે દસથી બાર વર્કશોપ થાય છે.
- વર્કશોપના અંતે ચારેય વિભાગમાં પ્રાપ્ત થયેલી કલા વિદ્યાર્થી સમાજ સામે પ્રસ્તુત કરે એવું આયોજન થાય છે.
- જેમાં ચિત્રપ્રદર્શન, સંગીતનો જાહેર કાર્યક્રમ, ક્રાફ્ટમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વસ્તુનું પ્રદર્શન. સર્જનાત્મક વિભાગના વિદ્યાર્થીઓની કૃતિને 'સ્મરણિકા'માં સ્થાન અને વાર્તા પુસ્તકમાં સ્થાન.
- વિદ્યાર્થીઓએ DSLR કેમરાથી પાડેલા આર્ટફોટોઝનું પ્રદર્શન

**શિક્ષકોનું પ્રદાન –**

- સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો સ્વખર્ચે અને શાળા સમયબાદ આ પ્રકલ્પ ચલાવી રહ્યા છે.
- કાર્યશાળાના દિવસનો ભોજન ખર્ચ, પ્રવૃત્તિ અન્વયે જરૂરી સાધન સામગ્રીનો ખર્ચ, વિદ્યાર્થીઓને લેવા મૂકવા જવાનો ખર્ચ, આવા ખર્ચ શિક્ષકો ભોગવી રહ્યા છે. (ક્યારેક દાતા મળે છે, નહીં તો આ બધો ખર્ચ શિક્ષકમિત્રો જ ભોગવી રહ્યા છે.)

**પરિણામ –**

- સમાજ સામે આ બાળકોને સ્ટેજ મળી રહે તે માટે દર

વર્ષે વાર્ષિક કાર્યક્રમ કરીને તેની કલાઓનું પ્રદર્શન અને પ્રસ્તુતિ થાય છે.

- બાળકો દ્વારા લખાયેલી બાળવાર્તાનું પુસ્તક બને એ ગુજરાતમાં સૌ પ્રથમ ઘટના છે.
- બાળકોની વાર્તાઓ ગુજરાતના બાળસામયિકોમાં સ્થાન પામી છે.
- ચિત્રસ્પર્ધામાં આ વિદ્યાર્થીઓનું જિલ્લા લેવલ સુધી શ્રેષ્ઠ પ્રદર્શન.
- ચિત્રો દોરતાં શીખ્યા તેથી લેખનમાં સુધારો.
- સંગીત વિભાગના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાના કાર્યક્રમોમાં પ્રસ્તુતિ કરી ચૂક્યા છે.
- સંગીત વિભાગના વિદ્યાર્થીઓ સંગીતનો અભ્યાસ આગળ વધારી વિશારદ થવા તરફ ગતિ કરી રહ્યા છે.
- શાળાઓની પ્રાર્થના સંગીતમય બની.
- ક્રાફ્ટવર્ક, ક્વિલિંગવર્ક વગેરે શીખીને પ્રાથમિક શિક્ષણ બાદ જ વિદ્યાર્થીઓ લર્નિંગ વીથ અર્નિંગ કરી શકે છે.

**પ્રકલ્પ ઉપલબ્ધિ –**

- બી... નચિકેતા એક પ્રકલ્પ તરીકે IIM અમદાવાદ ખાતે ઇન્ટરનેશનલ એજ્યુકેશન સેમિનારમાં સ્થાન.
- બી... નચિકેતા પ્રકલ્પ વિશે દિવ્યભાસ્કરના એક્ઝિક્યુટિવ એડિટર અજય નાયક સાહેબે ચાર વાર કોલમમાં સ્થાન આપ્યું.
- પૂર્વ નિયામક નલિન પંડિત સાહેબ, ડાયટ પ્રાચાર્ય કરકર સાહેબ તથા દિવ્યભાસ્કરના એક્ઝિક્યુટિવ એડિટર અજય નાયક સાહેબની ઉપસ્થિતિમાં પ્રથમ પ્રસ્તુતિ કાર્યક્રમ યોજાયો.
- ટાઇમ્સ ઑફ ઈન્ડિયા, ચિત્રલેખાથી લઈને ગુજરાતનાં તમામ અખબારોએ નોંધ લીધી છે.
- 'મારે પણ વાર્તા કહેવી છે...', 'કૌસ્તુભની કલ્પના અને હેમાંગીના હાઈકુ' અને 'ફૂલડાંઓનો કલરવ' આ ત્રણ ધો. ૬, ૭, ૮માં અભ્યાસ કરતાં બાળકોએ લખેલી વાર્તાનાં પુસ્તકો પ્રકાશિત થયાં.

**પ્રકલ્પ વિશે પ્રસિદ્ધ વ્યક્તિઓના ઉદ્‌ગારો –**

- 'બચ્ચોં કી કલ્પનાશીલતા કો કહાનિયોં મેં બાંધ કર ઉનકી સર્જનશીલતા કો પંખ લગા દિયે આપને' - પ્રોફેસર ડૉ. અનિલ ગુપ્તા (IIM-Ahmadabad)
- 'સેંકડો નચિકેતાઓ વિકાસના અવસરની રાહ જોઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ એ નચિકેતાઓને શાશ્વત અમરતાનો માર્ગ શોધવામાં મદદરૂપ થશે. શિક્ષક મિત્રોને અભિનંદન' - પૂ. સ્વામીશ્રી માધવપ્રિયદાસજી સ્વામી (ચારોડી, ગુરુકુળ)
- 'ખૂબ ખૂબ અભિનંદન, તમારાં લેખો, કવિતાઓ વાંચ્યાં, ચિત્રો જોયાં, આટલું સુંદર શીખ્યા તે જાણી ખૂબ આનંદ થયો. આ બધી પ્રવૃત્તિમાં મનભરીને ભાગ લેજો અને આગળ વધજો.' - ડૉ. નલિન પંડિત સાહેબ (પૂર્વ નિયામક, GCERT-ગાંધીનગર; હાલ- ભાવનગર)
- 'બી... નચિકેતા પરિવારના કાર્યકર્તાઓ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા જે પ્રયાસ કરી રહ્યા છે તે સરાહનીય છે.' – ડૉ. નીતિન પેથાણી (કાર્યવાહક પ્રમુખ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર)
- 'શિક્ષકોના ક્રિયેટીવ જૂથ દ્વારા બાળકોમાં રહેલી સર્જનાત્મકતા ખીલવવા પ્રયત્ન થઈ રહ્યો છે. બાળકોએ નિર્માણ કરેલ વસ્તુઓ ગમી.' – ડૉ. કે. કે. કરકર (પ્રાચાર્ય ડાયેટ, જૂનાગઢ)

શાળાના સમય બાદ શિક્ષકમિત્રોના ખર્ચે ચાલતા આ કાર્યક્રમમાં બાળકોની સર્જક પ્રતિભાને બહાર લાવવા માટેનો આ પ્રયાસ છે. સામાન્ય રીતે સરકારી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે એવી લાગણી હોય છે કે શિક્ષકો મફતનો પગાર લે છે, જ્યારે ભણનારા નિષ્ઠાથી ભણતા નથી. આ વાયકાને ફગાવી દેતી પ્રવૃત્તિ બી... નચિકેતામાં થઈ રહી છે. ખરેખર પ્રશંસનીય પગલું છે અને આખરે તો બાળકો સર્જનાત્મક બનીને સારા નાગરિકમાં જ રૂપાંતરિત થાય છે.

**સંપર્ક –**

રાજેન્દ્ર જોશી - ૯૪૨૮૩૭૬૫૫૧
પારસ હીરપરા – ૯૭૧૪૪૧૭૧૩૯
આનંદ ઠાકર – ૯૯૭૯૬૫૭૩૬૦
ઈ-મેઈલ – benachiketa@gmail.com
Contact also to – face book profile be nachiketa

## આપણી, ખેડૂતોની ''દોડ'' ખોટી નહીં – ''દિશા'' ખોટી છે !

**હીરજી ભીંગરાડિયા**

krushidampati@gmail.com

---

ભારે ઝડપથી દોડી રહેલા એક મુસાફરે રસ્તાની બાજુ પરના ઝાડ નીચે બેઠેલા માણસને પૂછ્યુંઃ 'ભાઈ, હું દિલ્હી ક્યારે પહોંચીશ?' 'ક્યારેય નહીં!' એને જવાબ મળ્યો.

'હેં! આટલી બધી ઝડપે દોડી રહ્યો છું છતાં?' મુસાફરે પ્રશ્ન કર્યો. 'હા, ગમ્મે તેટલી ઝડપ હોવા છતાંયે! કારણ કે તમે જે દિશામાં દોડી રહ્યા છો, તે દિશા તો મુંબઈ બાજુની છે. જેટલા ઝડપથી દોડશો, એટલા દિલ્હીથી વધારે દૂર થતા જશો.'

'તો દિલ્હી પહોંચવું શી રીતે?' મુસાફરને વાત સમજાતી નહોતી.

'તમે અત્યારે જે દિશામાં દોડી રહ્યા છો, ત્યાંથી અટકી જઈ, એનાથી ઉલટી(ઊંધી) દિશામાં દોડશો નહીં, માત્ર ઉતાવળી હાલ્યે હાલવા માંડશો તો પણ દિલ્હી પહોંચી જશો, કારણ કે એ દિશા દિલ્હીની છે.'

મિત્રો, દોડવાની ઝડપ માત્રથી મંઝિલે પહોંચાતું નથી. દિશાનો સાચો ખ્યાલ હોવો પણ એટલો જ જરૂરી છે. ઘણીવાર આપણી 'દોડ' ખોટી નહીં, 'દિશા' ખોટી હોય છે.

અન્ય વિષયોની જેમ કૃષિમાં પણ વિજ્ઞાન સૂર્યકિરણ જેવી વેગીલી ઝડપે આગળ વધી રહ્યું છે. હા, એક જમાનો હતો કે જ્યારે ખેડૂતને મન એનું 'ખેતર' એ જ એની દુનિયા હતી. મારી જ વાત કરું તો પડામાં દૂર પાણી વાળતો હોઉં અને કૂવા પર ચાલતા ઓઈલ એંજિનનો પટ્ટો તૂટી જાય, ને મશીન ઉતાવળી ઝડપે ભાગવા માંડે ત્યારે, તેમાં નુકશાન ન થઈ બેસે માટે, જલ્દી જલ્દી બંધ કરવા કેટલીયે વાર હડી કાઢીને દોડવું પડતું. જ્યારે આજે? આજે પોતાના ખિસ્સા માંહ્યલા મોબાઈલથી ઘેર બેઠા બેઠા વાડીની સબમર્શીબલ મોટર ચાલુ-બંધ કરી શકાય છે, મિત્રો!

ખેતીના આધુનિક વિજ્ઞાને નવા સંશોધનો, નવાં બિયારણો, નવી ટેક્નૉલૉજી, નવાં સાધનો અને ચીજ-વસ્તુઓ વગેરે ખૂબ તરતાં મૂક્યાં છે. એ બધાંનો વિવેકસભર ઉપયોગ થાય તો ઉત્તમ બદલો મળે! પણ એનો અવળી દિશાનો એટલે કે ગેરઉપયોગ થાય તો?

આપણને કૃષિના વિજ્ઞાને જણાવ્યું જ છે કે 'નવાં બિયારણો પાસેથી વધુ ઉત્પાદન લેવું હોય તો તેને ખાવા-પીવા વધુ આપવું પડશે અને એનું સંરક્ષણ પણ ખેડૂતોએ જ કરવું પડશે.' આપણે એ આદેશને માથે ચડાવી, વધુ ઉત્પાદન મેળવવાના પ્રયત્નો કરીએ, તો એ કંઈ ગેરવ્યાજબી પ્રયત્નો નથી. પ્રયત્નો સાચા જ હોવા છતાં તમે વિચારજો! મંઝિલે પહોંચવાના રસ્તાની પસંદગી તો આપણા જ હાથમાં છે. કોઈ થોડો લાંબો, ધીરજ રાખી, જોઈ જોઈ ડગ માંડીએ તો વિના વિઘ્ને, સલામત રીતે મંઝિલે ચોક્કસ પહોંચાડવાની ખાત્રી આપનારો હોય છે. તો કોઈ હોય, ટૂંકો અને વિઘ્નોથી ભરેલો, ખબર નહીં રસ્તામાં ક્યાં આંટવી દે તેનીયે તેવો, અને નક્કી નહીં કે તે મંઝિલે પહોંચાડશે કે નહીં તેનું યે, તેવી ખાત્રી વગરનો! રસ્તો ક્યો પસંદ કરવો તે મુસાફરની મનસૂફી, બુદ્ધિ, વિચારશક્તિ અને માનસિકતા પર આધારિત હોય છે.

'પાક સંરક્ષણ' મુદ્દો મહત્ત્વનો છે. પાકસંરક્ષણનાં પગલાં ખેડૂતે લેવાં જ પડે, એ વાત સાચી. પણ ઝેરીલી દવાઓના છંટકાવ પાછળ ગાંડા થઈને લાગી પડવું, એ સદંતર અવળો રસ્તો છે.

અમારા કૃષિ મંડળની મિટિંગમાં સીતાપરના એક ખેડૂતે વાત કરી કે 'અમારા ગામમાં એક ભાઈની ૯૧૦૦૦ રૂ.માં લીધેલી ભેંશ માત્ર વાડીની નીરણ ખાવાને કારણે મરી ગઈ અને પંદર દિવસ પછી ઉત્તમ એવી દૂઝણી ગાય પણ એ જ કારણે મરી ગઈ. અમે એ ખેડૂતને કહેતા હતા કે ભાઈ, આટલી બધી દવા ન છંટાય! પણ માને ઈ બીજા!

એની વાડીમાં પાક ગમે તે હોય, પાકને સંરક્ષણની જરૂર હોય કે ન હોય, દવા તો બસ, જેમ એગ્રોની દુકાન એના ઘરની હોય એમ, દવા બાબતે એકેય પાક બાકી નહીં! પછી તે કપાસ હોય કે કારેલી, અરે, જુવાર, મકાઈ, ઘઉં, ટમેટી, રીંગણી, મરચી, શક્કરિયાં સુદ્ધાંમાં એને દવા છાંટતાં અમે ભાળ્યો છે. એ ભેંશ અને ગાય મરવા પડ્યા ત્યારે બન્ને વખતે ડૉક્ટરને લાવેલા. ડૉક્ટરે પણ એવું જ નિદાન કરેલું કે 'ખાવામાં કંઈક ઝેરી પદાર્થ આવી ગયો છે.' અમને તો પાક્કું જ હતું કે રજકામાં જે દવા ધાબડ્યે રાખે છે, તેનું જ આ પરિણામ છે. અરે, હીરજીભાઈ, એ ખેડૂતના પંડ્યનું, એની ઘરવાળીનું, એનાં છોકરાંઓનું, એનાં ઢાંઢાનું, એના કુતરાંનું કે એની જમીનનું, એની વાડીમાં પાકેલ કોઈપણ પેદાશનું-કોઈપણની લેબોરેટરી-તપાસ કરાવશો તો દરેકમાં ઝેરની બહુ બધી ટકાવારી ન દેખાય તો તમે કહો ઈ હું હારી જાઉં બોલો! આ ઉત્પાદનલક્ષી દોટને આપણે કઈ દિશાની ગણશું, તમે જ કહો!

આમાં જેમ ગાય-ભેંશનાં અકાળે મૃત્યુ થયાં તેમ જ અન્યોની તો વાત કોરાણે રહી, પણ પહેલાં ખેડૂત કુટુંબનો સ્વયંનો જ ખો નીકળી જવાનો! આ રસ્તો મોતની મંઝિલનો છે. પાછુ વાળી જોઈ, આગળ વધતા અટકી, સાચી દિશા પકડવી કે મોતના માર્ગે જ હડી કાઢતાં રહેવું છે?

અમારા જૂના ગામ ચોસલામાં હિંમતભાઈ, મારા મિત્ર છે. હમણાં એક દી ઓચિંતાના ભેળા થઈ જતાં મેં પૂછ્યું : 'આગોતરો કપાસ કેટલો ઉગાડ્યો?' તો કહે 'ઈ ધંધો હવે કર્યા જેવો નથી.' મેં પૂછ્યું, 'કેમ કેમ! દારમાં પાણી તો ઘણું છે ને? તો પછી કેમ આવી વાત કરે છે?' તે કહે, 'ત્રણેક વરહ ઈ પાણી બહુ પાયું. પણ હવે નીમ લીધું છે કે ના છૂટકે જ એનો ઉપયોગ કરવો.' 'પણ એનું કારણ શું?' મેં પૂછપરછ ચાલુ રાખી.

તો કહે : 'ઈ દારનું પાણી હવે પાવાથી કપાસ-જુવાર બધું ઊગી તો જાય છે, પણ પછી મોલાત સાવ હોણ્ય વગરની–ઠોઠડી થઈને પડી રહે છે. ગમે તેટલા પાણ પાઈએ પણ વધવાને બદલે ઉલટાનો ભોંયમાં ગરતો જાય છે.'

એની વાત સાચી હતી. દારનું પાણી નબળું હોવાથી બે-ત્રણ વરસ ઠીક ચાલેલું. પણ ચોથા વરસે સરવાળે એનું પોત પ્રકાશ્યું. તમે જ વિચારો, જે પાણી આપણે ન પી શકીએ, ઢોરાં ન પીવે, તે પાણી કંઈ જમીન ઉપર રેલાવીને મોલને પવાય? એ બોલીને નહીં, કરમાઈ જઈને જવાબ આપે છે. વધારે ઉત્પાદન મેળવવા પાકને પિયત દેવાની ના નથી, પણ જમીન અંદરના સૂક્ષ્મજીવોને, જમીનના બંધારણને, જમીનના ગુણધર્મોને, ઉત્પાદકતાને અને ફળદ્રૂપતાને નષ્ટ કરી મેલે તેવા પ્રવાહી તો ન જ પવાય ને?

સાચી દિશા પકડી છે, મારા મિત્ર અને કૃષિ વિકાસ મંડળના ખેડૂત મહેંદ્રભાઈ ગોટીએ. જેના કૂવામાં ઉનાળો હોય એટલે પાણી હોય છે માત્ર ૧૦ મિનિટ મોટર હાલે એટલું જ, પણ હોય છે મીઠાં ટોપરાં જેવું. એણે કૃષિના નવા વિજ્ઞાનની ભેર લઈ, દસે વીઘાની વાડીમાં ટપક પદ્ધતિ ગોઠવી દીધી છે અને કપાસ, શાકભાજી અને લીલાચારાના પાકો પકાવી પૂરતું અને સંતોષકારક ઉત્પાદન લઈ રહ્યા છે.

આપણી વાડીના પાકો પાસેથી ધાર્યું ઉત્પાદન લેવા પોષણ પૂરું પાડવું જ પડે. પણ એ ખોરાકી તત્ત્વો રાસાયણિક ખાતરો મારફતે આપવા તે ઝેરનાં પારખાં છે. તેના અન્ય વિકલ્પો છે જ. રાસાયણિક ખાતરોથી છોડવાને પોષકતત્ત્વો જરૂરથી મળે છે, પણ એ બધા રાસાયણિક ખાતરો જમીન પર એની કેટલી અને શું આડ અસર મૂકી જાય છે તેનો અભ્યાસ કર્યો છે આપણે કોઈ ખેડૂતે? જમીન એ "Use end Throw " જેવું પાત્ર નથી કે એક વખત ઉપયોગ કરીને ફેંકી દઈએ. જમીન તો પેઢીઓ પર્યંત રળવાનું અક્ષયપાત્ર છે તે એવું ને એવું ચોખ્ખું અને ઉપજાઉ કાયમ ખાતે રહે તે જોવાની ફરજ આપણી ખેડૂતોની હોય કે ન હોય? આપણા દીકરાના દીકરાને "Here is the land, but where is the soil?" એવો પ્રશ્ન કરવાનો મોકો ન આપવો હોય તો રાસાયણિક ખાતરો વાપરવામાં વિવેક રાખતાં થવું જોઈશે. નિર્દોષ અને છોડને જરૂરી પોષણ પૂરું પાડી શકે તેવા-ખાતર તરીકે વાપરી શકાય તેવા પદાર્થો પ્રકૃતિએ પાર વિનાના ધર્યા છે આ પૃથ્વી પર. એનો અભ્યાસ અને એ માટેના ઘટતા પ્રયત્નો કરી, ઉત્પાદનની દોટ લગાવવી તે સાચી દિશાનો પ્રયત્ન ગણાય મિત્રો!

પંચવટી બાગની બાજુમાંથી વહી રહેલી 'કાળુભાર' અને 'સીતાપરી' બન્ને નદીઓમાં વહે તો છે પાણી જ! પણ પાણીએ પાણીએ સો-છનો ફેર છે ભાઈઓ! સીતાપરીનું પાણી સારું અને મીઠું-પીવાલાયક. જ્યારે કાળુભારનું નબળું. અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે સીતાપરીનું મથાળું

છે ટૂંકુ. અને કાંઠાના ગામડાંઓ પ્રમાણમાં છે મધ્યમ સ્થિતિવાળા. એટલે જમીનમાં ઉમેરાતા રાસાયણિક ખાતરો અને ઝેરીલી દવાઓ વાપરવાનું પ્રમાણ રહે છે ઘણું ઓછું. એટલે એ બધી જમીનોમાંથી નિતરાણ થઈ આવતું પાણી બગડવામાંથી બચ્યું છે. જ્યારે કાળુભારનું મથાળું છે લાંબુ, અને એના કાંઠે વસેલાં ગામડાંઓ છે વધુ ત્રેવડવાળાં, પરિણામે વધુ રાસાયણિક ખાતર અને વધુ ઝેરીલી દવાઓના વપરાશના હિસાબે એ નદીનું પાણી વધુ બગડ્યું છે. કુદરતી સંપદા જેવી નદીઓના પ્રવાહ પણ બગાડી મૂકે એવી ખેડૂતોની આ દોટને કેવી ગણશું, કહો!

ઘઉં સંશોધન કેંદ્ર-લોકભારતી-સણોસરાની મુલાકાતે ગયો હતો. વિવિધ લક્ષણો દેખાડતી વેરાયટીઓનો કોઈ પાર નહોતો! એની ફૂટ્ય, પાનની છટા, એનો ઘેરો લીલો રંગ, ઊભવાની અદા અને માપસરની ઉંચાઈ- બધી રીતે જે વેરાયટી ગમી ગઈ, તેને દરેક રેપ્લિકેશનમાં જોઈ લેવાનો લોભ લાગ્યો. બીજી, ત્રીજી રેપ્લિકેશન પછીની ચોથી રેપ્લિકેશનમાં આ વેરાયટીનો પ્લોટ નબળો ભાળી, મેં સંશોધન વિજ્ઞાની દેવદાસભાઈને પૂછ્યું કે ‘આનું કારણ શું? જમીન, માવજત બધું સરખું હોવા છતાં અહીં આવું કેમ?’ તે કહે, ‘હીરજીભાઈ, આ જગ્યાએ ધરોનું ગૂંડું હતું, એને બાળવા અમે નિંદણનાશક દવાનો છંટકાવ કર્યો હતો.’

આજ આપણે ખેડૂતો જીરુમાં, જુવારમાં, રજકામાં, અરે! કપાસ સુદ્ધાંમાં મજૂરી બચાવવા પાક વાવતાં પહેલાં, કે વાવીને પછી, ખેડૂતો નિંદણનાશક દવાઓ છાંટવા માંડ્યા છીએ. જતે દા’ડે એ શું જમીનને નડ્યા વિના રહેવાની છે?

અરે, હવે તો રાઉન્ડઅપ રેડી બી.ટી.ની જાતો એવી આવી રહી છે કે કપાસ, મગફળી, મકાઈ, તુવેર, સોયાબીન વગેરેમાં છાંટીએ એટલે એ મુખ્યપાક સિવાયના કોઈ છોડ ઊગે જ નહીં! અરે, ભલા! આ અખતરો કરવા જેવો નથી. આ દોટ અવળી દિશાની છે. બિયારણ સંબંધેની સંપૂર્ણ પરતંત્રતા અને વનસ્પતિ જગતમાં વૈવિધતાનો નાશ નોતરનારું આ અભિયાન આપણોયે નાશ નોતરીને જ રહેશે ભાઈઓ!

ગાય-ભેંશ જેવા દૂઝણાંઓમાં સ્વેચ્છાએ પારહો ન વાળતાં જાનવરને પરાણે પારહો વળાવવા હોર્મોન્સનાં ઈન્જેક્શનો આવે છે. ડૉક્ટરો તો આના ઉપયોગની ના કહે છે. પણ આપણે તો પરાણે દૂધ મેળવવાની લ્હાયમાં એનો ઉપયોગ કર્યા જ કરીએ છીએ. એ ઈન્જેક્શન દીધા પછી જાનવરને શું થાય છે, એની ખબર છે? એને પ્રસૂતિ વખતની વેદના જેવી વેદના ઉપડે છે અને જાનવર માનસિક રીતે ઢીલું પડી જાય છે અને આંચળનાં બંધ ઢીલા થઈ જાય છે. એના શરીરમાં બીજી કેટલીય આડ અસરો ઊભી થતી હશે, એની ચિંતા કરવાનું આપણે તો છોડી દીધું છે, ખરુંને!

અલીબાબાની વાર્તા “સીમ સીમ ખુલ જા, સીમ સીમ બંધ હો જા...” જેમ ચાંપ દબાવતાં સઘળાં કામો યંત્રોથી થવા માંડ્યા છે. એટલે શરીરશ્રમ પ્રત્યે સુગ દાખલ થઈ. પહેલાં બે-ચાર બળદ અને ત્રણ-ચાર દૂઝાણાં એ ખેડૂતના ઘરની શોભા ગણાતી. આજે? ઘણા ઘરોમાં તો બાંડી બકરીય જોવા મળતી નથી. ખેતીપાક દ્વારા નીકળતી આડપેદાશ ખાઈ દૂધ, ગોબર, ગોમૂત્ર અને ધીંગાધોરી રૂપી શક્તિ પશુઓ પૂરા પાડતા. જ્યારે યંત્રો? એ થોડા ‘છાણ’ કરવાના છે? એ તો ડીઝલ ખાઈ ખર્ચ કરાવે, ધુમાડો ઓકે, પર્યાવરણ બગાડે અને એના ભારે વજનથી જમીન પર ટૉર લગાડે. પણ આપણી દોડની દિશા જ બસ, આ બની ગઈ છે એનું કેમ કરવું?

આપણી રોજિંદી ખોરાકી જરૂરિયાતોના બધા પાક વાડીમાં પકાવી લેતા. જેથી જમીનના કસ-ખેંચાણમાં સમતોલપણું જળવાતું. આજે આધુનિક ખેતીની નવી પેટન્ટે જેમાં રોકડ નાણાંરૂપે વધુ વળતર દેખાણું, એ એક જ પાક પાછળ પડી જવાનું. પાકની ફેરબદલી, મિશ્રપાક જેવી પદ્ધતિ આઉટ ઓફ ડેટ થવા લાગી.

અને પર્યાવરણના મોટા રક્ષક એવા વૃક્ષોને વાડીમાં વિવિધ રીતે વસાવવાને બદલે શેઢેય બસ, ઝાડવું ભાળ્યું? મૂકો કુહાડી! બપોરે રોંઢો કરવા ક્યાં બેસશું એનોય વિચાર નહીં કરવાનો ને!

જે ખેડૂત નવા વિજ્ઞાનની દોડમાં ભળશે નહીં તે પાછળ રહી જશે, એ વાતેય સાચી હોવા છતાં આંખો મીંચી, ઊંધું ઘાલી, મૂઠીઓ વાળી હડી કાઢી દોડે છે, તેને લક્ષિત મંઝિલને બદલે આખરી મંઝિલવાળા જમ ભાળવા માંડે તો પછી કહેતા નહીં કે વાત તો કરવી હતી! માટે હડી કાઢવાને બદલે માપસરની — કહોને ‘રેવાળ’ ચાલ ચાલશું તો થાક્યા વિના લાંબો પંથ ઉકેલી શકશું.

●---------●●●--------●●●---------●

પંચવટી બાગ,માલપરા, જિ. બોટાદ

# ૦૬. અભિવ્યક્તિ

**હું યુદ્ધ !**

**પ્રકાશ નાકરાણી**

---

હા, હું યુદ્ધ છું! ધરાર છું. કોઈ મને ઉખેડી ફેંકી શકે તેમ નથી. મારા વિરોધીઓ મને બરાબર ઓળખી લો. આજે મારે મારી ઓળખાણ આપવી છે. મારા સ્વરૂપને બરાબર પ્રગટ કરવું છે. ભગવાન શ્રી કૃષ્ણે પોતાનું વિશ્વરૂપ દર્શન કરાવીને મારા રહસ્યને ઉજાગર કર્યું છે. તોય મારે સ્વયં મારી તાકાત અને અનેકાનેક સ્વરૂપો વિશે સમગ્ર જીવ જગતને 'હું શું છું' તેના વિશે ખુલમ્ ખુલ્લા ઘણું ઘણું કહેવું છે, જેથી મારા વિરોધીઓ, મને નફરત કરનારા અને શાંતિવાદીઓ મને સમજી શકે. મારું ગૌરવગાન કરનારા પોતાના અંતને પારખી શકે તથા સૃષ્ટિના સરજનહારના ઉદ્દેશને સમજી શકે.

હું યુદ્ધ!! છું તો છું અને મને મારા પર ગૌરવ છે. હું લલકાર છું, પડકાર છું અને શંખનાદ છું. હું હળાહળ ક્રૂરતા છું, અહંકારની હેડકી છું અને વિનાશનો ઓડકાર છું. હું યુદ્ધક્ષેત્રનો ચિત્કાર, આક્રંદ, વલોપાત તણાવ અને હાહાકાર છું. હું માનવતા, અહિંસા, શાંતિ, પ્રેમ અને કરુણાનો દુશ્મન છું. વિનાશક છું, વિધ્વંસક છું, વિસર્જન મારો શોખ છે. અધિકારવાદ, જૂઠ અને પાખંડ એ મારું પોષણ છે. ક્રોધ, ઈર્ષા, અદેખાઈ, લાલચ અને અહં એ મારી પ્રકૃતિ છે. હું યુદ્ધભૂમિ પરનું અટ્ટહાસ્ય છું, મેં સરજેલી વિનાશલીલાથી હું પોરસાઉં છું. હિંસક રક્તપાતમાં કણસતું જીવજગત જોઈને, મારું ગૌરવગાન કરાનારાનો અંત જોઈને હું પોરસાઉં છું. દયા, લાગણી, સહાનુભૂતિ, ઉપકાર જેવા ભાવવાહી શબ્દો મારે માટે નિર્માલ્ય છે. હું વટનો કટકો છું. અહંનું ઝાળું છું, કાળઝાળ ક્રોધ, ભય અને હતાશા છું. હું ધારું તો હસતી, ખિલતી રમ્ય પ્રકૃતિ અને સંસ્કૃતિને કબ્રસ્તાનમાં ફેરવી નાખું. જેમણે મારી વિનાશલીલા જોઈ છે તેઓ મારાથી થરથર કાંપે છે. મારું એ બિહામણું સ્વરૂપ તેમની ઊંઘ હરામ કરી દે છે. મારા હેતુઓને પાર પાડવા માનવતાને કોરાણે મૂકવામાં મને જરાય સંકોચ નથી. વલવલતી માનવતા, વિનાશનો વલોપાત અને નિષ્ફળતાના નિસાસા જોવામાં મારો વિજય વાવટો ફરકે છે.

મારી હસ્તી મિટાવવાવાળા, મારા અસ્તિત્વનો અસ્વીકાર કરનારા કે મને ધૃણિત સમજનારા મારા વિરુદ્ધ લાખ યોજનાઓ ઘડે પણ તેઓ તેમાં કદી સફળ થવાના નથી. આ આદર્શવાદીઓ શાંતિની કવાયત કરશે તેમતેમ હું પણ નવા નામે અને સ્વરૂપે નવીનવી તરકીબો સાથે પ્રગટ થઈશ અને બમણી તાકાતથી મારા વિકરાળ અને બહુરૂપી સ્વરૂપનું દર્શન કરાવીશ. જીવ જગતને એવા ભ્રમમાં કદી ન રહેવું કે તેઓ મારી હસ્તી મિટાવી શકશે. આજે મારે મારા ચરિત્ર અને મારા કાર્યક્ષેત્રને શાંતિચાહકો, અહિંસકવાદીઓ, કરુણાના ઉપાસકો અને મને નફરતથી જોનારા સર્વને મારી વાસ્તવિક ઓળખાણ આપવી છે. મારા સર્વ વિરોધીઓ સમક્ષ મારા ડીએનએ ઉજાગર કરવા છે. આદર્શવાદીઓ, સમાજ અને સંસ્કૃતિના રક્ષકો અને સર્જકોને ખુલમ્ ખુલ્લા પડકાર ફેંકવો છે કે તમે મને કોઈ કાળે મિટાવી શકવાના નથી. સૃષ્ટિના પ્રારંભથી જ પરમાત્માએ પોતાની માનવ પ્રકૃતિની અજબ રચના કરી છે. પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર આમ આ આઠ તત્ત્વોની બનેલી આ પ્રકૃતિ છે. મારો જન્મપિંડ પ્રથમ પ્રકૃતિજન્ય મનમાં બંધાય છે; પ્રકૃતિની ભીતરે રહેલા અહંકારમાં ઊછરે છે. એ પછી બુદ્ધિના બળે વિસ્ફોટ સાથે અટ્ટહાસ્ય સાથે હું પ્રગટ થાઉં છું. ખરું પૂછો તો પરમાત્માની અષ્ટ તત્ત્વોની બનેલી પ્રકૃતિના મૂળભૂત તત્ત્વો મન, બુદ્ધિ અને અહંકાર એ જ મારા મૂળભૂત ડીએનએ છે, તેથી મને કોઈ નષ્ટ કરી શકે તેમ નથી. સૃષ્ટિ પરનો એવો કોઈ સમય તમે જોયો છે કે જે સમયે મારી હસ્તી ન હોય? પશુ-પ્રાણીઓનાં દ્વન્દ્વ યુદ્ધ તમે જોયા છે? પણ માનવજાત તો આવા દ્વન્દ્વ યુદ્ધથી ઘણી આગળ વધી ગઈ છે. પ્રાચીન કે અર્વાચીન યુગ હોય કે પછી પાષણ કે પ્રાગૈતિહાસિક યુગ હોય, આ બધા સમયે હું નવા નવા

સ્વરૂપે પ્રગટ થયેલ છું. અનેક સંસ્કૃતિઓને મેં ધમરોળી છે, તેની હસ્તી મિટાવી દીધી છે. ક્યારેક કુદરતી પ્રકોપ તો ક્યારેક મારા પ્રકોપે સત્યાનાશ થયો છે.

હું વિરોધીઓને એક સત્ય વાત કહી દઉં કે પરમાત્મા ખુદ પોતાના કર્મબળે પોતાની મોજ ખાતર આવું કર્યા કરે છે. હું તો પરમાત્માનું જ સંતાન છું. તેની પ્રકૃતિલીલામાં મારી જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે હું હાજર થઈ જાઉં છું. અધર્મનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા પરમાત્માએ માનવ અવતાર લેવો પડે છે. ત્યારે તેની લીલામાં હું સહાયક તરીકે હાજર હોઉં છું. રામાયણ-મહાભારતના યુદ્ધોમાં કે પછી સમગ્ર દુનિયા પરના વિશ્વયુદ્ધોમાં મેં મારી તાકાતનો પરચો બતાવ્યો છે. જો કે મને બંને પક્ષોની હાર કે જીત સાથે સબંધ નથી. જીતનાર કે હારનારને હું તેના ગજા પ્રમાણે વેતરી નાખું છું. આ જગત પરમાત્માની લીલા છે. સર્જન અને વિસર્જનની પ્રક્રિયા મને પરમાત્માએ સોંપી છે, હું સ્વતંત્ર નથી. મારી ઓળખ કે મારું પ્રત્યેક કૃત્ય પરમાત્મા પ્રેરિત છે.

હું અમર અને અવિનાશી છું, સનાતન સત્ય છું. તેથી માનવજાત કદી પણ મારાથી છુટકારો મેળવી શકશે નહીં. મને નેસ્તનાબૂદ કરવાના ખ્વાબ નિર્થક અને ભ્રમ છે કારણ કે જગતના જન્મ સાથે જ મારો જન્મ થયો છે અને જીવ જગતના અસ્તિત્વ સુધી હું કાયમનો અમરપટો લઈને આવેલ છું. જેમ સર્વભૂતોમાં રહેલો આત્મા કદી મરતો નથી તેમ હું પણ કદી મરીશ નહીં. પૂર્વે મારી હસ્તી નહોતી કે ભવિષ્યમાં મારી હસ્તી નહીં હોય એવું પણ નથી. હું જીવાત્માની જેમ નિત્ય, સનાતન અને શાશ્વત છું. મેં જ પૂર્વે દેવો-દાનવો, કૌરવ-પાંડવો અને રામ-રાવણને લડાવ્યા છે. દેશ-દેશ વચ્ચે, રાજા-રાજા વચ્ચે, જાતિ-જાતિ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે મારા પ્રવેશ માત્રથી હાહાકાર મચી જાય છે. મારી હસ્તીનાં પરિણામો ડરામણાં હોય છે. મારી સામેના પડકારો કંપારી પેદા કરે તેવા હોય છે. યુદ્ધક્ષેત્રની રક્તરંજિત વિનાશલીલામાંથી વલવલતી આરજૂ, મરવા પડેલ ઘાયલ માનવદેહોમાં ઊઠતા ઉંહકારાને મારો નિર્દયતાનો જડસુ હુંકાર નિંભર બનીને જોયા કરે છે અને ખુશ થાય છે. મારું પ્રત્યેક કૃત્ય ડરામણું આક્રંદોથી કાંપતુ અને તિરસ્કારોથી પડઘાતું હોવા છતાં મારો સહજ સ્વીકાર કર્યા સિવાય છૂટતો નથી.

પરમાત્માની પ્રકૃતિની બે બાજુ છે, સર્જન અને વિસર્જન, લય અને વિલય, જન્મ અને મરણ, પ્રેમ અને નફરત, મિત્ર અને દુશ્મન, ક્ષમા અને દંડ, સ્વર્ગ અને નરક, દુઃખ અને સુખ, ભય અને અભય, યશ અને અપયશ, રાત અને દિવસ, દેવ અને દાનવ, અજવાળું અને અંધારું તથા યુદ્ધ અને શાંતિ; આમ બે પક્ષોવાળી પ્રકૃતિમાં તેમના એક પક્ષ તરફ મારી હાજરી હોય છે. તેથી મને ટાળી શકાય તેમ નથી. પરમાત્મા પોતે જ સર્વના સંહારક અને ઉત્પત્તિનું કારણ છે. અહિંસાને નામે અર્જુન યુદ્ધના મેદાનમાં વિષાદમાં અટવાણો ત્યારે શ્રી કૃષ્ણે જ તેને કાયરતા છોડી યુદ્ધ માટે પ્રેર્યો હતો. સતના રક્ષણ માટે અને અસતના વિનાશ માટે ભગવાનને પણ મારી જરૂર પડે છે.

આમ જોઈએ તો પ્રાણીઓની બે પ્રકારની સૃષ્ટિ છે. દૈવી અને આસૂરી. દૈવી સૃષ્ટિવાળા સદ્‌ગુણી હોય છે. આવા લોકોમાં શરીર, મન અને વાણીની સરળતા હોય છે. શાંત અને કોમળ હૃદયવાળા હોય છે. નિરાભિમાની, નિર્ભય, ક્ષમાવાન, ધૈર્યવાન અને અદ્રોહી હોય છે. જ્યારે આસૂરી સૃષ્ટિવાળા સારાસારનો ભેદ જાણતા નથી. આવા અલ્પબુદ્ધિવાળા લોકોમાં મારો વાસ છે. તેથી આવા લોકો ક્રૂર અને હાનિકારક કૃત્યોમાં મચ્યા રહે છે. દંભ, મદ અને અભિમાનથી ભરેલા આ લોકો મારાં પ્યાદાં છે. તેઓ પોતાના દુરાગ્રહો છોડી શકતા નથી અને પોતાના પાપાચારમાં જ પ્રવૃત્ત રહે છે. મરણની છેલ્લી ઘડી સુધી તેઓ માને છે કે પોતે સર્વાધીશ છે અને તેમના સમાન બીજું કોઈ નથી. પોતાને જ સૌથી અધિક પૂજનીય માનનારા અને ઘમંડી આ લોકો ધન, માન અને મદમાં ચકનાચૂર હોય છે. તેઓ મારી હસ્તીવાળા અહંકાર, બળ અને ક્રોધનો આશ્રય લઈ ક્રૂર બને છે અને મારા જ આદેશોનો શિકાર બને છે. તેમનો અંજામ મારા હાથે જ આવે છે. મારી વિનાશલીલાનો એક ભાગ બની જાય છે. બીજી રીતે મારી ઓળખ આપું. જાણો કે, ઈશ્વરીય પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણો જ જીવાત્માને દેહમાં બાંધે છે. સત્ત્વગુણ નિર્મળ અને દોષરહિત છે. તમોગુણ પ્રમાદ, આળસ અને અજ્ઞાનનું પ્રતીક છે. રજોગુણમાં મારું સ્થાન છે. તૃષ્ણા, આસક્તિ, લોભ, અશાંતિ, નિરંકુશ ઈચ્છા અને અહંકારના હુંકારથી ભરેલો આ રજોગુણ મારી તાકાત છે.

હું યુદ્ધ, અજરઅમર યુદ્ધ છું! મારા વિરોધીઓ એટલું

સમજી લો કે હું પરમાત્માની પ્રકૃતિનું જ ફરજંદ છું. હું માનવીના મનમાં છું. અહીં જ મારા જન્મનો પિંડ બંધાય છે, અને પછી પરમાત્માની જ પ્રકૃતિના અહંકાર તત્ત્વનું પયપાન કરીને હું ઊછરું છું, વિકસુ છું. પ્રકૃતિ જ મારી માતા છે અને પરમેશ્વર મારા પિતા છે. તમે મને સમજવામાં, મને ઓળખવામાં ભૂલ ન કરો. શાંતિના દૂતો, અહિંસાવાદીઓ, આદર્શવાદીઓ, તમને મારે એ જ કહેવું છે કે તમે મને ખતમ કરવાની કવાયત કરતા રહેશો તેમતેમ હું નવા નામે અને નવા સ્વરૂપે નવી તરકીબ લઈને પ્રગટ થયા કરીશ અને બમણી તાકાતથી મારું વિકરાળ સ્વરૂપ બિહામણું અને વ્યાપક બનતું રહેશે. સમગ્ર માનવ જાતે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી કે તે મારાથી મુક્ત થઈ જશે. માનવતાને સમયે સમયે મારી જરૂરત પડી છે અને મેં તેનું રક્ષણ કર્યું છે. હું અનિવાર્ય અને સનાતન છું.

માનવ સંસ્કૃતિના વિકાસનાં ક્ષેત્રો વિસ્તરતાં જાય છે તેની સાથેસાથે મારી પરિભાષા પણ બદલતી જાય છે. મારી પ્રકૃતિ, મારા પ્રકાર, મારા ઉદ્દેશો, મારી વિશેષતાઓ અને મારાં સ્વરૂપો કાળક્રમે મેં પ્રગટ કર્યા છે અને સમગ્ર વિશ્વને મેં ભરડામાં લીધું છે. મારાથી નુકસાન જ થાય છે આ વિચાર જ ખોટો છે. જો માનવતાના વિકાસની વાત કરતાં હો તો જાણો કે વિકાસનો મોટો ભાગ મારા માધ્યમથી જ થયો છે. હું તણાવની સ્થિતિ પેદા કરું છું, એવો પડકાર કરું છું કે માનવીની ભીતરે પડેલી શક્તિઓ સક્રિય થઈ જાય. શાંતિ વેળાએ તો આળસ અને પ્રમાદ વધે છે પણ મારી હસ્તી વખતે માનવી અસાધાણ થઈ જાય છે, વધુ સક્રિય થઈ જાય છે. નવા માર્ગો, નવાં શસ્ત્રો, નવી વૈજ્ઞાનિક શોધો, નવા કિલ્લાઓ, નવી આર્થિક શોધો, વેપાર-વાણિજ્યના નવા નુસખા, સ્વનિર્ભરતાના પ્રયાસો, જેવા ક્ષેત્રોમાં વિકાસની ગતિ વધી જાય છે. હું વિકાસનું પ્રેરક બળ છું અને માનવતાનું રક્ષણ પણ કરું છું. ભય વગર પ્રિત નથી. ડર વગર શિસ્ત નથી. મારા ડરથી તો જીવન સલામત છે અને આતતાયીઓ વશમાં છે તથા ધર્મનું સ્થાપન થાય છે. હું સમયે સમયે મારા કાર્યક્ષેત્રો અને સ્વરૂપો બદલ્યા કરું છું. અસ્ત્ર-શસ્ત્રનું મેદાની યુદ્ધક્ષેત્ર રક્તરંજિત હોય છે. ચિત્કાર, આક્રંદ અને વલોપાતથી માનવ હૈયાને કરુણાથી ધ્રુજાવી દે છે. હવે તો રક્તપાત વગરના મારા અદશ્ય સ્વરૂપને મેં વિકસાવ્યું છે. જેવું કે શીતયુદ્ધ, મનોવૈજ્ઞાનિક યુદ્ધ, સાયબર યુદ્ધ, અંતરીક્ષ યુદ્ધ, પ્રોક્સી યુદ્ધ, વાક્યુદ્ધ, કુટનીતિક યુદ્ધ, આર્થિક યુદ્ધ, રેડિયોલૉઝિકલ યુદ્ધ. મારાં આ સ્વરૂપો રક્તપાત વગર પણ ધ્રુજાવનારાં છે. સમગ્ર માનવજાતને લપેટમાં લેનારા અને સાગમટે ખતમ કરવાની તાકાત ધરાવતાં મારાં સ્વરૂપો પણ મેં વિકસાવ્યાં છે. હું કાળનો પણ કાળ છું. અણુયુદ્ધ, જીવાણુ યુદ્ધ, કેમિકલ યુદ્ધ અને વિશ્વયુદ્ધ જેવા કાળો કેર વર્તાવનારા, કાળઝાળ અને માનવતાને ધમરોળી નાખતાં મારાં સ્વરૂપો અત્યંત બિહામણા છે. મારા સ્વરૂપોનો કોઈ તાગ નથી. અનેકાનેક સ્વરૂપે હું પ્રગટ થયા કરું છું અને આખરી અંજામનો ચુકાદો આપ્યા કરું છું. હું સનાતન સત્ય છું, અજરામર છું. કોઈ સમયે મારી હસ્તી નહોતી અને હવે પછી નહીં હોય એવું પણ નથી. હું ઘાતક હોવા છતાં અનિવાર્ય છું.

મને વશ કરવાના ઉપાયો છે, પણ કઠિન છે. સૌથી પહેલાં તો પરમાત્માને શરણે જવું પડશે. પરમાત્માની રચેલી પ્રકૃતિને ઓળખવી પડશે. આ પ્રકૃતિમાં મારા સ્થાનને જાણવું પડશે. જે લોકોએ પોતાની બુદ્ધિના બળે મનને વશ કર્યું છે, સર્વ કામનાઓનો ત્યાગ કર્યો છે, રાગ-દ્વેશ રહિત હોય, મમતા રહિત હોય, અહંકાર રહિત હોય, સુખ-દુઃખને સમાન માનનારા અને ધીરજવાળા લોકોને હું વતાવીશ નહીં. લાભ કે હાનિ, જય કે પરાજયને સમાન માનનારા, સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન ભાવે રહેનારા અને આસક્તિનો ત્યાગ કરનારનું કશું બગાડી શકું નહીં. સમાનભાવવાળા, સમદષ્ટિવાળા યોગીઓથી હું દૂર રહું છું કારણ કે તેઓ પરમેશ્વરના સાચા સ્વરૂપને જાણે છે. જેઓ સ્પૃહારહિત છે, ઉદ્વેગરહિત છે, જેના ભય અને ક્રોધ સર્વથા જતા રહ્યા છે આવા સ્થિર બુદ્ધિવાળા મનુષ્યોથી હું દૂર રહુ છું. જે હર્ષ, દ્વેષ, અદેખાઈથી મુક્ત છે, જે વ્યથા, હર્ષશોક અને ઇચ્છાથી મુક્ત છે અને શુભાશુભાનો ત્યાગ કર્યો છે તેનાથી હું દૂર રહું છું. પરમાત્માની ત્રિગુણાત્મ માયાને તરી જઈ ગુણાતીત બનનારથી હું દૂર ભાગુ છું. આ બધા યોગ સાધનાના માર્ગો છે જે કઠોર તપથી સિદ્ધ થાય છે. સામૂહિક પ્રજા માટે આવી સિદ્ધિઓ શક્ય નથી. તેથી મારી હસ્તીને કોઈ સમાજ કે કોઈ દેશ મિટાવી શકશે નહીં. મારો ધરાર સ્વીકાર કર્યા સિવાય છૂટકો નથી. મારી અમરતાથી હું પોરસાઉં છું. છેવટે તો હું યુદ્ધ છું. હળાહળ યુદ્ધ!!

## ૦૭. કલાવિથિકા

### કલાકાર હિંમત શાહ મારી નજરે
### સત્ય મુનિ

---

'જો ધારો તો આ દુનિયામાં કશું જ દુર્લભ નથી,

કિંતુ રુચિ ક્યાં છે, લગન ક્યાં છે, ધગશ ક્યાં છે, ધખસ ક્યાં છે?'

(આવી આગ, આવી અભીપ્સા, આવી બલંદી મેં જેમનામાં જોઈ છે, તેવા કલાકાર હિંમત શાહ વિશે)

હિંમત શાહની સર્જન યાત્રાના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય મને બચપણથી મળ્યું છે. કૌટુંબિક સંબંધે નાનો ભાઈ હોવાથી - લગભગ સિત્તેર વર્ષથી તેમની નિકટ સહેજે રહેવાયું છે. આ કારણે તેમનો મારા પ્રત્યેનો ભાવ અને મને તેમના પ્રતિ અતૂટ પ્રેમ અને આદરયુક્ત શ્રદ્ધા. એક અર્થમાં તેમનો હું ઋણી પણ છું. કારણ કે તેમની સંગતને લઈને મારામાં કળા, સંગીત, કાવ્યમાં રસ પેદા થયો. કેટલીયે સંગીતની મહેફિલોને તેમની સાથે માણી છે. ક્લાસિક ફિલ્મો પણ સાથે જોઈ છે. ભારતના કેટલાયે ખ્યાતનામ ચિત્રકાર, શિલ્પી, ફોટોગ્રાફર, કવિ, સંગીતકાર કે સ્થપતિના પરિચયમાં આવવાનું થયું છે. મને કેટલાંયે પ્રદર્શનો જોવા સાથે લઈ ગયા છે. મ્યુઝિયમ કે આર્ટ ગેલેરીમાં ગયા છીએ. તેમના અમદાવાદ, વડોદરા, મુંબઈ, દિલ્હીનાં દરેક નિવાસોમાં સાથે રહી શક્યો છું. દિલ્હીના ગઢી સ્ટુડિયોમાં પણ સાથે રહ્યો છું. તેને લઈને તેમના સર્જન પ્રવાહોને-પરિવર્તનોને સમજવાનું તો ન કહી શકું પણ પરિચયમાં આવવાનું બન્યું છે.

તેવી જ રીતે મારા જીવનના દરેક તબક્કા કે ઘટનામાં પણ તેમનો સાથ અને હૂંફ મળ્યાં છે. આમ, આ બધું ભલે સપાટી પરનું લાગે પણ એ દરેક સમયે તેમણે જે કંઈ આપ્યું અને મેં ઝીલ્યું તેણે મારા કલેવરને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એથી મારું જીવન થોડું ખુલ્લું અને રસપૂર્ણ બન્યું, સમૃદ્ધ અને જીવંત બન્યું, કલા અભિરુચિ ધરાવતું અને સર્જનાભિમુખ બન્યું છે.

વર્તમાન સમયની તેમની વૈચારિક ભૂમિકા અને સર્જનયાત્રાથી થોડો અજાણ છું. પરંતુ આગલાં વર્ષોના સંપર્ક થકી જેટલું સમજી શક્યો છું તેમ જ તેમના ઇન્ટરવ્યૂના વીડિયોઝ અને તેમના સર્જનને દર્શાવતી બૂક્સને જોઈને જે પામ્યો છું, તેને મારી સમજ પ્રમાણે મૂકવા પ્રયત્ન કરું છું. આમાં કળા-વિવેચનની બુદ્ધિ કરતાં તેમના અને મારા કલા પ્રત્યેના ભાવ અને પ્રેમની દૃષ્ટિ વિશેષ છે.

હિંમત શાહને ગળથૂથીમાં કળાના સંસ્કાર મળ્યા હોય કે બચપણમાં કળાનું વાતાવરણ મળ્યું હોય તેવું નહોતું. પરિવાર આકાશી ખેતી, વેપાર, કમીશન એજન્ટ અને વ્યાજ-વટાવનું કામ કરતો હતો. વતન પણ નપાણિયા ભાલનું ગુંદી ગામ (સ્ટેશન લોથલ-ભુરખી). ગામ સાવ નાનું અને ધૂળિયું. નિશાળ પણ તેવી. એટલે કળાનાં બીજ વવાય અને તેમનામાં અંકુરિત થાય તેવું તો કશું કરતાં કશું જ ત્યારે તો નહોતું જ. પરંતુ લાગે છે કે તેઓ કળાસૂઝનું ભાથું લઈને જ આવ્યા હશે. જેથી સાવ વિપરીત પરિસ્થિતિ કે વાતાવરણમાં પણ ભીતરના સામર્થ્યે સંભાવનાઓનો રસ્તો સ્પષ્ટ જોઈ શક્યા. કળા માટેની ધગશ અને ધખના અંદરથી ધક્કો મારતાં હતાં એટલે ધ્યેય ચૂક્યા વગર અને દ્વિધા વગર મંજિલ તરફ ધપ્યે ગયા. જીવનની શરૂઆતથી કલાને સમર્પિત રહેવું છે, તેમ નક્કી થઈ ગયેલું. તેમાં થોડું ઉમેરણ ભાવનગરની ઘરશાળામાં સાંજના સમયે કલાકાર શ્રી જગુભાઈ શાહના વર્ગે કર્યું. તદુપરાંત અમદાવાદની સી. એન. શાહ કલા મહાવિદ્યાલય અને વડોદરાની ફાઇન આર્ટ ફેકલ્ટીનો લાભ મળ્યો. બાકી તો કલાકાર હરક્ષણ કલાદૃષ્ટિ પામતો હોય છે.

જીવનની કલાયાત્રામાં પરિવાર અવરોધક બની શકે તેમ લાગવાથી તેના વિના જીવવું પસંદ કર્યું. તેમ ગોઠવ્યું. કલાને અવતારવા માટે ભીતરનો કેવો ધક્કો અને ધોધ હશે!!

માત્ર મર્યાદાઓથી જીવવાથી કશું પમાતું નથી.
લાક્ષણિકતા પણ જરા જીવાય તો કંઈક બને.

મેં જોયું છે કે હિંમત શાહની કલાયાત્રા હંમેશા નવું શોધતી, પ્રગટાવતી. સતત ગતિશીલ અને વિકસતી. સર્જનની નવી તરાહો પર અને વિવિધ કેડીઓ પર ડગ માંડતી. તેમની જીવન ઊર્જા હંમેશાં ધસમસતી. ક્યાંય કદી રૂકાવટ નહીં. અટકવું થંભી જવું તેમના સ્વભાવમાં નહીં. અને આમેય સર્જકને અટકવું પાલવે પણ નહીં. પ્રવાહનો ધક્કો અટકી શકે જ નહીં. જીવનની દરેક ક્ષણે જે જે સામે આવ્યું હોય - પછી તે લાકડું હોય કે લોખંડ, પત્થર હોય કે માટી, સિમેન્ટ હોય કે ભંગાર, દૃશ્ય હોય કે આકારો, મૌન હોય કે મેળો- તે હંમેશાં તેને જુદી રીતે જ જોતાં અને પામતા હોય છે. અને તેથી દરેક માધ્યમમાં તે પોતાની સર્જનાત્મકતા પ્રગટાવી શકતા હોય છે. અરે, મને તો લાગે છે કે દરેક માધ્યમ પોતાનાં ભીતરને તેમની સમક્ષ ખુલ્લું કરતું હોય છે. હિંમત શાહને મેં આ રીતે અનોખા કલાકાર તરીકે ઓળખ્યા છે.

જો જીવન કી ગત પર ગાયે,
જિસે માટી કી મહક ભાયે,
જો પત્થર કે સાથ સંવાદ કર સકે,
જો રેખાઓં મેં છૂપા નૃત્ય દેખ સકે,
જિનકી દૃષ્ટિ વિશિષ્ટ હો,
કલાકાર વહી હૈ.

હિંમત શાહનું સર્જન કેટલાંયે માધ્યમોમાં સહજનું સૌંદર્ય પ્રગટાવતું અને પ્રાવીણ્યને સ્પર્શતું દેખાશે. પછી ભલે ને તે માત્ર પેન્સિલ કે બ્લેક ઇંકમાં ડ્રોઇંગ હોય, વૉટર કલર કે ઓઇલ કલરમાં ચિત્ર હોય, પેપર બાળીને કરેલા કોલાઝ હોય, લીથો-વુડકટ કે લીનોકટ હોય, પ્લાસ્ટર ઑફ પેરિસ કે સિમેન્ટમાં કાસ્ટિંગ હોય, ઈંટોમાં મ્યુરલ હોય કે બ્રોન્ઝમાં શિલ્પો હોય, વૃક્ષની જાડી ડાળીઓને ગોઠવીને રચેલાં શિલ્પ હોય કે પેપરકટ કે ફોલ્ડ કરીને બનાવેલાં રમકડાં હોય, પોતાનાં કામને માટે બનાવેલાં ટૂલ્સ - એ સઘળામાં તેમની ચેતના અનાયાસ પ્રગટતી અને રચતી દેખાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી તેઓ ટેરાકોટામાં અને બ્રોન્ઝમાં શિલ્પો રચે છે. ચિત્રકારમાંથી શિલ્પી બનવા તરફની યાત્રા કલ્પનાતીત ગણાય. ટેરાકોટામાં માટીના સૌંદર્યને, તેની ગુણવત્તાને પકાવીને ઊભરતાં નવાં નવાં રૂપ અને ટેક્ચરને તેમણે નીખાર્યાં. એકદમ નવા આકારોમાં ઢાળવા, અકલ્પ્ય વિષયો અને સપાટીની નવી જ ભિન્ન ભિન્ન ભાત નિર્મિત કરવી તે તેમનું મોટું અને મૂલ્યસભર પ્રદાન છે. આવા બધા અને આટઅટલા આયામોને લઈને તેમનું આંતરરાષ્ટ્રીય કલાજગતમાં વિશેષ નામ બન્યું છે, ખાસ ઓળખ અને સ્થાન બન્યાં છે.

હિંમત શાહની રચનાઓનો વિષય ક્યારેક એવો હોય કે ઉહાપોહ મચાવી દે. તો વળી ક્યારેક એવું બને કે જાણે નોંધ જ ન લેવાઈ. પરંતુ આવા પ્રતિભાવોની અસર કાયમી કે ભીતરને હચમચાવી દે એવી તેમની ઉપર પડે નહીં. એમની કળાની કદર થાય, વેચાણ થાય, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મૅગેઝિનોમાં લખાય, પુસ્તકો પ્રગટ થાય, કાવ્ય લખાય, ટી.વી. ઉપર ઇન્ટરવ્યૂ કે ડોક્યુમેન્ટરી પ્રસારિત થાય કે બહુમૂલ્ય સન્માનોથી વિભૂષિત થાય - તેવું તો માનવસહજ ગમે જ. એવી પ્રતિષ્ઠા દ્વારા કલાકાર રાજીપો ઓઢતો હોય છે અને પ્રોત્સાહન પામતો હોય છે. પરંતુ તે માટે તેઓ લાલચુ બન્યા નથી. એ માટે આડકતરી રીતે પ્રયત્નો કરે કે રાજકારણ ખેલે તેવું પણ કરે નહીં. સ્વાભાવિકપણે પ્રાપ્ત થાય તો સ્વીકાર્ય. ઓશિયાળા બનવાનું કે સમાધાનો કરવાનું તેમના વલણ-વ્યવહારમાં જ નહીં. બસ, પોતાની સર્જનયાત્રાને પૂરી નિષ્ઠા, નિસ્બત અને વફાદારીપૂર્વક વળગી રહેવું તે જ વલણ. ઉન્નત મસ્તકે ચાલવું, પોતાની કળાનું મૂલ્ય પ્રથમ પોતાના હૈયે ધારણ કરવું અને પોતાની અસ્મિતામાં કળાને ઊજવતા રહેવું — તેવું બહુ ઓછા કલાકારો જીવતા હોય છે. હિંમત શાહ તે પૈકીના કલાકાર ખરા.

હિંમત શાહનું વ્યક્તિત્વ અને દેખાવ પણ પ્રભાવક અને નિરાળાં. તેમના સ્ટુડિયોમાં તેમના કામ વચ્ચે તમે બેસો અને તેમનું કળા વિશેનું દર્શન તમે સાંભળો તો તે તમારા હૈયે વસી જાય તેવા. આવું વ્યક્તિત્વ એમને એમ નિખાર નથી પામતું. 'મારી કળા એ જ મારું જીવન' એવું ગાતો ને જીવતો કલાકાર હર પળ કલામાં શ્વાસ લેતો હોય છે, સ્વયંમાં કળાને સ્થાપતો હોય છે અને કળાના અવતરણને માર્ગ કરી આપતો હોય છે. આમ જે કલાકાર કલામય બની ગયો હોય છે તેના મુખ પર ભીતરનું સૌંદર્ય ઝલકતું હોય છે. આવા

હિંમત શાહ અમારા પરિવારનું, ગુજરાતનું અને દેશનું ગૌરવ છે.

તેમના જીવનમાં ક્યારેક ક્યારેક સમયગાળો એવો જણાય કે સ્થગિત થઈ ગયું હોય. કશું જ નવું સર્જન થતું ન હોય. પણ આવું બાહ્ય રીતે દેખાતું હોય ત્યારે જ ખરેખર તો ભીતરમાં નવું આકારિત થવાનું વલોણું ચાલતું હોય તેવું મેં જોયું છે. નીરવતાનો કે નિષ્ક્રિયતાનો લાગતો આ સમય વિધાયક પરિણામોમાં પરિવર્તિત થતો હોય છે. ક્યારેક શારીરિક ફરિયાદોને એકલા-અટૂલા ભોગવતા હોય. માંદગીના સમયે આવી એકલતા કેટલી કોરી ખાતી હોય તે તો જે એવી પરિસ્થિતિમાંથી પસાર થયું હોય તે જ સમજી શકે. આવી પરિસ્થિતિમાં પણ તેમનું મનોબળ ગજબનાક મજબૂત હોય. આર્થિક સંકડામણનો તબક્કો લાંબા ગાળા સુધી તેમના જીવનમાં રહ્યો છે. લાંબા સમય સુધી આવું ઝીલવું પડે કે તેની સામે ઝીંક ઝીલવી પડે ત્યારે કાચો-પોચો માણસ તો ભાંગી જ પડે અથવા હતાશ થઈને જીવનની લડાઈ પડતી મૂકી સલામતીનું શરણું સ્વીકારી લે કે સમાધાનના માર્ગો અપનાવી લે. પણ, ના. આવું કરે તે હિંમત શાહ તો નહીં જ. નામ એવા ગુણ. ભીતર સાબૂત. જાણે એવું લાગે કે તેમના જીવનમાં અસલામતી અને જોખમોએ આવીને સર્જન માટેની અંતરભૂમિ વિશેષ સમૃદ્ધ બનાવી. ભલે સફર અનિશ્ચિત રહી હોય પણ વિકાસ નિશ્ચિત રહ્યો. પડકારો ભલે આવ્યા પણ તેમણે તેમની શક્તિને વધુ ધાર આપી. જગાડી.

થોડું વિશેષ કહું તો — દરેક મનુષ્યે જીવન વિશેનું સત્ય પોતીકું ઊભું કર્યું હોય છે. કલાકારે જીવાતા જીવન અને કળાપથ પરનાં પગલે સત્ય શોધવાનું હોય છે. પછી આ સત્યને વળગીને, એને ઉજાગર કરતાં કરતાં કલાકાર જીવતો હોય છે. જીવનમાં પ્રાપ્તિની અભિલાષા પણ તે તેમાંથી સંતોષતો હોય છે. પોતાનો ફેલાવ પણ તે તેની દ્વારા જ કરતો હોય છે. પોતાના હોવાપણાની અનુભૂતિને પણ તે તેમાંથી જ પામતો હોય છે. એટલું જ નહીં પણ જીવનનો અર્થ કહો કે મર્મ કહો કે સાફલ્ય કહો તે તેમાં જ સમાયેલું છે- તે રીતે જીવતો હોય છે.

કવિ વૉટ વ્હીટમેન કહે છે : I celebrate myself, and sign myself.

આમ દરેક માણસે પોતાને ઉઘાડવાનો હોય છે અને પ્રગટ કરવાનો હોય છે. પોતાને અભિવ્યક્ત કરવાનો હોય છે. પોતાને જ ઉજવવાનો હોય છે અને ગીત પોતાનું જ ગાવાનું હોય છે. સ્વયં પ્રત્યે અખૂટ શ્રદ્ધા સાથે પોતાનું મૂલ્ય જીવવાનું હોય છે. હિંમત શાહ આવા કશા જ શબ્દો કે પ્રગટ વિચાર વગર આવું જ જીવ્યા છે અને જીવી રહ્યા છે.

ક્યારેક કલા વિશે કે પોતાના કામ વિશે બોલતા હોય, અભિપ્રાય કે મંતવ્ય આપતા હોય ત્યારે તેઓ એકદમ સ્પષ્ટ. કોઈપણ જાતનો પડદો નહીં કે નહીં કોઈની પરવા. અને ત્યારે એવું લાગે કે તેઓ પોતાની જ વાતને સાચી બતાવે છે. પરંતુ તેવા અવાજમાં પણ અહંનો ઓછાયો નથી હોતો પણ સ્વ પ્રત્યેની બુલંદ શ્રદ્ધા હોય છે. જો પોતાનામાં આવી શ્રદ્ધા ન હોય તો માણસ સર્જનયાત્રાની આવી આકરી તાવણીમાં જીવનભર ટકી જ ન શકે. ક્યારેક તેમના બયાનમાં વિદ્રોહ ઊભરતો લાગે. આવો અવાજ પરંપરા અને સ્થાપિત થયેલી માન્યતાઓને તોડતો હોય છે અને પછી સાફ થયેલી ભૂમિમાં નવાં દર્શન અને નવા અંદાજને સ્થાપતો હોય છે. એની આવી જ રીત હોય છે કારણ કે કલાધર્મને તેણે પ્રમાણ્યો હોય છે અને જીવીને જાણ્યો હોય છે. એટલું જ નહીં હરક્ષણ તેની સામે તદ્દન તાજું અને કુંવારું જગત પ્રગટતું હોય છે અને તેને વસ્તુને જોવાનો પાઠ મળતો હોય છે.

તુમ હો
પર્યાપ્ત હૈ તુમ્હારા હોના
યહ ભી પર્યાપ્ત હૈ કિ સંવેદનાએં હૈં જો જા સકતી હૈ
દૂર તક બહુત દૂર તક
ક્યોં કિ સંવેદના કી સંભાવનાએં
બહુત હોતી હૈ
કલા કો પ્રગટાને કે લિયે

હિંમત શાહ મારી આંખે, મારી હૈયા ઉકલતે મને આવા સમજાયા છે. બાકી તો હિંમત શાહ નામ જ પર્યાપ્ત છે. એમનામાં રહેલો કલાકાર આવો છે તે ઓળખવા અને ઓળખાવવા મારો પ્રયાસ છે. સર્જન અને સર્જકને સમજાવવા શબ્દો ઊણા જ ઊતરે તેવું સમજું છું. છતાં પણ . .

એમના સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ અને સર્જનયાત્રા માટે અમારી છલકતી શુભેચ્છાઓ.

## જ્ઞાનેશ્વર યેવાત્કરઃ પેડલિંગ ફોર પીસનો યુવા ગાંધી-સૈનિક

**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

---

એક યુવાન સાયકલ લઈને નીકળી પડ્યો છે ૭૫ દેશની યાત્રાએ! શા માટે? કારણ બસ એટલું કે એને ગાંધીની સત્ય, પ્રેમ અને કરુણાની વાતને લોકોના હૃદય સુધી પહોંચાડવી છે. ગાંધીની વિશેષતાઓની યાદી બનાવવા બેસીએ તો આપણા પ્રયત્નની શાહી ખૂટે પણ યાદી તો લંબાતી જ જાય. એમાંની જ એક વિશેષતા એટલે એમણે જન-માનસ સમજવા માટે કરેલી યાત્રાઓ. મહારાષ્ટ્રના એક યુવાનને પણ આવી યાત્રા કરવાનું સૂઝ્યું અને આ યુવાનનું નામ છે જ્ઞાનેશ્વર/ધ્યાનેશ્વર. સૌએ ગાંધી-૧૫૦ પોતપોતાની રીતે ઊજવ્યા પણ ધ્યાનને થયું કે ગાંધી-સંદેશો શક્ય તેટલા વ્યાપક સમાજ સુધી પહોંચાડવા માટે દુનિયા સુધી રૂબરૂ જવું પડશે – આ અર્થમાં એને MSG (Messenger of Gandhi) કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય!

ગાંધી આશ્રમ સેવાગ્રામ (વર્ધા)થી ૧૬ નવેમ્બર ૨૦૧૬ના રોજ પોતાની સાયકલ, એક તંબુ, થોડાં કપડાં, નાનકડો પોર્ટેબલ ગેસ-ચૂલો અને અમાપ શ્રદ્ધા લઈને 'જય જગત, જય જગત પૂકારે જા...' ગણગણતો દુનિયાને ગાંધી ચિંધ્યા માર્ગ પર ચાલવાનો અંગુલીનિર્દેશ કરવા જ્ઞાનેશ્વર તો નીકળી પડ્યો. અત્યાર સુધીમાં એણે ૪૬,૦૦૦ કિલોમીટર સાયકલ ચાલવી છે અને જ્યાં જ્યાં જાય છે ત્યાં ગાંધી-વિચાર વાવતો જાય છે. વળી, એની યાત્રાની ખાસ વાત તો એવી છે, એ પોતાની સાયકલ માત્ર ગામડાઓમાં અને નાના શહેરોમાં ચલાવે છે. શક્ય હોય ત્યાં સુધી મહાનગરોમાં ન જવું એવું એણે નક્કી કર્યું છે. રસ્તામાં આવતી શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ અને સામાજિક સંસ્થાઓની મદદ વડે વિશ્વ-મૈત્રીની ભાવનાને પ્રબળ બનાવવા ભારતથી નીકળીને મ્યાનમાર, લાઓસ, વિએટનામ, કમ્બોડિયા, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, બાલી, તાઈવાન, સિંગાપોર, ચાઇના, જાપાન, કોરિયામાં થઈને એની સાયકલ ગણ્યા-ગણાય નહીં અને વર્ણવ્યા વર્ણવાય નહીં એવા અનુભવોને જીવન-ભાથામાં ભરતો એક ગાંધી-સૈનિક આગળ વધી રહ્યો છે.

આ યુવાન સાવ જુદીનો માટીનો એટલા માટે પણ છે કે એણે આ યાત્રા શરૂ કરતાં પહેલા ગાંધીનું જ ઘણું કામ કર્યું છે. જેમ કે એ ગરીબ બાળકો સાથે કેળવણીનું કામ કરે છે અને ૨૦૧૨-૧૩માં મુઝફ્ફરનગરમાં જે કોમી-રમખાણો થયાં ત્યાં જઈને હિંદુ-મુસ્લિમ યુવાનોને સાથે રાખીને શાંતિ માટેના સફળ પ્રયત્નો કર્યા છે. ભારતમાં અને દુનિયામાં અહિંસામાં શ્રદ્ધા ધરાવનારા લોકોનો તૂટો નથી, સવાલ એટલો જ છે કે એ બધાને એક સાથે કેવી રીતે જોડી શકાય. અનેક સંસ્થાઓ આવું કામ કરતી જ હોય છે પણ જ્યારે આવા એકલવીર આવા પ્રયત્નો આદરે છે ત્યારે આપણને થાય કે ગાંધી થોડો-થોડો સૌમાં અવતર્યો છે અને જ્ઞાનેશ્વરમાં થોડો વધારે અવતર્યો છે, કેમ કે એણે પોતાને જે વિચારમાં શ્રદ્ધા છે એને જીવંત રાખવા માટે નક્કર પગલાં ઉઠાવ્યાં છે.

કોરોનાકાળમાં એ કોસ્ટા-રિકામાં ત્યાંની એક સંસ્થા સાથે ઘર-વિહોણા માટે ખાવાનું પહોંચાડવાના કામમાં લાગી પડ્યો. પણ એની સાયકલ ચોરાઈ ગઈ! વિએતનામમાં એની પાસે રહેલા પૈસા ખતમ થઈ જાય છે અને ત્યાંથી આગળ કમ્બોડિયાની વિઝાની અરજી માટેના પણ પૈસા નથી! હવે? એટલે જ્ઞાનેશ્વર કમ્બોડિયાની એમ્બેસીમાં મળવા જાય છે પણ પહેલાં તો એમ્બેસેડર એને મુલાકાતનો સમય જ આપતા

નથી. પણ જ્ઞાનેશ્વરે જ્યારે પોતાના ગાંધી-સાયકલ યાત્રાની વાત કરી ત્યારે એ એમ્બેસેડર એને કોઈપણ પ્રકારની ફી વગર કમ્બોડિયાના વિઝા આપે છે! કોણ કહે છે કે દુનિયામાં બધું બગડી ગયું છે?

જ્ઞાનેશ્વરની આ યાત્રાનો એક અનુભવ આપણને અનેક રીતે ગાંધીના વિચારો પર વધુ મક્કમ રીતે કામ કરવા પ્રેરે તેવો છે. એ મેક્સિકોના જંગલમાં એક રાત્રે જ્યારે એ પોતાના ટેન્ટમાં સુતો હતો ત્યાંથી ડ્રગ્સ માફિયા એને કિડનેપ કરી જાય છે. એનું બધું જ લઈ લે છે. એ લોકોને અંગ્રેજી નહોતં આવડતું અને જ્ઞાનેશ્વરને સ્પેનીશ નહોતું આવડતું. એ લોકોને પોતાની વાત સમજાવવી કેવી રીતે? દરેક દેશમાં ગુગલ ટ્રાન્સલેટરે એને ખૂબ જ મદદ કરી એમ અહીંયા પણ એ કામે આવ્યું. થોડા દિવસો તો જ્ઞાનેશ્વરે એ લોકોનું ફેંકી દીધેલું એંઠું ખાવું પડ્યું! પણ એ પોતાની અહિંસા અને કરુણાની વાતને વળગી રહ્યો. એ લોકો માટે એણે ભારતીય દાળ બનાવી અને ધીમેધીમે એ લોકો સાથે સંવાદ શરૂ થયો. ડ્રગ્સ માફિયાના સંતાનો હજારો માઈલ દૂર છાત્રાલયોમાં રહીને ભણે છે અને એ લોકો બિલકૂલ ઈચ્છતા નથી કે એમનાં બાળકો આ વ્યવસાયમાં આવે. જ્ઞાનેશ્વરે એમને પણ આ વ્યવસાય છોડવા કહ્યું પણ એ લોકોએ કહ્યું કે ડ્રગ્સનો વ્યવસાય વન-વે છે જેમાં કોઈ યુ-ટર્ન નથી! આખરે આ માનવીય-સંવાદના અંતે એ લોકોએ જ્ઞાનેશ્વરને આગળની યાત્રા માટે છોડી મૂક્યો! ગાંધીનું કામ કરવા નીકળેલા કોઈપણ વ્યક્તિએ આવી તૈયારી રાખવી પડે. સત્ય અને પ્રેમના માર્ગમાં પણ મુશ્કેલીઓ તો આવે પણ આ તો ગાંધીનો-સૈનિક અને એમાંય વળી યુવાન, એ તો આગળ વધ્યે જ જાય છે.

ચાઈનાની યાત્રા દરમિયાના ત્યાંના ‘શાંઘાઈ ડેઇલી’ નામના અખબારે જ્ઞાનેશ્વરની આ યાત્રા વિશે લખ્યું અને એનું મથાળું બાંધ્યુંઃ ‘માઓના દેશમાં ગાંધી’. જ્ઞાનેશ્વર જણાવે છે કે ચાઇનાની યુનિવર્સિટીઓમાં ‘ગાંધિયન મેનેજમેન્ટ’ ભણાવવામાં આવે છે. કોરિયામાં ‘ગાંધી-સ્કૂલ’ છે જે નઈ-તાલીમના ‘Head-Heart-Hand’ના સિદ્ધાંતો પર ચાલે છે. ક્યારેક બે સાપ એના ટેન્ટમાં ઘૂસી જાય છે તો ક્યારેક છ-સાત કલાક સુધી વરસાદમાં ઊભા રહેવું પડે; ક્યારેક સમાન ચોરાય જાય, ક્યારેક ચાર દિવસ સુધી ભૂખ્યા રહેવું પડે. પણ આ બધાના અંતે ગાંધીનું કામ કરવાનો સંતોષ જ એના પગમાં તાકાત ભરે છે અને સાયકલ ચાલ્યા કરે છે...

એની સાથે વાત કરી. ૨૦૨૩માં એ ભારત પરત ફરે છે. અમે એને લોકભારતીમાં આવવાનું આમંત્રણ આપ્યું છે અને એણે સ્વીકાર્યું છે....!

અમારે ત્યાં જ્ઞાનેશ્વર આવે ત્યારે તમે આવશો?

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી ડાહ્યાભાઈ ત્રિવેદીના દીકરા શ્રી પ્રકાશભાઈ ત્રિવેદીનું તા. ૧૦-૧૧-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી રાજુભાઈ નૈયાના માતુશ્રી મોંઘીબેન બચુભાઈનું તા. ૧૨-૧૧-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી- કોઠાર વિભાગના કાર્યકર શ્રી રાણાભાઈ લવતુકાના પિતાશ્રી સાદુળભાઈ લવતુકાનું તા. ૧૩-૧૧-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના બાલવાડીના ચોકીદાર શ્રી ગવુભાઈ ગોહિલનું દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## નરવી ટેક્નૉલૉજીના માણસ : શ્રી છેલભાઈ શુક્લ

હસમુખ દેવમુરારિ
hdevmurari@gmail.com

---

કબીરે અધ્યાત્મ સંદર્ભે એક સરસ દોહો રચ્યો છે :

ઊઠા બગુલા પ્રેમ કા, તિનકા ચડા આકાશ;
તિનકા તિનકે સે મિલા, તિનકા તિનકે પાસ.

આવું જ કંઈક ગાંધીયુગમાં પણ બન્યું. ગાંધીએ એક 'સ્વરાજ'નું વાવાઝોડું ફૂંકેલું અને તેમાં કેટલાંયે તણખલાંઓ ઊડીને આકાશ ચડી ગયાં. એક જબ્બર જુવાળ હતો. લોકો-કાર્યકરો-વિદ્યાર્થીઓ-યુવાનો-યુવતીઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીની પરવાહ કર્યા વિના ગાંધીએ બતાવેલા રસ્તે સમાજને તંદુરસ્ત બનાવે-રાખે તેવી કોઈ-ને-કોઈ પ્રવૃત્તિઓમાં જોડાયાં-જોતરાયાં. આ ગાળો હતો આઝાદી પૂર્વેના થોડાં વર્ષોનો અને પછીના થોડાં વર્ષોનો. જેમ દયાનંદ સરસ્વતીએ આહ્વાન કરેલું કે Go back to Vedas જ એમ જ ગાંધીએ પણ નવો વિચાર રજૂ કર્યો કે Go back to Villages. અંગ્રેજોએ આપણા ઉપર ઠોકી બેસાડેલી શિક્ષણપ્રથા, જીવનશૈલી, રાજનીતિ વગેરેને પડકાર આપી સમાજને તંદુરસ્ત બનાવે તેવા વિચારો પત્રકારત્વના જુદાં જુદાં માધ્યમો દ્વારા સમાજ સામે ગાંધીજીએ રજૂ કર્યા. આની એક જબરી અસર સમાજ ઉપર પડી અને ઉપર જણાવ્યું તેમ કેટલાયે કાર્યકરોએ શિક્ષણક્ષેત્રે, ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રે, સફાઈ ક્ષેત્રે, અસ્પૃશ્યતા-નિવારણ ક્ષેત્રે, અન્ય રચનાત્મક કાર્યોનાં ક્ષેત્રે પોતાનાં જીવન અર્પણ કરી દીધાં. આમાંના એક તે શ્રી છેલભાઈ શુક્લ.

મારો એમની સાથે પરિચય અમે એક જ ગામ(આંબા-સલડી, જિ. અમરેલી)ના વતની, તે નાતે. એમનું પ્રમુખ કાર્યક્ષેત્ર ગઢડા-ગોપાલધામ. પણ આ કાર્યક્ષેત્રમાં તેઓ આવ્યા તે પહેલાં ઘડાયા, સાવરકુંડલામાં સમાજને બેઠો કરવા પલાઠી વાળીને બેઠેલી ત્રિપુટી પાસે. આ ત્રિપુટી એટલે કેશુભાઈ ભાવસાર, અમુલખભાઈ ખીમાણી અને લલ્લુભાઈ શેઠ. લગભગ વીશમી સદીના પહેલાં દસકાઓમાં આ ત્રિપુટીએ કેટલાયે યુવાનોને ઘડ્યા, તે પૈકીના એક તે છેલભાઈ. છેલભાઈનો કૌટુંબિક વારસો વૈચારિક રીતે બહુ સમૃદ્ધ નહીં પણ સાવરકુંડલા-ખડસલીમાં સમૃદ્ધ વાવેતર થયું અને કેળવણી થઈ. યુવાનીના કાળમાં વળી એમના જેવા અન્ય યુવાનો સાથે સમૂહ ખેતીના પ્રયોગો પણ આદર્યા. સહકારી પ્રવૃત્તિઓ પણ કરી અને એમ એમની કેળવણી થતી રહી.

ગાંધીજીના નેતૃત્વ હેઠળ જ્યારે દેશને આઝાદી મળી અને સરદાર પટેલે દેશને એક કર્યો તેમાં દેશનાં સાડા પાંચસોથી પણ અધિક રજવાડાંઓએ પોતાનું રાજ્ય દેશને શરણે ધર્યું, તેમાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પહેલ. મહારાજા કૃષ્ણકુમારસિંહજી દુરંદેશી અને માણસપારખું. એમણે પોતાનું રાજ્ય ગાંધીજીને ચરણે ધર્યું તો સાથે જેમ બ્રાહ્મણને દક્ષિણા આપતા હોય તેમ પાંચ લાખ રૂપિયા પણ આ બ્રહ્મ-વણિકના ચરણે ધર્યા અને કહ્યું કે આ રકમ આપ મારા રાજ્યમાં આપની વિચારધારા મુજબની ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓ કરવામાં ઉપયોગમાં લેશો. ગાંધીજીએ રાજ્ય સરદાર વલ્લભભાઈ પટેલને સોંપ્યું અને રૂપિયા પાંચ લાખ ગાંધીયન ઈકોનોમિકના પ્રખર અને અધિકૃત પ્રણેતા અને પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી કે જેમનો અભ્યાસ વગેરે બધું વિદેશોમાં જ થયેલું અને ગાંધીજીના અત્યંત પ્રભાવમાં આવીને નરવા અર્થશાસ્ત્રની હિમાયત કરતા થયેલા તેવા શ્રી જે. સી. કુમારપ્પાને સોંપ્યા. એ વખતના ગઢડાના નગરશેઠ મોહનલાલ મોતીચંદ શેઠે તક ઝડપી અને એ માટે પોતાના ગામ ગઢડાને પસંદ કરવા અનુરોધ કર્યો. અને આમ સને ૧૯૪૮માં ગઢડામાં ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓ શરૂ કરવાનાં મંડાણ થયાં. ગ્રામ ઉદ્યોગો કેવા હોવા જોઈએ,

આ માટેનું એક આદર્શ મૉડેલ કેમ્પસ કેવું હોવું જોઈએ એ બધું ધ્યાનમાં રાખીને ગઢડા સંસ્થાની રચના અને ગોઠવણી થયેલી. કુમારપ્પાજી તો એ સંસ્થાની રચના પછી દેશ કક્ષાનું કામ સંભાળતા તેથી ગઢડા સંસ્થામાં વધુ સમય ન ફાળવી શક્યા અને કાળબળે લગભગ ૧૯૬૦-૬૧ સુધી સંસ્થાની બહુ પ્રગતિ કે વિકાસ ન થયેલાં. આ સંસ્થાને સંભાળવા માટે જ જાણે કે પેલી ત્રિપુટી છેલભાઈને તૈયાર કરી રહી હોય તેવું થયું. દસ-બાર વર્ષમાં ગઢડા સંસ્થા કંઈ તેના હેતુઓ માટે બહુ કાઠું કાઢી શકેલી નહીં. અમુલખભાઈ અને લલ્લુભાઈ ગઢડા સંસ્થામાં પણ ટ્રસ્ટીઓ હતા. તેમના ધ્યાનમાં છેલભાઈ આ કાર્ય માટે બરાબર વસી ગયા. અને ૧૯૬૧-૬૨ના અરસામાં આ સંસ્થા તેઓએ છેલભાઈને સોંપી. આમ, ગઢડા સંસ્થા અને છેલભાઈનો તાંતણો જોડાયો.

છેલભાઈ વિચારસરણીથી એવા ઘડાયેલા કે તેમનામાં ખાદી, ગ્રામ ઉદ્યોગ, એપ્રોપ્રિયેટ ટેક્નૉલૉજી એ બધાનો સુભગ સમન્વય જોવા મળે. ૧૯૬૨થી ૧૯૮૨ના બે દસકાઓમાં તો એમણે ગ્રામ ઉદ્યોગ મંદિર, ગઢડા સંસ્થાને ગુજરાતની ટોચની સંસ્થાઓની હરોળમાં પ્રસ્થાપિત કરી દીધી. એમણે ગઢડા સંસ્થાનું કાર્ય એવું સુપેરે ગોઠવ્યું કે ગઢડા સંસ્થાની કેટલીયે વિશેષતાઓ ગુજરાત જ નહીં પણ દેશમાં પણ ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રે ઊડીને આંખે વળગે તેવી હતી. આમેય જે.સી. કુમારપ્પાજીનું આયોજન અને રચના બહુ આયોજનપૂર્વકની હતી. અને તેમાં સોનામાં સુગંધ ભળે તેમ છેલભાઈની દૂરંદેશી ભળી. હાથકાગળ ઉદ્યોગ, ચુના ઉદ્યોગ, સુથારી-લુહારી વિભાગ, તેલઘાણી વિભાગ, અખાદ્ય તેલની બનાવટનો સાબુ, અંબર પરિશ્રમાલય, અંબર પુણી પ્લાંટ વગેરે તેના ઉત્તમ નમૂના હતા. ગુજરાતમાં હાથકાગળ ઉદ્યોગ બહુ ઓછી સંસ્થાઓમાં ટકી શક્યો છે. આ ઉદ્યોગ શરૂ તો ઘણી સંસ્થાઓમાં થયેલો પણ હાથકાગળ ઉદ્યોગને ટકાવી રાખવો અને જાળવી રાખવો કપરું કાર્ય છે. આ સંસ્થામાં આજદિન પર્યંત હાથકાગળ ઉદ્યોગ શરૂ છે. આ સંસ્થાના સરંજામ (સુથારી-લુહારી) વિભાગે પણ ઠીક ઠીક કાઠું કાઢેલું. છેલભાઈની એક વિશેષતા કે તેઓ કેવા કાર્યકર પાસેથી કેવું કામ લઈ શકતા તે સમજવા જેવું છે. આ સરંજામ વિભાગના વ્યવસ્થાપક તરીકે એક સાવ અભણ (ભણેલ નહીં, પણ ગણેલ) એવા એક કાર્યકર. નામ એમનું ભીમજીભાઈ મેળકિયા. માંડ લખી-વાંચી શકે. પણ સૂઝ અને આવડત એવી કે ઇજનેરે કરી આપેલાં ડ્રોઈંગને પણ બરાબર સમજી શકે! એક ઉદાહરણ આપું. એ સમયમાં રંઘોળા મુકામે ઠીક ઠીક મોટો કહી શકાય તેવો ડેમ બનતો હતો. તે ડેમના દરવાજાની રચના એવી કે તેને મેન્યુઅલી ઉઘાડ-બંધ કરવાની જરૂર ન પડે. આપોઆપ જ પાણીનું લેવલ વધે અને પાણીનું દબાણ વધે કે દરવાજા આપોઆપ જ ખુલી જાય, તેવી સિંચાઈના એન્જીનિયરોની ડીઝાઈનને સમજીને તે દરવાજા આ ભીમજીભાઈએ ગઢડાના સરંજામ વિભાગમાં બનાવેલા! શરૂઆતના વર્ષોમાં બહેનોનાં અંબર પરિશ્રમાલય સંસ્થાની અંદર કેવાં ચાલે! સવારે અને સાંજે સંસ્થામાં કામ કરતી આ બધી બહેનો અને અન્ય ઉદ્યોગોમાં કામ કરતાં બીજા કારીગરો નીકળે તો આખું ગામ જોઈ રહે એટલી મોટી સંખ્યા હોય. ગામમાં પણ એવો પ્રભાવ કે આ બહેનું-દીકરિયુંને કોઈ ઇશારો પણ ન કરી શકે. ગામ સાથે પણ ખૂબ ગાઢો સંપર્ક. ગઢડા ગામમાં ચાલતી હાઈસ્કૂલનું સંચાલન જે તે કેળવણી મંડળે છેલભાઈને પ્રમુખ બનાવીને સોંપેલું અને છેલભાઈએ તો દાતાઓના સહયોગથી બહેનો માટેની મોટી ગર્લ્સ હાઈસ્કૂલ પણ બનાવી દીધી. તદુપરાંત સંસ્થામાં જીવનશાળા નામે એક એવી હાઈસ્કૂલ પણ બનાવી કે તેમાં વિદ્યાર્થી અર્ધો દિવસ ભણે અને અર્ધો દિવસ કોઈ વર્કશોપમાં કૌશલ્ય કેળવવાય તેવું કામ કરે (વિદેશની હાફ હાફ સ્કૂલની સંકલ્પના) અને તેમાંથી કમાણી પણ કરે. ઉઊંની કેળવણી. તદુપરાંત એક ઉત્તમ કક્ષાનું બાલમંદિર પણ બનાવેલું, જે એ સમયમાં બહુ પ્રશંસા પામેલું.

પોતે માત્ર ઑફિસમાં બેસીને જ સંચાલન કરનારા પૈકીના કાર્યકર નહોતા. એક બનેલો પ્રસંગ રજૂ કરું. આ લખનારે તેના જીવનની કારકિર્દીની શરૂઆત ગઢડાની આ સંસ્થામાં જ છેલભાઈના સીધા માર્ગદર્શન તળે કરેલી. શરૂઆતમાં હું એક ચોથા વર્ગના કાર્યકર તરીકે એ સંસ્થામાં જોડાયેલો. તે વખતે એક દિવસ બહારથી એક ઉચ્ચ અધિકારી

ઓચિંતા જ છેલભાઈને મળવા માટે ઑફિસમાં આવ્યા. મારા ઉપરી કાર્યકરે મને તેઓને લઈને છેલભાઈ પાસે જવા સૂચવ્યું. એ અધિકારી ક્યારેય છેલભાઈને અગાઉ મળેલા નહીં, આ પહેલી વખત જ મળવાના હતા. હું એમને છેલભાઈ જ્યાં એક ખાતરની ખાડની ઉપર ગોશાળાના છાણ-કચરાની ઉપર માટી અને પાણી જાતે જ એક મજૂરની સાથેસાથે ચડાવી રહ્યા હતા-ફોળી રહ્યા હતા ત્યાં લઈ ગયો. ખાદીની ચડ્ડી, ઉપર ખાદીનો સદરો અને પોતે પૂરેપૂરા છાણ-માટી-પાણીથી ખરડાયેલા! પેલા અધિકારીએ મને બે વખત પૂછ્યું કે આ જ છેલભાઈ છે? આમ, તેઓ પ્રત્યક્ષ કામના માણસ. દિવસનો અર્ધો સમય પૂરા આવાં કોઈને કોઈ કામમાં જ હોય અને અડધો દિવસ ઑફિસમાં બેસી વહીવટી કાર્યો કરે. જીવનની છેલ્લી ક્ષણો સુધી તેઓ પ્રત્યક્ષ કાર્ય કરતા રહ્યા. તેઓના ગઢડાના ખાદી ગ્રામોદ્યોગના પ્રશંસનીય કાર્યથી પ્રેરાઈને વચ્ચે થોડા સમય માટે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી તરીકે અને અખિલ ભારતીય ખાદીગ્રામોદ્યોગ આયોગની પ્રમાણપત્ર સમિતિના પશ્ચિમ ઝોનના ચેરમેન તરીકેની સેવાઓ પણ લેવાયેલી.

અખતરાઓ અને પ્રયોગોના આવા માણસ મેં બીજા જોયા નથી. ગ્રામીણ ટેક્નૉલૉજીના અનેક અખતરાઓ એમણે હાથ ધરેલા. બધા જ અખતરા કંઈ સફળ જ થયા હોય, તેવું ન બને. પણ હાર માને નહીં તેવા. એમને મનમાં અનેક તુક્કાઓ સુજ્યા જ કરે. એક વખત એમના મનમાં તુક્કો આવ્યો કે ચાલો વિદેશ ફરવા જઈએ. હવે એ સમયમાં ૧૯૭૨માં વિદેશ જવું એ કેટલું અસંભવિત ગણાય તે સમજી શકાય તેવી વાત છે. અને એ પણ માત્ર કોઈ એક દેશ જઈને પાછા આવી જવું એટલું નહીં. વિશ્વના ઘણા દેશનો પ્રવાસ એમણે ખેડવાનું નક્કી કર્યું. એમના એક મિત્ર સ્વ. કિશોરભાઈ વ્યાસ અમેરિકા હતા. તેનો સંપર્ક કરી એમણે ત્રણ જણાએ રવિભાઈ વ્યાસ, છેલભાઈ અને એ મિત્ર સ્વ. કિશોરભાઈ વ્યાસ એમ ત્રણ જણાએ પૂરા એક વર્ષ સુધી અમેરિકા, કેનેડા, યુરોપના ઘણા દેશ, પશ્ચિમ એશિયાના ઘણા દેશ એમ વગર પૈસે ફર્યા! વગર પૈસે એમ સમજીને લખું છું. લોકમિલાપના મહેન્દ્રભાઈ મેઘાણીનો સહયોગ લીધો અને વિદેશોમાં વેચાણ માટે પુસ્તકો લઈ જઈને તે વેચીને પ્રવાસનો ખર્ચ કાઢ્યો! અને આ વિદેશ પ્રવાસ પણ કેવો સાહસિક, ત્યાંની એક જૂની ફોક્સવેગન (સ્ટેશન વૅગન ટાઈપની) ગાડી ખરીદી લીધી અને તેમાં પ્રવાસ કર્યો! બધા દેશોમાં આ ગાડીમાં પ્રવાસ કરી વળી એ ગાડી પ્રવાસ પૂરો કરીને ભારત પણ લાવ્યા! વર્ષો સુધી એ ગાડી ગઢડા-ગોપાલધામ સંસ્થામાં અમે બધાએ જોઈ છે, તેમાં બેઠા પણ છીએ! હમણાં જ થોડાં વર્ષ પૂર્વે આ ગાડી ભંગાર તરીકે વેચી!

તેઓ પ્રવાસના ગજબના શોખીન. ૧૯૮૧ની સાલમાં લલ્લુભાઈ શેઠ અને છેલભાઈ સાથે અમે કાર્યકરો પોતાના પરિવાર સાથે લગભગ અઢારેક વ્યક્તિઓ બે ખખડધજ મેટાડોર અને સ્ટેશન વૅગન ગાડીઓ લઈને રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, નેપાળ, આસામ, બંગાળ, નાગાલેન્ડ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, એમ લગભગ ચાલીસેક દિવસનો એકદમ સાહસિક અને રોમાંચક પ્રવાસ કરેલો. અમારી બંને ગાડીઓ ઠીક ઠીક જૂની હતી. એક રમૂજી પ્રસંગ બનેલો. અમારી બંને ગાડીઓ છપૈયા થઈ અયોધ્યા તરફ જઈ રહી હતી. હું આ પ્રવાસમાં નકશા-રૂટની જવાબદારી સંભાળતો હતો એટલે એક ગાડીમાં આગળની સીટમાં ડ્રાઈવરની બાજુમાં હું બેઠો હતો. ત્યાં અચાનક જ મેં અમારી ગાડીની આગળ રોડ પર ગાડીનું એક વ્હીલ દડતું જતું જોયું. મેં અમારા ડ્રાઈવરને કહ્યું કે જુઓ તો આગળ કોઈની ગાડીનું વ્હીલ દડતું જાય છે. અમારો ડ્રાઈવર મને કહે કે એ બીજાની ગાડીનું વ્હીલ નથી આપણી જ ગાડીનું વ્હીલ છે! આમ છતાં અમે તો આવી ગાડીઓમાં અયોધ્યાથી નેપાળના પહાડી વિસ્તારમાં થઈને કાઠમંડૂ પહોંચ્યા જ. અને ત્યાંથી હિમાલયને ક્રોસ કરતાં પાઘડીપને નેપાળને વીંધતા જનકપુરી થઈને છેક સીલીગૂરી પહોંચેલા. અહીં એ પ્રવાસનું વર્ણન કરવાનો હેતુ નથી તેથી અટકું. આવા બીજા પણ અનેક પ્રવાસો એમણે કર્યા છે. મારામાં જો પ્રવાસના સંસ્કાર પડ્યા હોય તો તે એમને કારણે છે.

જો છેલભાઈનું માત્ર બે જ શબ્દોમાં વ્યક્તિત્વ વ્યક્ત કરવું હોય તો તે આ લેખનું શીર્ષક છે, તે બે શબ્દો! એમણે એપ્રોપ્રિયેટ ટેક્નૉલૉજી અંગે એટલા પ્રયોગો કર્યા છે કે એકાદ મોહનભાઈ પરીખ જેવાને બાદ કરતાં અન્ય કોઈ તેના જેવું

ઉદાહરણ ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રે દેશભરમાં મળવું મુશ્કેલ મને લાગે. તેઓ ખાદી અને ગ્રામોદ્યોગની પરંપરાગત જે ટેક્નૉલૉજી છે તેના તો પૂરા જાણકાર, પણ તેઓ એટલેથી ક્યારેય અટક્યા નહોતા. તેમને અવારનવાર અનેક નુસ્ખાઓ/ પ્રયોગો કરવાનું અને તેનાં પરિણામો મેળવવાનું કર્યા વિના ચેન ન પડે. આગળ કહ્યું તેમ ગઢડાનું ખાદી-ગ્રામોદ્યોગનું કામ તો ઠીક ઠીક નામના મળી શકે તેવું ગોઠવી જ નાંખેલું. હવે શું? તેઓ બેસી રહે અને ચીલાચાલુ ઘરેડની પ્રવૃત્તિઓ કર્યે જાય તેવો તો આત્મા નહોતો. ઇંદિરાજીએ ૧૯૭૫-૭૬માં નાંખેલી દેશવ્યાપી કટોકટી વખતે પણ તેઓ બધા જ સર્વોદય વિચારકો/કર્મશીલોની સાથે સાથે કટોકટીના વિરોધમાં ઠીક ઠીક ઝઝુમ્યા હતા અને પછીથી અપાયેલી ચૂંટણી નિષ્પક્ષ રીતે થાય તે માટે એકદમ સક્રિય રીતે ભાગ લીધેલો, જેના પરિણામ સ્વરૂપ એક ચૂંટણી બૂથ ઉપર સારો એવો માર પણ પડેલો. પણ પછીથી જે જનતા સરકાર રચાઈ તેમાં તેઓને ગુજરાત રાજ્યના શીપ એન્ડ વૂલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન પણ બનાવાયા. આ ગાળા દરમિયાન પણ તેઓને દેશનો પ્રવાસ કરવાનું ઠીક ઠીક થયું. આમ, દેશ-વિદેશના પ્રવાસો ખેડ્યા તેથી તેઓની એક વિશેષ પ્રકારની દૃષ્ટિ વિકસી અને ખાસ કરીને એપ્રોપ્રિયેટ ટેક્નૉલૉજી અને બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રે તેઓનું એક વિશેષ પ્રદાન રહ્યું. ગઢડાનું સીમિત કાર્યક્ષેત્ર હવે તેઓને ઠીક ઠીક નાનું પડવા લાગ્યું. તેઓ પાસે કાર્યકરોની એક સરસ ટીમ પણ તૈયાર થઈ ગઈ હતી. જનતા સરકાર વખતે ગ્રામ વિકાસનાં કાર્યો માટે ઠીક ઠીક જોગવાઈઓ, કાયદાઓની અનુકૂળતાઓ ઊભી થઈ. એથી ગઢડાનું સીમિત કાર્ય સ્થાનિક કાર્યકરોને સોંપી હજી વધુ ઊંડાણનાં ગામડાંઓમાં જવા માટેનું આયોજન વિચારવા માંડ્યું. અને પોતે જ ગામડાંઓની પ્રવૃત્તિઓ સંભાળવા માટે જવા તૈયાર થયા. ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો ગઢડા-બોટાદને જોડતા રોડની પૂર્વ બાજુનો વિસ્તાર વિકસિત ગણાય અને પશ્ચિમ બાજુનો વિસ્તાર ઘણો જ અવિકસિત અને આર્થિક તથા સામાજિક રીતે પછાત ગણાય. તેમની નજર તો આ દબાયેલા-કચડાયેલા પાંચાળ વિસ્તાર બાજુ જ જાય તે સહજ છે. ગઢડાથી જસદણ સુધીના વિસ્તારને એક એકમ બનાવીને તેઓએ એક જબરું આયોજન કર્યું. તેમાં સૌ બૌદ્ધિકોનો સહારો પણ લીધો. ભાવનગર યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના વિદ્વાનોનો પણ સહયોગ લીધો અને માઇક્રો પ્લાનિંગ કરીને ગ્રામ વિકાસનું મૉડેલ કેવું હોય તેનો એક આદર્શ નમૂનો ઊભો કરવા આયોજન કર્યું. એ વખતે એક મોટો જુવાળ ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ ઊભી કરવા માટેનો હતો. સરકારે ઇનકમ ટેક્સની એક ૩૫ સીસીએ કલમ તળે આવાં ગ્રામ વિકાસનાં કાર્યો માટે ૧૦૦% કરમુક્ત દાન આપવાની યોજના બનાવેલી. તે અંતર્ગત ગઢડા તાલુકાના પશ્ચિમ બાજુનાં કેરાળા અને રોજમાળ ગામ અને જસદણ તાલુકાના પૂર્વ બાજુનાં આંબરડી, ગોપાલધામ અને છેલ્લે જસદણ એમ એક સાંકળમાં એકસામટી ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ, બિનપરંપરાગત ઊર્જાની પ્રવૃત્તિઓ અને નઈ તાલીમ શિક્ષણની પ્રવૃત્તિઓ શરૂ કરવાની અનુકૂળતાઓ એમને દાતાઓના અને સાથી મિત્રોના સહયોગથી ઊભી થઈ.

આ બધું કરવામાં ગુજરાતના રચનાત્મક આગેવાનો, કાર્યકરોનો વિશેષ સહયોગ અને માર્ગદર્શન એમને મળેલા. એમાં વિશેષ કરીને પૂ. વિમલાતાઈ ઠકારનો વિશેષ સ્નેહ તેમને પ્રાપ્ત થયો છે. ઉપર લખ્યા મુજબ ગોપાલધામ મુકામે ગામડાંના વિકાસ માટે યુવાનોને તાલીમ આપવા, તૈયાર કરવા, સહયોગ આપવા 'ગ્રામસ્વરાજ શિક્ષણ કેન્દ્ર'ની સ્થાપના એ એમની એક વિશેષ કલ્પના હતી. વિમલાતાઈએ આ કેન્દ્રનો પ્રારંભ કરાવીને આશીર્વાદ આપ્યા. અહીં તાઈની કેટલીયે યુવાશિબિરોના સંચાલન અને આયોજનના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય આ લખનારને પણ મળ્યું છે. ગુજરાતના પાયાના અનેક જૂના કાર્યકરો અને વડીલો રીતસર ગોપાલધામ રહેવા આવતા અને તેઓનો લાભ ત્યાં તાલીમ મેળવતા યુવાનોને મળતો. એ સૂકા અને વેરાન વિસ્તારમાં વૃક્ષારોપણ, જળસંચય-કાર્યક્રમ, શૌચાલય-કાર્યક્રમ, ગોબર ગેસ પ્લાન્ટનું વિસ્તરણ, નિર્ધૂમ ચુલ્હા, ઊર્જાનાં પ્રદર્શનો-નિદર્શનો જેવા અનેક કાર્યક્રમો/પ્રોજેક્ટ્સ એ વર્ષોમાં બહુ સરસ રીતે અમલમાં મૂકવામાં આવ્યા.

તેઓ ચીલાચાલુ પ્રવૃત્તિઓ તો કરે જ નહીં. જનતા સરકાર વખતે પુનઃ પ્રાપ્ય ઊર્જાના પ્રચાર-પ્રસાર માટે આવા

સૌ પાયાના કાર્યકરોના સહયોગ અને માર્ગદર્શનથી ગુજરાતમાં GEDA ગુજરાત ઊર્જા વિકાસ નિગમની સ્થાપના પણ થઈ હતી. આ નવો પાંચાળ વિસ્તાર સૂર્ય અને પવન ઊર્જા લણવા (Harvesting) માટે અનુકૂળ વિસ્તાર છે તેવું તેમની દૂરંદેશી દૃષ્ટિએ પારખી લીધું અને સૂર્ય અને પવન ઊર્જાના અનેક મૉડેલ્સ માટે તેમણે નવા નવા આઈડિયા આપ્યા અને સાથી કાર્યકરોએ તેને ઝીલી લીધા. એ વખતે સૂર્યકૂકરની એકદમ શરૂઆત. બારડોલીના મોહનભાઈ પરીખ અને પ્રયોગ સમિતિના અરવિંદભાઈ દેસાઈએ પણ આ ક્ષેત્રે પ્રારંભ કરેલો. છેલભાઈના માર્ગદર્શન તળે સૂર્યકૂકરનું પેટીટાઇપ લોકભોગ્ય મૉડેલ વિકસાવ્યું અને તેની કાર્યક્ષમતા વધારવા અને તેનું સ્ટાન્ડર્ડાઇઝેશન કરવા ISI માર્ક મેળવવા સુધીની પ્રક્રિયા રોજમાળ કેન્દ્રએ દેશમાં સૌ પ્રથમ પૂરી કરી. આ ઉપરાંત સોલાર પાવરના બીજાં અનેક સાધનો પણ આ કેન્દ્રમાં વિકસાવાયાં. પાણી ખેંચવાની પવનચક્કી કે જે ખેડૂતોને નાની સિંચાઈ માટે ઉપયોગમાં આવે એવી પવનચક્કીની ડીઝાઇન પણ સુધારા-વધારા કરીને વિકસાવી અને પછી તો GEDAની મદદથી ગુજરાતભરમાં તે પ્રસ્થાપિત કરવામાં આવી.

પણ હવે એક વિશેષ બાબત રજૂ કરું. ફરી કહું, તેઓ આવી ચીલાચાલુ પ્રવૃત્તિ પૂરતા સીમિત રહી શકે તેવા માણસ જ નહીં. તેમણે એક એવી પવનચક્કીની કલ્પના કરી કે જેના રોટરનાં પાંખિયાં રૉટર સાથે ફિક્સ કરીને ફિટ કરી નાંખેલાં ન હોય પણ દરેક પાંખિયાંને મીજાગરાથી એક સાઈડ જડેલી હોય અને બીજી સાઈડ ખુલ્લી હોય અને એક મોટી એક્સલ સાથે સ્પ્રિંગના દબાણ તળે જોડેલી હોય. જેને કારણે જ્યારે પવનની ગતિ વધારે પડતી વધી જાય ત્યારે પેલી સ્પ્રિંગને પણ અવગણીને પેલાં પાંખિયાંનો રોટર સાથેનો કોણ ઓછો થઈ જવા પ્રયત્ન કરે અને પવનચક્કીના રોટરમાં પવન ભરાઈને રોટરને ફેરવવાની સંભાવના ધીમે ધીમે ઓછી થતી જાય અને પવનચક્કીની ગતિ કાબુમાં આવી જાય! અને વધારે પડતું નુકશાન થતું અટકી જાય. આ વિષય અત્યંત અટપટો છે કે આમ લખાણ દ્વારા તેની સંકલ્પના રજૂ કરવી અને વાચકને સમજાવવી અત્યંત કઠિન છે. આમાં પવનની ગતિની અને રોટરનાં પાંખિયાંઓના આકાર-કર્વની ડીઝાઇન અંગેની ઍરોડાયનેમિક ગણતરીઓ પણ અસરકર્તા બને. આ લખનાર આ બધી પ્રક્રિયામાંથી પસાર થયેલ છે તેથી શક્ય તેટલું વર્ણન કરવાની ગુસ્તાખી કરી છે. આવી મસમોટી પવનચક્કીનો શાફ્ટ-પાવર ઉપરથી શાફ્ટ દ્વારા નીચે લાવીને તેના RPM વધારી-ઘટાડીને તેનો વિધવિધ ઉપયોગ કરવાનો. કેવા કેવા પ્રયોગો કરે, દા.ત. નીચે પવનચક્કીના આ પાવરથી લેથ, ડ્રીલ, ઍર કમ્પ્રેશર, ઘંટી, વૉશિંગ મશીન વગેરે ચલાવવા માટે મોટું વર્કશોપ હોય! તેઓના આ ટેક્નૉલૉજીના પ્રયોગો કોઈ સરકારી અનુદાન મેળવીને બહુ બધી સુવિધાઓ સાથેના હરગિજ નહોતા. તેઓ તો ચારે બાજુથી નકામી વસ્તુઓ/ભંગાર એકઠો કરે અને તેમાંથી અવનવાં સાધનો વિકસાવે. તેઓ જ્યાં રહેવા જાય ત્યાં આ કબાડી ભંગારના ઢગના ઢગ સાથે જ હોય!

આંબરડી ગામે જીવનશાળા નામે નઈ તાલીમની એક શાળા પણ ઊભી કરવામાં આવી જે આજે ઘેઘૂર વટવૃક્ષ સમાન બની ગઈ છે અને આ વિસ્તારનાં અનેક બાળકો/કિશોર-કિશોરીઓને શિક્ષણ આપે છે. આ શાળા શરૂ કરી ત્યારે આજુબાજુના ચાલીસેક કિ.મી.ના વિસ્તારમાં પ્રાથમિકશાળાથી આગળ અભ્યાસ કરવા માટે એક પણ શાળા ન હતી.

એમના સીધા માર્ગદર્શન અને ગઢડા-ગોપાલધામ સંસ્થાના નેજા નીચે સીધી અને આડકતરી કેટલીયે સંસ્થાઓ નિર્માણ પામી, પનપી, વિકસી, કોઈક બાળ-મરણ પણ પામી. મૂળે ગ્રામ ઉદ્યોગ મંદિર-ગઢડા. તેની શાખાઓ તરીકે ખાદી ગ્રામોદ્યોગ ભવન-બોટાદ, ગ્રામ શિલ્પ ખાદી ભંડાર-રાજકોટ, ખાદી હાટ-ગઢડા, ખાદી ભંડાર-બરવાળા, ગ્રામ સ્વરાજ શિક્ષણ કેન્દ્ર-ગોપાલધામ, ગ્રામ ઇજનેરી વિદ્યાલય-રોજમાળ, શિક્ષણ અને આરોગ્ય કેન્દ્ર-કેરાળા, ખાદી ગ્રામોદ્યોગ ભંડાર-જસદણ, સ્વામીના ગઢડાનો ખાદી ભંડાર-પ્રીતમનગરનો પહેલો ઢાળ-અમદાવાદ અને સાથી સંસ્થાઓ તરીકે જીવનશાળા-ગઢડા, જીવનશાળા-આંબરડી, જીવનશાળા-ગોપાલધામ જેવી સંસ્થાઓ સ્થપાઈ.

એમના જીવનના છેલ્લા દસકા-દોઢ દસકામાં તેમને

પારિવારિક, સામાજિક અને સંસ્થાકીય ક્ષેત્રે બહુ સંઘર્ષ વેઠવો પડ્યો. આ કારણે તેઓ છેલ્લા દસકા-દોઢ દસકામાં જાહેર કાર્યોથી લગભગ નિવૃત્ત/અલિપ્ત કહી શકાય તેવું જીવન જીવતા હતા. આ બધું વર્ણન અત્રે અપ્રસ્તુત હોઈ, માત્ર ઉલ્લેખ કરી અટકું. તેઓને નર્મદાનું ભારે આકર્ષણ. વચ્ચે કેટલાંક વર્ષ નર્મદા કાંઠે માલસર મુકામે વસવાનો પ્રયોગ પણ કરી જોયો. ત્યાં પણ નિવૃત્તિમાં રહે તો છેલભાઈ શાના? ત્યાં પણ અગાસી ઉપરની ખેતીના પ્રયોગો અને ઊર્જાના પ્રયોગો એકલે હાથે કર્યા. પણ ત્યાં એકલે હાથે ઝઝૂમવું મુશ્કેલ બન્યું અને છેલ્લાં વર્ષો તો તેઓએ ગોપાલધામમાં જ વીતાવ્યાં. ગોપાલધામ તેમનું સર્જન. ત્યાંની ગોશાળામાં ૮૬ વર્ષની ઉંમરે પણ ગયા વિના ચાલે નહીં. ગોપાલધામમાં તેઓએ એક લીમડાવન ઊભું કરેલું. તે તેમને અતિ પ્રિય. સવાર-સાંજ ત્યાં અચૂક ચાલવા જાય. પોતાનાં બધાં જ કામ જાતે કરે. એમનાં ધર્મપત્ની પ્રભાબહેન એકદમ ધર્મપરાયણ. તેમને પણ છેલભાઈ પોતાનાં અંગત કાર્યો ન કરવા દે. પોતે જાતે ચા બનાવીને પી લે, ચાનાં વાસણ પણ પોતે જ સાફ કરી નાંખે. પ્રભાબહેને પણ જીવનભર તેમનાં અનુગામિની બનીને પાતિવ્રત્ય ધર્મ બજાવ્યો છે. અંતિમ પ્રયાણ કરવાનું હતું તે દિવસે પણ પથારીમાં સુતા રહ્યા નથી. રાજકોટથી દિલીપભાઈ તે દિવસે મળવા આવેલા. તેમને જતી વખતે વળાવવા છેક ગોપાલધામના દરવાજા સુધી ચાલીને ગયા અને જાણે કે સૂઝી ગયું હોય તેમ કહ્યું કે હવે આવજો, રામ રામ! હજી દિલીપભાઈ રાજકોટ માંડ પહોંચ્યા હશે ત્યાં કોઈપણ જાતની પીડા વિના એકદમ સ્વસ્થ રીતે અંતિમ વિદાય લઈ લીધી. કોરોના સંકટને કારણે અંતિમ યાત્રા બને તેટલી મર્યાદિત રહે તેવો પ્રયત્ન કરેલો. તેમના પ્રિય એવા ગોપાલધામના લીમડાવનમાં અગ્નિદાહ આપવામાં આવ્યો અને તેઓ ગોપાલધામ કે જે એમનું સર્જન હતું, તેમાં જ વિસર્જિત થયા.

એમના જાહેર જીવનના લગભગ સાંઈઠેક વર્ષના સમયગાળામાંથી લગભગ ચાલીશેક વર્ષ આ લખનારને તેઓ સાથે રહીને તેઓના જીવન-કવનના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે અને અને તેમાં તેનાં કેળવણી અને ઘડતર પણ થયેલ છે. તેથી આ લેખ લખતી વેળા બને તેટલું તાટસ્થ્ય જાળવવા પ્રયત્ન કરેલ છે. છતાં ક્યાંય જો જરાકેય પણ હુંપણાનો ઓછાયો દેખાય તો તે માનવસહજ મર્યાદા સમજી વાચકો દરગુજર કરવા પ્રયત્ન કરે એવી પ્રાર્થના છે. મારા જીવનમાં તેઓની બહુ મોટી અસર અને પ્રભાવ. તેમની સાથે રહીને મારું જે ઘડતર થયું છે તેનું ઋણ ચૂકવવાનું આ લેખ દ્વારા નિમિત્ત બને છે તે મારા જીવન માટે એક બોજામુક્તિનું કારણ બન્યું છે.

●---------●●●--------●●●---------●

લોકભારતી, સણોસરા.

**કોડિયુંના નૂતન કલેવરના વધામણાં**

ભુજ(કચ્છ)

તા.૦૧-૧૨-૨૦૨૦

પ્રિય અરુણભાઈ અને વિશાલભાઈ,

સાદર. નવા વર્ષની હૃદયપૂર્વક શુભેચ્છાઓ.

'કોડિયું' જાણે નવો અવતાર પામ્યું છે. થોડા છેલ્લા અંકોની પ્રસ્તુતિ અને શૈલી પ્રસન્નકર બની છે. તમને સહુને ધન્યવાદ અને શુભેચ્છાઓ.

'કોરોના' કાળમાંય કેટકેટલાં કામો થયાં !

પ્રવૃત્ત રહેવું એ જ પ્રસ્તુત રહેવાની ગુરુચાવી છે.

'ગાંધીભારતી'ની રચના થઈ અને કોરોના પડકાર આવ્યો અને છતાં તેને તમે ધબકતી રાખવા પ્રયત્ન કર્યો. 'કોડિયું'માં આવતા 'સંસ્થા સમાચાર'માં જેમ વિવિધ વિભાગોને વાચા મળે છે તેમ 'ગાંધીભારતી'ના સમચારો તે શીર્ષક નીચે જ અપાતા રહે તો કેવું ? વિચારજો. 'કોડિયું' ની સામગ્રી પણ રોચક અને સુસંગત મૂકાય છે.

તમારો તંત્રી લેખ તો નજર લાગી જાય તેવો હોય છે!

આનંદ... આભાર... શુભેચ્છાઓ..

- રમેશ સંઘવી

## ટનકપુર-પૂર્ણાગિરિ

ભાણદેવજી

---

**ગતાંકથી ચાલુ...**

અમે ફરી પાછા દેવીના સ્થાન પર આવી પૂર્ણાગિરિ પર્વતની ટોચ પર બેઠા. અહીં બેઠાબેઠા ભારત અને નેપાલના દૂરદૂરના પ્રદેશો જોઈ શકાય છે. ખુલ્લા આકાશ નીચે પહાડની ટોચ પર પ્રતિષ્ઠિત આ દેવસ્થાનનું એક ઘણું વિશિષ્ટ વાતાવરણ છે. માત્ર હિમાલયમાં નહીં, પરંતુ ભારતના ઉત્તરીય વિસ્તારમાં અને નેપાલમાં સર્વત્ર આ તીર્થને ઘણું મહત્ત્વપૂર્ણ તીર્થ માનવામાં આવે છે. નેપાલમાંથી દૂરદૂરના વિસ્તારના લોકો ચાલીને આ તીર્થની યાત્રા માટે આવે છે. નવરાત્રિ દરમિયાન તો લાખો લોકો આ તીર્થની યાત્રા કરે છે.

અમે ફરી દર્શન-પ્રણામ કર્યાં. માનો પ્રસાદ લઈને અમે વળતી યાત્રાનો પ્રારંભ કર્યો. રસ્તામાં અનેક સ્થાનેથી શારદાના લાંબા પ્રવાહનાં દર્શન પણ થાય છે.

વળતાં માત્ર ઉતરાણ જ ઉતરાણ છે. અમે સડસડાટ ચાલી રહ્યા છીએ. લગભગ ચારેક વાગ્યે નીચે આવી ગયા. અહીંથી અમારે હવે જીપ દ્વારા ટનકપુર પહોંચવું છે. અમે તો બે જ જણ છીએ, પરંતુ થોડી જ વારમાં નેપાળની સરહદ બાજુથી નેપાલી લોકોનું એક ટોળું આવતું જણાયું. એક સાથે ત્રણ જીપો ઊપડી. અમે ટનકપુર પહોંચ્યા.

હવે અમારે શારદાનદી અને શારદાનદી પર બંધાયેલા વિશાળ સરોવરનાં દર્શન માટે નીકળવાનું છે. સૂર્યાસ્ત પહેલાં અમે આ શારદાનદી અને આ શારદાસરોવરનાં દર્શન માટે નીકળ્યા. મંદિરથી શારદાનદી ઘણી નજીક છે, પરંતુ નદી સુધી પહોંચવા માટે ઘણાં પગથિયાં ઊતરવાં પડે છે. નદીના પ્રવાહ કરતાં ટનકપુર ખૂબ ઊંચી જગ્યાએ વસેલું છે.

નદીકિનારે પહોંચતાં જ મન પ્રસન્ન થઈ ગયું. બિલોરી કાચ જેવું નિર્મળ જળ નદીના બંને કિનારા સુધી છલોછલ ભરેલું છે. નદીનો પ્રવાહ પણ ઘણો પહોળો છે. અહીંથી બે કિ.મી. આગળ શારદાનદી પર બંધાયેલો ડેમ છે અને અહીંથી ડેમ જોઈ શકાય છે. અહીં નદીનું સ્વરૂપ સરોવર જેવું શાંત જણાય છે. અહીં નદી અને સરોવરનું મિલનસ્થાન છે. એમ જ કહો ને કે નદી અહીં સરોવરનું સ્વરૂપ ધારણ કરે છે. ટનકપુર ઊંચી જગ્યાએ વસેલું હોવાથી આવડો મોટો ડેમ બંધાયો છતાં ટનકપુરને ખસેડવું પડ્યું નથી.

રુદ્રરૂપિણી કાલીગંગા અહીં સૌમ્યરૂપિણી શારદા બને છે. શારદા પુનઃ સરોવરરૂપિણી બને છે. સરોવરની પાર નીકળીને પુનઃ શારદા બને છે. આ શારદા આગળ જતાં સરયૂને મળે છે, સરયૂ નામ ધારણ કરે છે, પોતાનાં શારદા નામનો અને રૂપનો પણ ત્યાગ કરે છે. આ સરયૂદેવી અયોધ્યારૂપી પાવન તીર્થની યાત્રા કરીને આગળ વહે છે અને આખરે પોતાનાં નામ અને રૂપનો ત્યાગ કરીને ગંગાને મળે છે. ગંગા પણ આખરે સાગરમાં વિલીન થઈ જાય છે.

પોતાનાં નામ-રૂપનો ત્યાગ કરીને, પોતાના અહંકારનું વિસર્જન કરીને કોઈનામાં વિલીન થઈ જવાની કળા કોઈ આ લોકમાતા નદીઓ પાસેથી શીખે !

નદીકિનારે આગળ ચાલતાં-ચાલતાં અમે સરોવર સુધી પહોંચ્યા. સરોવર પર લાંબા અંતર સુધી સુંદર ઘાટ બાંધેલો છે. નિર્મળ જળનું વિશાળ સરોવર જોઈને મન પ્રસન્ન થઈ ગયું. સામા કિનારે લીલાંછમ વૃક્ષોથી લદાયેલા પર્વતો છે. સરોવરની વચ્ચે એક નાનો, સુંદર ટાપુ છે. આ ટાપુ ઉપર પણ દેવદાર આદિ સુંદર વૃક્ષોની ભરમાર છે.

સૂર્યાસ્ત થયો. આકાશ રક્તરંગી થયું. સંધ્યા ખીલી ઊઠી. રક્તરંગી આકાશનું પ્રતિબિંબ નિર્મળ જળમાં ઝિલાય છે. સૂર્યાસ્ત થયો, પણ અંધકાર ન આવી શક્યો. સામે જ પૂર્વદિશામાં ભગવાન નિશાનાથનો ઉદય થયો. સરોવરનાં નિર્મળ જળ આ ચંદ્રપ્રકાશથી ચમકી ઊઠ્યાં.

નિર્મળ જળનું વિશાળ સરોવર જોઈને મારામાં બેઠેલો

તરવૈયો ઊછળવા લાગ્યો, પણ મેં તેને સમજાવ્યો : 'ભાઈ ! સંભવ છે કે આ સરોવરમાં તરવાની મનાઈ હોય અને હવે આપણે અઢાર-વીસ વર્ષના નવયુવાન નથી, માટે શાંત થઈ જાઓ!' તેઓ શાંત થઈ ગયા, પણ મારામાં બેઠેલો ભાવક! મારામાં બેઠેલો પ્રકૃતિનો પૂજારી! તેને તો ચૂપ કરી જ ન શકાય!

સામા કિનારે દેખાતાં આ પર્વતો, આ લીલાંછમ અરણ્યો, આ પતિતપાવની શારદાનદી અને આ શારદાસરોવર, આ ટનકપુર અને ટનકપુરના મનુપુત્રો - આ સૌ પર ભગવાન નિશાનાથ પોતાની ધવલ, ઉજ્જ્વલ ચાંદની ઢોળી રહ્યા છે.

હવે રાત્રિ આવી ચૂકી છે. હવે આ સૌ ભગવાન નિશાનાથના ધવલ પ્રકાશ નીચે નિદ્રાધીન થઈ ગયા છે. સૌને નિદ્રા આવે છે અને અમને નિદ્રા કેમ નથી આવતી? હા, તેનું પણ કારણ છે.

યાદ આવે છે ગિરનાર. ગિરનાર પર દત્તશિખરની પાસે કમંડલુકુંડની જગ્યા છે. કમંડલુકુંડથી એક પહાડી પગવાટ સીધી જ બોરદેવી તરફ જાય છે. આ પગવાટ પર અડધા ગિરનારે એક ગુફા છે. ગુફાનું નામ છે ઘોરમુખાની ગુફા! આ ગુફામાં એક સાધુ રહેતા હતા. તેમનું નામ કોઈ જાણતું નથી. સૌ તેમને 'નેપાલીબાબા' તરીકે જાણતા અને બોલાવતા. એક રાત્રે તેમની આ ગુફામાં તેમની સાથે રહેવાનું બન્યું. આખી રાત સત્સંગ ચાલ્યો. સત્સંગના આ ક્રમ દરમિયાન નેપાલીબાબાએ કહ્યાનું યાદ છે :

'તીર્થ મેં રાત કે સમય સોના નહીં. તીર્થ કે દેવતા રાત કે સમય જાગ્રત હોતે હૈં, બેટે! તીર્થ કી રાત સોને મેં મત ગઁવા દેના!'

અમે કોઈપણ તીર્થમાં જઈએ ત્યારે નેપાલીબાબાનું આ વચન અમારા ચિત્તમાં ગુંજી ઊઠે છે અને આમ અમારી ઊંઘ ક્યાંક દૂરદૂર ચાલી જાય છે. આ હિમાલય! આ હિમાલય તો અથથી ઇતિ સુધી સાંગોપાંગ તીર્થ જ તીર્થ છે. આ તીર્થરાજમાં રાત્રિ ઊંઘમાં ગુમાવી દેવાનું પાલવે કેવી રીતે?

પ્રગાઢ શાંતિ પથરાઈ છે. માનવો તો સૂઈ ગયા છે. પશુ-પંખી પણ જંપી ગયાં છે. પવન પણ નિસ્પંદ થઈ ગયો છે. વૃક્ષ-વેલીઓનાં પર્ણ પણ નિઃશબ્દ છે. આ શારદાનદી પણ અહીં કેવી શાંત બની ગઈ છે! આ શારદાસરોવર તરંગહીન બની ગયું છે - જાણે મહાયોગીનું વૃત્તિમુક્ત ચિત્ત!

બહાર બધું સ્તબ્ધ છે અને હવે અંદર પણ બધું સ્તબ્ધ બની ગયું. બહાર ચંદ્રોદય થઈ ચૂક્યો છે અને હવે આંતર પ્રકાશમાં પણ ચંદ્રોદય! જે શબ્દાતીત છે તેનું શબ્દથી કથન કેમ કરવું?

સમય કેવી રીતે પસાર થયો અને કેટલો સમય પસાર થયો તે કોણ જાણે? કેવી રીતે જાણી શકે?

ઘાટ પર કોઈક સ્નાન કરી રહ્યું છે. સ્નાનમંત્રો સંભળાય છે :

ॐ आपोहिष्ठा मयोभुवः . तानऊर्जेदधातन .
महेरणाय चक्षसे ..
यो वह शिवतमो रसः . तस्य भाजयते हनः ..
उशतीरिव मातरः ..
तस्मा अरंगमामयो . यस्य क्षयाय जिंवथ .
आपोजन यथा च नः ..

સમજાયું! કોઈક સાધુ અહીં ઘાટ પર પ્રાતઃકાલીન સ્નાન માટે પધાર્યા છે!

અમે તેમનું અભિવાદન કર્યું :

'ॐ નમો નારાયણાય!'

સામેથી ઉત્તર મળ્યો :

'નારાયણ, નારાયણ!'

અમે પૂછ્યું :

'મહારાજ ! ક્યા સમય હુઆ હૈ?'

'વો તો માલૂમ નહીં, લેકિન બ્રાહ્મમુહૂર્ત હો ચૂકા હૈ.'

બ્રાહ્મમુહૂર્ત એટલે સવારના સાડાત્રણ!

સાધુ મહારાજ સ્નાન કરીને મંત્રજપ કરતાં-કરતાં પોતાના આશ્રમ તરફ ચાલ્યા. સ્નાન કરીને અમે પણ પંચમુખી શિવમંદિર તરફ પ્રયાણ કર્યું.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## અમે પામ્યા બુચત્વને!

અરુણ દવે
arunlokbharti@gmail.com

---

મારા પિતાશ્રી મનુભાઈ દવે (દવેકાકા) ત્રીજી માર્ચ ૧૯૩૯ના રોજ રાજકોટ જેલમાંથી મુક્ત થયા, અને ૨૩મી માર્ચે તો પૂ. નાનાદાદા, પૂ. મનુદાદા પાસે ગ્રા.દ.મૂ.આંબલા પહોંચી ગયા. પૂ. મૂળશંકરદાદા અને બુચદાદા થોડાં વર્ષો પછી આંબલા આવેલા. ૧૯૩૯થી ૧૯૬૨ દરમિયાન સંસ્થાઓની જરૂરિયાત પ્રામાણે આંબલા-મણાર અને સણોસરા ગામ અને સંસ્થામાં ત્રણેક વખત આવન-જાવન કરીને છેલ્લાં ચાલીસ વર્ષથી અમે આજના મકાનમાં સ્થિર છીએ. લોકદક્ષિણામૂર્તિ પરિવારના પ્રથમ પેઢીનાં તમામ દાદા-દાદીઓના ખોળામાં રમવાનું અને તેમની આંગળીએ ફરવા જવાનું પરમ સદ્ભાગ્ય મળેલું હોવાથી જ્યારથી મારાં બા-બાપુજીને ઓળખતો થયો ત્યારથી જ પૂ. બુચદાદા-પુષ્પામાસીને ઓળખવાનું સ્મરણ છે.

પૂ. બુચદાદા વિશે શું લખવું? એ લખવા, વર્ણવવા કે વખાણવાની વ્યક્તિ નહોતા. તેમને ક્યાંયથી કે શેનાયથી માપી ન શકાય! તેમને તો સહજ રીતે જ પામવાના હોય. મારી જીવન-પ્રગતિ, અભ્યાસ, કામગીરી, સગાઈ, લગ્ન વગેરેથી માંડીને.... છેલ્લે કાર્યક્ષેત્રે પડેલી વજ્રઘાતી-વિશ્વાસઘાતી અસહ્ય ઘટનાઓની આફતો વખતે, પૂરી હિંમત અને વાત્સલ્યતાથી હૂંફ આપનાર બુચદાદાએ તો મને ભવોભવનો ઋણી બનાવ્યો છે! દવેકાકાનાં તમામ સગાઓનાં નામ, કામ, સ્વભાવ, આવડત અને મર્યાદાઓથી જે વ્યક્તિ પરિચિત હોય તેમને ઘરના વડીલ સભ્ય સિવાય બીજું શું કહેવું?

ભાષા, સાહિત્ય, કવિતા, સંગીત, નાટક, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન અને ખેતી જેવા અનેક વિષયોમાં સારી એવી જાણકારી, આવડત, અભ્યાસ અને રસ ધરાવતા પૂ. બુચદાદાએ એક ન્યાયી, માનવતાવાદી અને નિયમિતતા સાથેના મૂલ્યનિષ્ઠ વહીવટકાર તરીકે પણ આદર્શ નમૂનો પૂરો પાડ્યો છે.

પરિવારોમાં સગાઈ, લગ્ન, અવસાન, જન્મ, કથા વગેરે જેવા પ્રસંગો હોય કે સંસ્થામાં જાહેરાત થયા પ્રમાણેના મહેમાન-વક્તા આવી શક્યા ન હોય, તેવા દરેક પ્રસંગે પૂ. બુચદાદા તૈયાર જ હોય. કોઈપણ પ્રકારના વિશેષ નિમંત્રણ, આગ્રહ, આવકાર, સન્માન વગેરે વગર. સહજ રીતે જ આવી જાય અને જાણે પૂર્વતૈયારી કરીને જ આવ્યા હોય તેવી રીતે પ્રસંગને પાર પાડીને ભાંગ્યાના ભેરુ બની રહે.

આજે ભણતર વગરનો ભાર શિક્ષણ જગતમાં વ્યાપક બનતો જાય છે. ત્યારે પાંચ-પાંચ દાયકા સુધી એકધારું ભાર વગરનું ભણતર ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સફળતાથી સેંકડો વિદ્યાર્થીઓને ભણાવનાર આ અધ્યાપક એમ કહે કે "હું એક પણ દિવસ, એક પણ વર્ગમાં એક મિનિટ પણ મોડો પડ્યો નથી." તો એ આજના શિક્ષકોને તો માનવુંયે મુશ્કેલ જણાય! શિક્ષણમાં સ્પર્ધા અને પરીક્ષાનો છેદ ઉડાડી દેવાની કાયમ હિમાયત કરતા પૂ. બુચદાદા, પાસ અને નાપાસ સિવાયના કોઈ ક્લાસને સ્વીકારવા તૈયાર નહોતા!

તેમનાં લખાણો, વર્ગો કે વ્યાખ્યાનો ક્યારેય ભલે આંજી દેનારા, વાહ... પોકારાવતાં કે મંત્ર-મુગ્ધ કરી દે તેવાં આકર્ષક રહ્યાં નથી. આમ છતાં તેમના પરિચયમાં આવેલ દરેકને, તેમને વાંચવા-સાંભળવા અને મળવાનું કાયમ આકર્ષણ રહ્યું, એ જ તેમનું 'બુચત્વ' ગણાવી શકાય! દરેકને એ પોતીકા સ્વજનનો અનુભવ કરાવી શકતા, એ એક કેવડી મોટી સિદ્ધિ ગણાય? ગાંધીજીને જેમણે જોયા પણ નહોતા એવા એક તેજાબી પોલીસ અફસરનો આ દીકરો આટલો

સહૃદયી હોઈ શકે, એ માન્યમાં આવે નહીં તેવી બાબત છે. ગાંધીમૂલ્યોની જીવનભર ખેવના કરનાર નખશિખ ગાંધીઅન એવા બુચદાદાએ રૂવાડાં ખડાં કરી દેનારી આઘાત જનક ઘટનાઓ : પુષ્પામાસીના, સતુના કે સુરુના અચાનક અવસાનો વખતે જે સ્વસ્થતાનાં દર્શન કરાવેલાં એ તો વિરલ ઘટના જ ગણાય. ગમે તેવી મુશ્કેલીઓ વચ્ચેય સારાસારનો વિવેક દાખવી, તટસ્થતા અને સ્વસ્થતાથી જ પોતાનાં વાણી, વર્તન અને વ્યવહાર દાખવાની આવી સમજણશક્તિ ભાગ્યે જ અન્ય કોઈમાં મેં જોઈ છે.

પૂ. પુષ્પામાસીને પાકા ગુંદાં બહુ ભાવતાં. અમારો ગુંદો વડલા જેવો વિકસેલો. સીઝનમાં સવારે જમીન પર પાકાં ગુંદાંની પથારી થાય. પૂ. બુચદાદા વાટકો લઈને ગુંદાં વીણવા આવે. ગુંદાં સાથે થોડા કાંકરા ચોટી ગયા હોય, એટલે એ ગુંદાંને સાફ કરતા જાય, પણ સાથો સાથ કાંકરાને પણ ધોઈને ફળિયામાં ફેંકતા જાય! એ ચીકણા કાંકરા કોઈને પગમાં પછી ચોંટે નહીંને એટલે! ગુંદાં અને કાંકરાને આમ સમાન ભાવે જ ધોઈ-ધોઈને યથાસ્થાને મૂકતા પૂ. બુચદાદાને પ્રત્યક્ષ અવલોકવા એ પણ એક લહાવો હતો! આને તેમની ચીકણાઈ કહેવાય કે જીવનમાં તમામ કામો પ્રત્યેની ઊંડી સૂઝભરી ચોકસાઈ કહેવાય?

ક્યારેક, કોઈને કાંઈ કહેવા-સૂચવવાનું હોય તો એટલી સહજ રીતે પ્રેમથી કહે કે કોઈને ખૂંચે નહીં, માઠું ન લાગે. વળી, શક્ય હોય તો તો રમૂજ કરીને જ કહેવાનું ચૂકે નહીં. એક વખત તેમણે એક નકામા કાગળમાંથી લોકભારતીનું એક વાઉચર આંકીને તૈયાર કર્યું. પછી નાણાં વિગતની બા.જે. માં લખ્યું કે 'વર્ગ લેવા જતાં લાકડાંના ટેબલ પર બેસતાં આવેલી ચીપટીથી ફાટેલાં ધોતિયાની સિલાઈનાં...' આમ, સંબંધિતોને આપી કોઈપણ પ્રકારનો ઠપકો-સૂચના આપ્યા વગર જ આ રમૂજ અભિવ્યક્તિ દ્વારા જ કહેવાનું બધું કહી દીધું!

મારા લેખોનાં શીર્ષકો અને અમુક અંગ્રેજી શબ્દોના વ્યવહારુ ગુજરાતીકરણ માટે હું પૂ. બુચદાદા પાસે જતો રહેતો. તેમના ઉકેલો અને સૂચનો અભ્યાસુ વૈજ્ઞાનિક જેવાં રહેતાં. મારા આવા ધક્કા ઓછા કરવાનું બહાનું ધરીને, મારા કાચા અંગ્રેજીને સુધારણા-મદદ કરવા, ખાસ પ્રકારના ત્રણ જોડણીકોશને પૂઠાં ચડાવી આપી, મારું બરાબર નામ, સરનામું લખી આપીને, વિધિવત્ મને ભેટ ધરાવા આવેલા... એ દિવસને આજે પણ યાદ કરું છું... ત્યારે ધન્ય થઈ જવાય છે! કોઈપણ અજાણી વ્યક્તિને પણ મદદરૂપ થવાની પ્રબળ મનોવૃત્તિ ધરાવતા પૂ. બુચદાદાને દીકરી સમાન શિક્ષિકા ડોરલને સહાય કરવાનું આવી પડ્યું. વાત જાણે એમ બનેલી કે ઈમરજન્સી સમયે સરકારે કાયદો કર્યો કે તમામ પ્રાથમિક શિક્ષકે પરિવાર-નિયોજનના બબ્બે કેસ ફરજિયાત લાવી આપવા. ડોલરની આ મુંઝવણભરી વાતને દાદાએ પોતાના સંદર્ભ સાથે એમ કહીને હળવી કરી આપી કે 'એક કેસ તો ઘરમાં જ છે, હવે બીજો એક કેસ શોધી કાઢીએ!'

અમે નિવાસી મકાનોના પછવાડેથી પાડોશી, એથી 'બારી ટેલિફોન'થી ઘણીવાર વાતો થાય. સવારે બારી ખોલવામાં બુચદાદાથી મોડું થાય તો અર્ચના આગલે બારણે જઈને તપાસ કરી આવે કે બધું 'ઓલવેલ' તો છે ને? આમાં એક સવારે પાડોશીની દીકરી જોડે ચિઠ્ઠી આવી કે 'ચિ.અર્ચના, ઠંડીના લીધે આજે હું બારી ખોલવાનો નથી, મઝામાં છું. ગરમ મોટો ગાઉન પહેરીને ચા પીને બેઠો છું! ધક્કો ન ખાઈશ.' આમા રમુજ સાથે જ ચોક્કસાઈ અને બીજાના સમયનો પણ વિચાર કરવા જેટલી સૂક્ષ્મ સમજણ-વિવેકનાં દર્શન થયાં છે. આમ છતાં એવું તો પાછું જણાવે કે જેથી 'દાદાનો ગાઉન' જોવાનું અર્ચનાનું કુતૂહલ તેને દાદાને મળવા તો મોકલે જ! અર્ચનાએ પછી ગાઉન પહેરેલા દાદાનાં દર્શન કર્યાં તો ખરાં પણ બારીમાં કાંઈક ઢાંકેલું જોયું. આ શું સંતાડ્યું છે? તેવા લાડકાઈભર્યા સ્વરે પૂછીને અર્ચનાએ જાતે જ ખોલીને જોયું તો તૈયાર સોપારી માવો, પૂ. દાદાએ સાચવીને ઢાંકી મૂકેલો! અહીં આવું કેમ? હસતાં હસતાં પૂ. દાદા કહે 'મને આવું સાદું વ્યસન ન ફાવે; આ તો ચિ.

ગજુભાઈ રાત્રે સૂવા આવે છે તેનો ભુલાઈ ગયો છે! એ ખાવાનો તો છે જ, તો પછી એને ફેંકી દેવામાં કે ઉઘાડો રાખવામાં શું ફાયદો?'

બૂચદાદાની નિર્દોષ, નિર્ભેળ ટીખળી બુદ્ધિને તો કોઈ ન પહોંચે. અમારા ઘર પાસે પાણીની પાઇપ લાઇન સરખી કરવા ખોદકામ થયેલું. કામ કરતાં વિદ્યાર્થીઓને મેં ખાસ સૂચના આપેલી કે અહીં બધું સરખું કરીને જ જજો, આ રસ્તે દાદા ચાલતા હોય છે. છતાં કમભાગ્યે દાદા ત્યાંથી નીકળ્યા અને લપટીને પડ્યા! છોકરાઓ અધૂરું કામ છોડીને જ જતા રહેલા. મને ઑફિસે ખબર મળ્યા એટલે દોડાદોડ ઘરે આવ્યો. અર્ચનાયે વાટકીમાં હળદર લેપ તૈયાર કરતી બહાર આવી. અમે તો હાંફળાં-ફાંફળાં દાદા પાસે પહોચ્યાં. ચારે બાજુથી સૌ ચિંતા કરતાં દોડી આવેલાં. અમે જોયું કે દિનેશભાઈ-વિમળાબહેન દાદાને હળદર લગાવીને તપાસતાં હતાં. અને દાદા હસતાં ચહેરે કહેતા હતા, 'અરે કાંઈ નથી વાગ્યું. લોહી તો નીકળ્યું જ નથી. ક્યાંય ભાંગ-તૂટ પણ થઈ નથી.' ત્યારે અર્ચનાનેય હળદર-સેવા ન કરી શકાયોનો અફસોસ જણાયો હશે કે કેમ... એ ખબર નથી, પરંતુ દાદાએ અમારી તરફ જોઈને જણાવ્યું કે 'અર્ચના, તમે એવું કરો કે જતાં જતાં પેલા ખાડાને હળદર લગાવતાં જાવ! તેને મારા હાડકાં વાગ્યાં હશે. કળ ચડી ગઈ હશે!!' અમે તો સૌ રાહતનો દમ ખેંચી ઘરે ગયાં. થોડા સમય પછી 'ખાનગી' લેબલ વાળું કવર મને મળ્યું. અંદરની ચિઠ્ઠીમાં પૂ. દાદાએ સૂચવેલું કે 'પેલા વિદ્યાર્થીઓને અત્યારે જ મળી આવ અને તેને ઠપકો આપ્યા વગર નિર્ભય કરીને સાંજે તેઓ મને મળી જાય... તેવું સૂચવજે.'

એકવીસમી સદીના એક જીવનમંત્ર તરીકે હમણાં છેક યુનેસ્કોએ 'હકારાત્મક માનવીય અભિગમ'ની હિમાયત કરી છે પરંતુ પૂ. બુચદાદાએ તો એને જીવનમંત્ર ગણીને જીવી બતાવ્યું છે. પૂ. ભાઈ અને બુચદાદાના ભાવનગર સમયગાળાનાં શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મુંબઈ ખાતે એક અભિવાદન સ્નેહ-મિલનનું આયોજન કરેલું. સૌને આ જુગલજોડી સાથે સોનેરી પળો માણવાનું આમંત્રણ પાઠવેલું. ત્યાં ચાલુ કાર્યક્રમે એક કોઈ ગણગણાટ બુચદાદાને સંભળાયો કે 'લોકદક્ષિણામૂર્તિ પરિવાર તરફથી કોઈ પ્રતિનિધિ રૂપે કેમ નથી આવ્યું? કોઈકે તો અહીં હાજરી આપવી જોઈએ.' વગેરે. મોકો મળતાં જ પૂ. દાદાએ જાહેર કર્યું કે 'લોકભારતી સંસ્થાએ આ કાર્યક્રમમાં તેમના પ્રતિનિધિ તરીકેય ખાસ મને મોકલ્યો છે... અને હું સંસ્થાવતી આ કાર્યક્રમને શુભેચ્છા પાઠવું છું.' સૌ હસી પડ્યાં. કાયમ ભરેલો ગ્લાસ જ જોવા ટેવાયેલા પૂ. દાદાના મુખે ક્યારેય કોઈની ટીકા કરતું કે ઘસાતું ઉચ્ચારણ સાંભળ્યાંનું કોઈનેય સ્મરણ નહીં હોય. સૌનું સારું જ જોનારા અને ઇચ્છનારા આ દાદા સારપના સરવાળા સમાન હતા. થોડું ઘણું જાતે સહન કરીને પણ સામેનાનો વિશેષ ખ્યાલ રાખે. બીમાર પડે એટલે તરત સૌ ખબર કાઢવા આવવા લાગે. ત્યારે સૌની ચિંતા ઓછી કરવા સામેથી જ 'બુચસવારી' કાઢે અને સામે ચડીને 'તમારી પાસે મારી ખબર કઢાવવા આવ્યો છું, તેમ કહીને સંસ્થા આખીમાં આંટો મારી લે!

છેક છેલ્લે પથારીમાં પટકાયા ત્યાં સુધી મોકો મેળવીને જાતે કામ કરી લેતા. ઘરમાંથી સંજવારી કાઢીને સૂપડીમાં કચરો ભરી અમારા વિસ્તારનાં ચારેય ઘર વચ્ચેથી પસાર થઈ ખાસ્સા દૂર ખાડામાં નાખવા જાય! કોઈ મદદ કરવા દોડી આવે કે કાંઈ કહે એ પહેલાં પોતે હસાવતાં -હસાવતાં કહી દે કે 'રોંગ સાઈડ છે!' આંખ ગયાનો અફસોસ કે રોદણાં રોવાને બદલે આટલી ગંભીર વાતને પણ હસી કાઢે, ડૉક્ટરોએ સામેથી દરખાસ્ત મૂકેલી કે બગડેલી આંખે નવી આંખ ચડાવી દઈએ. સૌને ભેગા કરીને ગંભીર સ્વરે કહે, 'જુઓ મિત્રો, હવે આ ઉંમરે મારે બીજી નથી લાવવી, તમારા માસીનાં ગયાં પછી અમસ્તોયે મને ગોઠણ (બહેનપણી)નો તો પ્રશ્ન સતાવે જ છે!'

વિદ્યાર્થીઓનાં અખૂટ પ્રેમ-લાગણી-સહાનુભૂતિ. માર્ગદર્શન અને માતૃવત્સલતાના શક્તિશાળી સ્રોત સમા પૂ. બુચદાદા મારા બારેક વર્ષના મુખ્ય ગૃહપતિકાળમાં કાયમ

મારા સલાહકાર રહ્યા. કોઈપણ મુંઝવતા પ્રશ્ને, વગર માગ્યે, સહજ રીતે ગાડી પાટે ચડાવી જાય. ક્યારેક મને સલાહની જરૂર ન લાગી હોય તેવા પ્રસંગે 'કાં ડૉક્ટર, શું ચાલે છે ? હમણાં તારી લાઈટ બહુ મોડે સુધી બળતી હોય છે! કાંઈ બહુ વાંચે છે? મારી ઊંઘના ઇન્ટરવલમાં જાગીને જોઉં ત્યારે તારી બારી જાગતી હોય છે. બોલ દોસ્ત, ગૃહનું કેમ ચાલે છે!' આમ વાત કઢાવીનેય મારું શિક્ષણ સહજ રીતે કરતા જાય. ઘરના માણસની જેમ અર્ચનાની ચા અને કાકા પાસેથી સોપારીનો જીણો ભૂકો માંગવાનું ન ભૂલે. જે છોકરા છોકરીઓને જોયાં પણ ન હોય તેમનાં માટેય એટલા ચિંતા સેવે કે આપણાને ક્યારેક નવાઈ લાગે!

એકવાર છાત્રાલયની એક વિદ્યાર્થિનીએ, ભાવનગર જઈને, લોકભારતીના જ આગલા વર્ષના એક વિદ્યાર્થી જોડે સીધાં 'કોર્ટ મેરેજ' કરી લીધેલાં! પ્રશ્ન અત્યંત ચિંતાજનક તબક્કે પહોંચેલો. મારી હિંમત અને સમજણનીયે ભારે મોટી કસોટી થયેલી. વિદ્યાર્થિનીએ મારા માથે હાથ મૂકીને સોગંદ સાથે કહેલું કે 'મેં કોઈ નિયમ-ભૂલ કરી નથી, મારા ઉપર વિશ્વાસ રાખો, અરુણભાઈ.' હકીકતે તેણે સૌને ખોટું જ કહેલું! ગૃહપતિમંડળમાં અને સંસ્થામાં 'અરુણભાઈને આ છોકરી છેતરી ગઈ...' એ પ્રચારે મારી ટીકા શરૂ થઈ. અંતે એ પ્રશ્ન તો પતાવ્યો. પણ થોડા સમય પછી ફરી પાછી એવી વાત બીજી છોકરીની આવી. 'અરુણભાઈ, તમારા સોગંદ મેં કાંઈ ખોટું કર્યું નથી.' આવી કબૂલાત એ છોકરીએ પણ કરી. પણ અમારું ગૃહપતિમંડળ હવે આવો વિશ્વાસ ન મૂકવાના અભિપ્રાયમાં હતું. અને ધાર્યા પ્રમાણે આંગણે બુચદાદાની લાકડીના ટકોરા સંભળાયા! 'કાં ડૉક્ટર, શું ચાલે છે? ફરી પાછો પ્રશ્ન બીજી દીકરીનોય થયાનું સાંભળ્યું છે, એ શું સાચું છે? તે શું વિચાર્યું છે? શિક્ષાત્મક પગલાં ભરીશ કે તેની વાત પર વિશ્વાસ રાખીશ? બોલ દોસ્ત.' મેં પૂરા વિશ્વાસ અને દઢતાથી તેમને જણાયું કે 'દાદા મૂંઝવણ તો ખૂબ જ છે આજે ઊંઘ નથી આવી. પરંતુ તમે અને ભાઈએ જે શીખવ્યું છે તે તો એમ કહે છે કે કોઈને છેતરવું ગુન્હો છે, પણ કોઈથી છેતરાવું એ ભૂલ નથી. લોકભારતીનો ગૃહપતિ વિદ્યાર્થી ઉપરનો વિશ્વાસ જે દિવસે છોડી દેશે તે દિવસે લોકભારતી છાત્રાલયકેન્દ્રી કેળવણીનો મૃત્યુઘંટ વાગી જશે. આથી હવે જે થાય તે, પણ હું તો છોકરી ઉપર વિશ્વાસ રાખીને જ ચાલીશ, અલબત્ત વાતને બે વખત ચકાસીશ જરૂર!' મને બરાબર એ ક્ષણોનું સ્મરણ આજે પણ છે... કે સાંભળીને તરત જ બુચદાદા ઊભા થઈ ગયા અને ખાસ લાક્ષણિક અદાથી લાકડીના હાથે વાંસે શાબાશી આપીને જરા ઊંચે સાદે કહે, 'અર્ચના, ચાલ મસાલેદાર ચા બનાવ. આજે આ ડૉક્ટર પાસ થઈ ગયો છે.' અમારી આંખો સજળ બની ગઈ. હું ફરીથી જાણે કોઈ પીએચ.ડી.ની ડિગ્રી મેળવતો હોઉં તેવો મને ભાસ થયો. જ્યાં જરૂર હોય ત્યાં પણ દાદા ગુસ્સો કરીને કહેતા કે વઢતા નથી એ ક્યારેક એમની નબળાઈ ગણાવાતી. તેમના દેહમાં ક્યારેય ક્રોધ, ગુસ્સો, નફરત, ટીકા, અભાવો વગેરે જેવું કશું હતું જ ક્યાં? શુભેચ્છકો, પરિવારજનો કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળવા આવતાં ત્યારે કેટલાક સાથે ખાસ 'ભાગ' લઈને આવે કોઈક પરાણે નાની-મોટી રકમ પણ તેમની પાસે મૂકતા જતા. પરંતુ આ બધું જ સ્થાનિક, છોકરા-છોકરીઓને, તેમના આ વહાલા દાદુ, જરૂર પ્રમાણે વહેંચી આપે. ક્યારેક તો ભાગ મૂકી જનાર, પછી વાનગીના સ્વાદ વિષે પૂછે તો... દાદા શું જવાબ આપે? પોતાના ભાગે રહ્યો જ ન હોય! વિદ્યાર્થીઓની જેમ તેઓ તમામને પણ ખરા દિલથી ચાહતા હતા. છેલ્લા વ્યાખ્યાનોમાં તેઓ અંત ભાવે જણાવતા 'હવે ભાઈ, ટિકિટ ફાટી ગઈ છે. એકાણું, બાણું અને હવે યમરાજ કહે છે કે તને તાણું!! પણ સાંભળો; મને મૃત્યુનો ડર બિલકુલ નથી. પરંતુ ઉતાવળેય કરવી નથી. કારણ માત્ર એટલું જ છે કે ત્યાં, સંભવ છે કે ત્યાં બધું જ હશે...પણ...પણ... ત્યાં તમે બધાં નહીં હો! એટલે જ ઝટ જવું નથી.!'

●---------●●●--------●●●---------●

લોકભારતી, સણોસરા, મો.૯૪૨૬૪૬૧૨૭૭

## મોહનિયાનું પ્રાયશ્ચિત
**વિષ્ણુ એમ. પ્રજાપતિ**

---

સવાર સવારમાં સ્કૂલમાં દોડધામ મચી ગઈ હતી.

'સાહેબ... સાહેબ...મોહનિયો નથી આઈવો...!' આ ફરિયાદ તો ગઈ કાલે'ય થઈ હતી અને હાજરીપત્રકમાં મોહનિયો તો ગઈ કાલે પણ ગેરહાજર હતો.

આદિવાસી વિસ્તારના છેવાડાના ગામની શાળામાં વિદ્યાર્થીઓની સળંગ બે-ત્રણ દિવસોની ગેરહાજરી તો સાવ સામાન્ય બાબત હતી. કેટલાય વિદ્યાર્થીઓ સ્વાદિષ્ટ મધ્યાન ભોજન કે સરકારી લાભો હોય ત્યારે સ્કૂલમાં દેખાય...! સરકારી કાર્યક્રમો અને ઉત્સવોમાં કોઈને કોઈ લાલચ આપીને આ વિદ્યાર્થીઓને બેસાડીએ ત્યારે બેસે અને જો તેમને ભણાવવા હોય તો જંગલમાં જઈ શોધવા પડે!

ગુણોત્સવ હોય ત્યારે બધા શિક્ષકોએ વિદ્યાર્થીઓ અને વાલીઓને રીતસરનું કરગરવું પડે...!

જો કે આજે તો મોહનિયાના વાલી ખુદ સામે ચાલીને સ્કૂલે આવ્યા હતા, 'સાહેબ, તમે મારા મોહનિયાને ક્યાં ભગાડી દીધો...? પાછો લઈ આલો... નહીં તો અમે પુલિસમાં જઈશું...' તેના અવાજમાં લાચારી હતી કે ધમકી, તેનો સ્પષ્ટ ખ્યાલ નહોતો આવતો.

જો કે મોહનિયાનાં મા-બાપ તો તેને સ્કૂલમાં પહેલા ધોરણમાં મૂકવા આવ્યાં'તા, તે દી પછી છેક આજે બીજીવાર નિશાળના ઓટલે ચઢ્યાં હતાં.

તે બન્ને આચાર્ય સાહેબની ખુરશી સામે સાવ લાચાર બની ઉભડક પગે જમીન પર બેસી ગયેલાં. જો કે આ રીતે જ બેસવાની આદતથી તેવો ટેવાયેલાં હતાં.

'અરે... કરમશી, તું આ સામે ખુરશીમાં બેસ...!' આચાર્ય સાહેબે તેને જમીન પરથી ઊભા થવા કહ્યું.

'ના સાહેબ, ઈ ખુરશિયું અમને નો ફાવે.... મારો મોહનિયો બે દા'ડાથી ઘરે નઈ આઈવો... માતાની બાધા પણ રાખી લીધી. વશરામભૂવાએ કીધું છે કે ઈના માથે ભૂત છે, ઈ હટે નહીં તઈ લગણ ઘરે નઈ આવે...!'

થોડીવાર રોકાઈને તે ફરી બોલ્યો, 'સાહેબ ઈ ભૂત તમે જ ચડાવેલું, એટલે તમે સંધાય અમારા મોહનિયાને પાછો લઈ આલો...!' પેલો કરમશી તો સામે બેસી હાથ જોડીને કરગરી રહ્યો હતો.

'આ ક્યું ભૂત અને કયો ભૂવો...? કરમશી, મને મોહન વિશે કંઈ ખબર નથી.' આચાર્ય સાહેબે તો પોતાના કપાળે હાથ મૂકીને તેમના ગમારવેડાં પર નાખુશી વ્યક્ત કરી.

'ઈ શું બોઈલા, સાહેબ...! ઈને તો માથે ટકલું કરાવી દીધેલું અને ઈના બાપાએ તો મારેલો...! આ તો બરાબરનો ટીપાઈ ગિયો પછી ઈને ચોખવટ કરી કે અમારા મોટા સાહેબે કીધું શ, એટલે અમે માની ગ્યેલા... અમને ઈમ કે આ ટોલા કરાવવાનું હરકારી અભિયાન હશે અને ઈમાં અમને કંઈક મળશે.. સંધાયને ફરજિયાત ટોલા કરાવવાના હશે, પણ મારા મોહનિયા સિવાય નિશાળમાં કોઈએ ટોલો નથી કરાવ્યો સાહેબ....! અને ઈ ટોલાવાળું ભૂત જ ઈને ભરખી ગ્યું શ...!' કરમશીની વહુ એટલે મોહનિયાની માંએ વિસ્તારથી કહ્યું તો આચાર્ય સાહેબને કંઈક સમજણ પડી.

આચાર્ય સાહેબ તો પોતે હસવું કે આ લોકો સામે સોગિયું મોઢું રાખવું તે નક્કી ન કરી શક્યા એટલે તેમને ટેબલ નીચે મોઢું ઘાલીને થોડીવાર સામે બેસેલાં કરમશી અને તેની વહુને ન દેખાય અને ન સંભળાય તે રીતે હસી

લીધું.

પછી મોં સહેજ ગંભીર કરી ઊંચુ કર્યું અને આચાર્ય સાહેબે તેમની પૂછપરછ શરૂ કરી, ' મોહનિયો, ક્યારથી ઘરે નથી આવ્યો?'

અને કરમશી તરત જ બોલ્યો, ' પેલા દી ઈ ટાલિયું કરી, ભાભાના વાઘા પેરી નિશાળે આઈવો'તો અને મારી હામે તો કંઈક અંતર-મંતર જેવું બોલતો'તો.... મને તાણે જ વહેમ હતો કે ઈનું ચશ્કી ગ્યું શ... પણ તમારું નામ દીધેલું એટલે એવા વેહમાં મેં નિશાળે આવવા દીધેલો. ઈને તો તે દી એવા જ વાઘા પેરી રાખેલા અને બીજા દી પણ ઈ રીતે જ ઘરેથી ગિયો ને હજુ આઈવો નહીં...'

આચાર્ય સાહેબે તો તરત જ બધા શિક્ષકોને ભેગા કર્યા અને' મિશન મોહનિયો' શરૂ કર્યું.

'આ મોહનિયાનું છે શું?' આચાર્યે તો સામે બેસેલા તેના વર્ગશિક્ષકને પૂછ્યું.

'અરે, સાહેબ, આ બીજી ઑક્ટોબરે, ગાંધી જયંતીની ઉજવણી હતી ઈમાં મારા વર્ગમાંથી કોઈ એકને ગાંધીજીની વેશભૂષા કરવા કીધેલું. મોહનિયાએ તો તરત જ કીધેલું કે મારું નામ મોહન અને મારા બાપાનું નામ કરમશી એટલે આ કામ હું જ કરીશ... અમને'ય ખબર નહોતી કે ઈના માથા પર ગાંધીજીનું ભૂત વળગશે...!'

અને ત્યાં જ મોહનિયાની માં વચ્ચે બોલી, ' હા સાહેબ, પેલો વસરામ ભૂવો કેતો'તો કે ઈના માથે ભૂત છે ઈ જ આ ધીગાજીનું ભૂત...' તેને ગાંધીજી બોલતા ન ફાવ્યું એટલે ધીગાજી થઈ ગયું અને બધા હસી પડ્યા એટલે તે ચૂપ થઈ ગઈ.

'સાહેબ, ઈને તો સાચો સાચ ટાલ કરાવી દીધી અને આપણા પ્રોગ્રામમાં ચાર ચાંદ લાવી દીધા, પેલા બાજુના શહેરના પ્રમુખ આવેલા તો ઈ એ ખુશ થઈ ગ્યેલા કે આ બાપુનો તો વટ પડે છે અને આપણો મોહનિયો પછી ક્યાંથી ઝાલ્યો'રે ઈને તો વૈષ્ણવ જન તો કહીએ... અને રામધૂન સરસ લલકારી... રેલીમાં આગળ જ ચાલતો અને શેરીના કૂતરા વાંહે પડે તો તેની લાકડી લઈને ભગાડતો, સાહેબ ઈ'નો વીડિયો જોશો તો પેટમાં દુઃખશે એવો છે... તમે હાજર હોત તો મજા પડે તેવું હતું.' પેલા શિક્ષકે વિસ્તારથી વર્ણન કર્યું.

જો કે પેલા વર્ગશિક્ષકે આચાર્ય સાહેબની ગેરહાજરીની વાત કરી તો તેમને ન ગમ્યું એટલે વાત ફેરવતા કહ્યું, 'એ રીપોર્ટ તો મેં ઉપર મોકલી દીધો છે, પણ આ મોહનિયો ગયો ક્યાં...?'

મોહનના વર્ગશિક્ષકે ફરી કહ્યું, 'સાહેબ, ગઈકાલે સવારે વહેલો ઈ ગાંધીજીના વેશમાં જ આવેલો અને આખી નિશાળમાં કચરો સાફ કરેલો... ધૂન ગાયેલી... લાઇબ્રેરીમાંથી બે પુસ્તકો મેં ઈને ચાર દિવસ પહેલાં આપેલાં તો ઈમાંથી ભગવદ ગીતાનું પુસ્તક તો ઈના હાથમાં જ હતું... ઈ કે'તો'તો કે મેં 'સત્યના ઉપયોગો' પણ વાંચી લીધું છે.'

'સત્યના ઉપયોગો નથી પ્રયોગો છે.... ગુણોત્સવમાં ધ્યાન રાખજો, આમ ઇજ્જતના ભવાડા ન કરતા..!' આચાર્યે તરત જ તેમની ભૂલ સુધારતા કહ્યું.

'મને પણ સાચે આપણો મોહનિયો, મોહનદાસ કરમચંદ ગાંધી બની ગયો હોય તેવું જ લાગતું હતું. કાલે સવાર પછી ઈ તો અધવચ્ચે જ સ્કૂલેથી ચાલી ગયેલો અને મને એમ કે આપણા ગાંધીબાપુ છે એમને થોડાં રોકાય....!' વર્ગશિક્ષકે મજાકના સૂરમાં કહ્યું.

'પછી એ ઘરે નથી ગયો તો મોહનિયો ગયો ક્યાં...?' આચાર્ય સાહેબે ટેબલ પર હાથ પછાડ્યો.

'સાહેબ, વસરામભૂવાને અહીં જ લાવો... હાલ દાણા નાખીને કે'શે કે મોહનિયો છે ચ્યાં..?' મોહનની માંને તો હજુ વસરામભૂવામાં વધુ વિશ્વાસ હતો.

'એક કામ કરીએ, આપણે આખા ગામમાં ફરી આવીએ...!' આચાર્યએ બધા શિક્ષકોને હુકમ કર્યો.

'સાહેબ, હું સંધેય ફરી આઈવો શું... રાતે'ય ઘરે ન આવે એવું કોઈ દી બને નઈ... મોહનિયો તો સાવ ફટ્ટુ છે... રાતે સામે શેઢે મૂતરવા'ય જાય એમ નથી..' કરમસીએ

તેની વાત કરતાં કહ્યું.

'તો પોલીસને બોલાવીએ...' આચાર્ય સાહેબે ફોન હાથમાં લીધો...

અને ત્યાં જ મોહનિયો સામે દરવાજામાં પ્રગટ થયો. એ જ તેની ગાંધીજીની વેશભૂષામાં... માથે ટાલ... હાથમાં લાકડી... પોતડું ને હાથમાં ભગવદ ગીતા...

તેની માં તેની પાસે જવા ઉભી થઈ ત્યાં આચાર્ય સાહેબે તેને રોકી અને તેમને જ પૂછ્યું, ' મોહનિયા, ક્યાં ગ્યો તો...? બધા તારી કેટલી ચિંતા કરતા હતા.'

મોહને તો શાંતચિત્તે જવાબ આપ્યો, 'પ્રાયશ્ચિત કરવા.'

'હેં' બધાના મોંએથી એક જ અવાજ નીકળી ગયો!

'મેં સત્યના પ્રયોગો વાંચ્યું, એટલે મને સમજાયું કે ગાંધીબાપુ બનવું બહુ અઘરું છે. પહેલાં તો પોતાના પાપ ધોવા પડે અને પછી પુણ્ય કમાવું પડે.' મોહનિયો તો કોઈ આધ્યાત્મિક ગુરુ હોય તેમ વાત કરી રહ્યો હતો.

'તો તેં શું કર્યું?' આચાર્ય સાહેબ તેને પૂછી રહ્યા હતા.

'મેં ગલીના કૂતરાંઓ, અબોલ પશુઓ વગેરેને અવારનવાર દુ:ખ પહોંચાડ્યું છે એટલે એક દિવસ નકોરડાં ઉપવાસ કર્યો... નદીમાં આખી રાત ઊભો રહ્યો અને મારા પાપોને મેં સ્વીકાર્યાં.' મોહન હજુ શાંત ચિત્તે કહી રહ્યો હતો.

'કેવાં પાપો...?' આચાર્ય તેની આંખોમાં પ્રગટેલા મોહનને ઓળખી રહ્યા હતા.

'મેં મારા વર્ગશિક્ષકના પાયજામામાં એક્વાર કુવેચ (ખંજવાળ લાવે તેવી વનસ્પતિ)નો પાવડર નાંખીને તેમને બે દિવસ ખંજવાળતા કરી દીધા હતા... સાહેબ તમારી ગાદીમાં ક્યારેક કાંટા વાગતા હતા તે હું જ મૂકતો હતો... પેલી સરકારી ગાડી આવી'તી તેના ટાયરોની હવા મેં જ કાઢી નાંખી હતી.' એમ કહીને મોહન એક પછી એક પોતે કરેલી બધી ભૂલો સ્વીકારી રહ્યો હતો.

આચાર્ય સાહેબ આજે તેની આંખોમાં હકીકતમાં ગાંધીબાપુના દર્શન કરી રહ્યા હતા તે તેને શાબાશી આપવા ઊભા થયા.

આ મોહનિયો આજે ખરેખર મોહનદાસ ગાંધી બની પાછો ફર્યો હતો.

પણ મોહન તેનાં માં-બાપ બાજુ ગયો અને બોલ્યો, ' બાપુ, હું કેટલીયવાર રાતે તમારી ચલમમાંથી ધુમાડા ખેંચી લઉં છું... અને માંઈ, તારા બટવામાંથી મેં ઘણીવાર પૈસા ચોરેલા... આપણા કુળદેવતાના પેલા પૈસા ચોરાયેલા તે મેં જ ચોર્યા'તા... બાપુ, મને માફ કરો... આ ગાંધીબાપુ બન્યો અને તેમની આત્મકથા વાંચી એટલે ખબર પડી, ખરેખર ગાંધી બનવું એટલે શું ? હવે હું આવી ભૂલો નહી કરું.' એમ કહી મોહન તેમને પગે લાગ્યો.

પણ આ માં-બાપને આ પ્રાયશ્ચિત શબ્દની ગતાગમ પડે ક્યાંથી...? તેના બાપુએ તો તેના હાથમાંથી લાકડી લીધી અને બરાબરની ફટકારી, 'નખ્ખોદ જાય તારા ધીગાજીનું અને તેના ભૂતનું... નિશાળે આવીને તને આવું શીખવાડ્યું...!'

અને ત્યાં તેની માં પણ બોલી, 'ઈ વશરામભૂવા જોડે જ લઈ જાવ તો જ તેનું મગજ ઠેકાણે આવશે... નહીં તો આ ટાલકાવાળું ભૂત મારા દીકરાને ભરખી જાહે....!'

આચાર્ય તેમને સમજાવવા નજીક ગયા પણ મોહન બનવા નીકળેલો મોહનિયો ગાંધીવેશમાં જ માર ખાતો ખાતો ઘર તરફ ભાગ્યો.

અને આચાર્ય સાહેબ મનોમન બબડયા, 'મોહનિયા, તારું પ્રાયશ્ચિત ખરેખર વંદનીય છે, આપણા ખાદીધારીઓ કે દેશવાસીઓ પણ તારી જેમ એક વાર પ્રાયશ્ચિત કરે તો ગાંધીબાપુના જન્મદિવસની ઉજવણી સાર્થક ગણાય... પણ આ સત્યના પ્રયોગો સહેલા થોડા છે..??!!'

કડી, મોબાઈલ નં. ૯૮૨૫૮૭૪૮૧૦

## ૧૩. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૯ના રોજ સાંજના નલિનભાઈ પંડિત સાહેબની વાડી-સીદસર મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગર દ્વારા આયોજિત નવી શિક્ષણ નીતિ સેમિનારમાં ભાગ લેવા માટે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યાં. આ સેમિનારમાં IITE યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ તથા GCERTના ડાયરેક્ટર શ્રી ટી. એસ. જોષી સાહેબ અને દિહોર સરકારી આયુર્વેદિક દવાખાનાના પ્રસિદ્ધ વૈદ શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગરના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા કેટલાયે શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.
- લોકભારતીના પૂર્વ નિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર તેના પરિવાર સાથે તા.૧૨ના રોજ શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેમજ પૂર્વકાર્યકર શ્રી દિનેશભાઈ ભટ્ટનો પરિવાર પણ શુભેચ્છા મુલાકાતે આવી ગયો.
- સંવત ૨૦૭૭ના નવા વર્ષ નિમિત્તે તા.૧૬ના રોજ અન્નપૂર્ણા રસોડે શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન રાખવામાં આવ્યું, જેમાં બંને વડીલોએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી, શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાની પ્રવૃત્તિઓ અને ધ્યેયોનો વર્તમાન પરિસ્થિતિ સંદર્ભે તેને અનુરૂપ અને આપણાં મૂલ્યોને સાચવીને કેવો બદલાવ લાવવો શક્ય છે તે અંગે સૌને ચિંતન કરવા અનુરોધ કર્યો.
- તા.૨૧ના રોજ દિહોર સરકારી આયુર્વેદિક દવાખાનાના પ્રસિદ્ધ વૈદ શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- થોડા સમયથી આપણા અરણેજ કૃષિ કેન્દ્ર ઉપર વિસ્તરણની પ્રવૃત્તિઓનો પ્રારંભ કરેલ છે અને ત્યાં એક નિદર્શન-પ્રદર્શન કેન્દ્ર ઊભું થઈ રહ્યું છે.
- આગળના કોડિયું સમાચારોમાં જણાવ્યું છે તેમ આપણે B.Voc. નામનો એક ત્રિવર્ષીય ડીગ્રી કોર્સ શરૂ કરવા જઈ રહ્યા છીએ. તેમાં Organic Farming અને Food Proccessingના બે ટ્રેડમાં ૨૫-૨૫ સીટ્સ નિર્ધારિત કરેલ છે. ઓન લાઇન પ્રવેશ પ્રક્રિયા પૂરી કરી અને બંને ટ્રેડમાં પૂરી પૂરી જગ્યાઓ ભરાઈ ગઈ છે.
- લોકભારતીના શુભેચ્છક શ્રી મહેન્દ્રસિંહજી પરમાર તેના પરિવાર સાથે તા.૨૯ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- શ્રી અરુણભાઈ દવે ગાંધીભારતી, બી.વૉક., ફાયર સેફ્ટી અને પડતર જમીનોને નવસાધ્ય કરવાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહ્યા. ત્રણે સંસ્થાઓમાં ઘઉંના વાવેતર સંદર્ભે વિશેષ ધ્યાન આપીને એ કામ પૂર્ણ કર્યું. તા.૦૯મી એ ડૉ. નલિનભાઈ પંડિતસાહેબની વાડીએ આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટીના કુલપતિશ્રી સહિતના શિક્ષણવિદો સાથેની ગોષ્ઠિમાં ભાગીદારી કરી. તા. ૧૩મી એ શિક્ષણમંત્રીશ્રી વિભાવરીબહેન દવે સાથે દક્ષિણામૂર્તિ-ભાવનગર ખાતે યોજાએલ નવી શિક્ષણ નીતિના પ્રાથમિક

કક્ષાના અમલીકરણ સંદર્ભના જાગૃતિ કાર્યક્રમ અંગે આયોજન કર્યું. તા.૨૫મીએ માઈધાર કેન્દ્રની મુલાકાત લઈ કુમાર છાત્રાલયના બાંધકામ અને ઓનલાઈન શિક્ષણ સંદર્ભે જરૂરી બેઠકો કરીને માર્ગદર્શન આપ્યું. દિવાળીની રજાઓમાં ભૂતપૂર્વ કાર્યકર પરિવારો અને વિદ્યાર્થી-પરિવારોની શુભેચ્છા મુલાકાતોથી એકંદરે સારી વ્યસ્તતા રહી.

- તા.૨૬ના રોજ વિજ્ઞાનનગરી ભાવનગર અને ગૂજકોસ્ટ, ગાંધીનગર દ્વારા આયોજિત વિજ્ઞાન શિક્ષણમાં સંશોધનાત્મક વલણની ખીલવણી વેબિનારમાં અધ્યાપન મંદિરના અધ્યાપકોએ ભાગ લીધો.

**આંબલા સમાચાર**

- તા.૧૬ના રોજ નુતન વર્ષના પ્રભાતે આંબલામાં શ્રી લાલજીભાઈની નિશ્રામાં સ્નેહ મિલન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી ફાજલભાઈ, શ્રી મેહુલભાઈ લવતુકા, સરપંચશ્રી કાનજીભાઈ, પરિવારજનો, ગ્રામજનો, શુભેચ્છકો સારી એવી સંખ્યામાં હાજર રહેલ. શ્રી રાજુભાઈ વાળાએ આવકાર આપેલ તેમજ શ્રી વાઘજીભાઈ કરમટિયાએ આભારવિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અમિનભાઈએ કરેલ.
- ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને માઈક્રોટીમસથી ઓનલાઈન શિક્ષણ રાબેતા મુજબ ચાલે છે.
- આંબલા સંસ્થાની બાલવાડીના ચોકીદાર શ્રી ગવુભાઈ ગોહિલનું આંબલા મુકામે દુઃખદ અવસાન થતાં સમગ્ર પરિવારે તેમને શ્રદ્ધાંજલિ પાઠવેલ.
- લોકભારતીના કાર્યકર શ્રી રાણાભાઈ લવતુકાના પિતાની સ્મશાન યાત્રામાં શ્રી વાઘજીભાઈ કરમટિયા અને શ્રી રાજુભાઈ વાળા જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- તા.૦૫ના રોજ શ્રેષ્ઠશાળા એવોર્ડની મૂલ્યાંકન કમિટીના સભ્યો ઈ.ટી.શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી પાંડેસાહેબ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિ તથા બી.એમ. કોમર્સના આચાર્યશ્રી પરેશભાઈ ત્રિવેદી તથા તેમની ટુકડીના સભ્યો સંસ્થા મુલાકાતે આવી ગયા.
- છાત્ર-છાત્રાઓની ચોથી માસિક કસોટીના પરિણામ તેમને ઓનલાઈન આપવામાં આવ્યા.
- તા.૨૬ના રોજ સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે મા.રાષ્ટ્રપતિશ્રીના વાંચન સાથે તમામ કર્મચારીઓએ સોગંધ લીધા આ ઉપરાંત ૧૯૬ છાત્ર-છાત્રોઓને આ બાબતે જાણકારી આપવામાં આવી.
- સંસ્થાની ખેતીમાં આ શિયાળુ મોસમમાં ૩૦ એકરમાં લોક-૧ના બ્રીડરસીડનું વાવેતર કરવામાં આવ્યું. ગોશાળા માટે લગભગ ૩ એકરમાં રજકાનું વાવેતર કરવામાં આવ્યું.
- નવનિર્મિત કન્યા છાત્રાયલના બાંધકામનું કામ ચાલી રહ્યું છે.
- કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં પશુઓના આહાર માટે અઝોલાનો પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યો છે. હાલ તેના પરિણામો પ્રોત્સાહક છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ વ્યવસ્થાપકોની કમિટી આંબલા મુકામે મળી ગઈ. રોજબરોજના પ્રશ્નોની ચર્ચા અને નિરાકરણ તથા આગામી આયોજન વિષે વિચારણા કરવામાં આવી.






દાદા, તમારી ગિફ્ટ એટલે તો... તમારું સપનું સાકાર કરવું એ જ ને...?







વ્હાલા દર્શકદાદાના જન્મદિવસે વિધિવત ઉદ્‌ઘાટિત થતા

આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર: ગાંધીભારતી અને બી.વૉક. અભ્યાસક્રમ




TO.

**From :**

**Registered** *BVR/151/2018-2020, RNI No. GUJ/1763-57*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-